5BGA2

# “પરિશ્રમની કેડીએ”

## ભાગ - ૩



લેખક :

**છોટુભાઈ જી. પરમાર**

ડીસ્ટ્રીબ્યુશન પ્રમોટર

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

અમદાવાદ

5BGP2

# પરિશ્રમની કેડીએ

## ભાગ-૩

લેખક

**છોટુભાઈ જી. પરમાર**

ડીસ્ટ્રીબ્યુશન પ્રમોટર
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી,
અમદાવાદ.

પ્રકાશક :

**ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી**
**ગુજરાત કૉલેજ પાસે, એલિસબ્રિજ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ટેલિ. ૨૬૪૪૫૨૮૧**

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

★ પરિશ્રમની કેડીએ ભાગ - ૩

★ પ્રથમ આવૃતિ

૭ ઓગસ્ટ - ૨૦૦૫

★ લેખક :

છોટુભાઈ જી. પરમાર

★ નકલ : ૧૦૦૦

★ મૂલ્ય રૂા. ૧૫.૦૦

★ પ્રકાશક :-

ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી

ગુજરાત કૉલેજ પાસે, એલિસાબ્રિજ,

અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ટેલિ. ૨૬૪૪૫૨૮૧

gtbs_1852@yahoo.co.in

★ મુદ્રક :

**જેન્સન કૉમ્પ્યુટર્સ,**

૨, મહાવીર એસ્ટેટ, ભગત ધાણા દાળની સામે,

અનુપમ થીએટર પાછળ, ખોખરા, અમદાવાદ - ૮.

ફોન - ૦૭૯ - ૩૦૯૧૩૦૫૭

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

II

સ્વ. મેબલબેન જોનભાઈ ક્રિશ્ચિયનની
સ્નેહ સ્મૃતિમાં દિકરી મિલ્કાબેન જોનભાઈ ક્રિશ્ચિયન
તરફથી રૂા. ૫૦૦૦/-નું દાન



સ્વ. મેબલબેન જોનભાઈ ક્રિશ્ચિયન
જન્મ સ્થળ: કેરીપુર
મરણ તારીખ: ૨-૩-૧૯૯૫, નડિયાદ

સ્વ. પિતા ગણેશભાઈ લાલજીભાઈ પરમાર
સ્વ. માતા નાથીબાઈ ગણેશભાઈ પરમાર
સ્વ. ભાઈ અંબાલાલ ગણેશભાઈ પરમાર
ના સ્મરણાર્થે
શ્રી છોટુભાઈ જી. પરમાર તરફથી
રૂા.૫૧૧૧/- દાન
પરિશ્રમની કેડીએ ભાગ-૩ના પ્રકાશન માટે



**પિતા:** સ્વ. ગણેશભાઈ લાલજીભાઈ પરમાર
જન્મ સ્થળ: મહુધા
મરણ તારીખ: ૨૫-૪-૨૦૦૦, નડિયાદ

**માતા:** સ્વ. નાથીબાઈ ગણેશભાઈ પરમાર
જન્મ સ્થળ: કરોલી, તા.મહેમદાવાદ
મરણ તા.: ૫-૧૧-૧૯૮૮, મહુધા તાલુકો નડિયાદ

**ભાઈ:** સ્વ. અંબાલાલ ગણેશભાઈ પરમાર
જન્મ તા.: ૨૫-૫-૧૯૬૦, મહુધા
મરણ તા.: ૧૦-૨-૨૦૦૫, વડોદરા

# પ્રકાશકના બે બોલ

પરિશ્રમની કેડીએ "ભાગ-૩" તમારા હાથમાં મૂકતા આનંદની લાગણી અનુભવું છું. શ્રી છોટુભાઈ પરમાર ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીમાં છેલ્લાં પચ્ચીસ વર્ષથી ડિસ્ટ્રીબ્યુશન પ્રમોટર તરીકે સેવાઓ આપે છે.

આ અગાઉ તેમના આજ શિર્ષક હેઠળ બે ભાગ પ્રસિધ્ધ થયેલ છે. શ્રી છોટુભાઈ પરમારની પાસે લખવા માટેની સામગ્રી ઘણી છે. તેઓ તમામ વિષયો પર પોતાના વિચારો રજૂ કરતા રહ્યા છે.

'ખ્રિસ્તબંધુ'માં તેમના પ્રસિધ્ધ થતા લેખોની આ ત્રીજી હારમાળા છે. તેમના તમામ વિષયોને તપાસતા જ માલુમ પડે છે કે, છોટુભાઈ પાસે વિચારોનો ખજાનો છે.

ઉપરાંત તેઓએ આ સંસ્થામાં રહીને પચ્ચીસ વર્ષો સુધી એકધારી સેવા આપેલ છે. તેથી આ બેવડા આનંદના અવસરે પુસ્તક પ્રકાશન અને સેવાની લાંબીયાત્રાના સંદર્ભમાં ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી તેમને સર્વ શુભેચ્છા પાઠવે છે તથા અભિનંદન પણ આપે છે. હવે પછી પણ તેમની વિવિધ પ્રકારની સેવાઓ ચાલુ રહેશે એજ આશા તથા પ્રાર્થના છે.

**સાહિત્ય સેવા સદન**
**એલીસબ્રીજ**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૬**

**પ્રેમભાવથી**
**રેવ. હેમંતકુમાર જે. પરમાર**
**સેક્રેટરી**
**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**

# લેખકના બે બોલ

હું કોણ?

કે અતિ પવિત્ર, ન્યાયી અને ઉદ્ધારક પ્રભુ ઈસુ ખ્રિસ્તના જીવન વિશે અને માનવી જીવનમાં તેમના અતૂટ પ્રેમ વિશે લખું! પણ હૃદયમાં પવિત્ર આત્મા દ્વારા પ્રેરણા જાગી, અને ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી દ્વારા પ્રસિદ્ધ થતા ખ્રિસ્તીબંધુનાં માનનીય તંત્રી શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન સાથેની સંગત અને પ્રાર્થના મારફતે ખ્રિસ્તીબંધુમાં આર્ટિક્લ લખવા માટે પ્રેરણા અને ઉત્તેજન પૂરાં પાડ્યાં. એટલું જ નહિ પ્રથમ આર્ટિક્લ 'અર્પણ' એપ્રિલ ૧૯૮૬ ખ્રિસ્તીબંધુમાં જે ત્રૂટીઓ હતી તે તેમણે સુધારીને પ્રસિદ્ધ કર્યો. જેનો સારો આવકાર અને અભિનંદન તંત્રી, સ્ટાફ અને શુભેચ્છક મિત્રો તરફથી મળ્યાં. હૃદય આનંદથી ઊભરાઈ ગયું. જેની શરૂઆત સારી તેનો અંત પણ સારો, એમને એમ ત્યાર પછી ઉત્તરોત્તર તંત્રીની સહાય અને મિત્રોની શુભેચ્છાથી આજદિન સુધી છપાતા રહ્યા. તેના અમુક સંગ્રહ થતાં પુસ્તકના રૂપમાં પ્રસિદ્ધ કરવાનો વિચાર પણ પવિત્ર આત્માએ આપ્યો. હું લાભ્યો તેનો લાભ બીજાઓને પણ મળે એ શુભ આશયથી પ્રાર્થના, પરિશ્રમ અને રાતદિવસની મહેનતનું ફળ પુસ્તક સ્વરૂપે બહાર પાડવામાં ત્રિએક ઈશ્વરે પુષ્કળ કૃપા આપી. તેમના નામને જ માન, મહિમા અને ગૌરવ હો.

હાલના ખ્રિસ્તીબંધુના તંત્રી માનનીય શ્રી આલ્બર્ટ ભાભોરની દોરવણી, સૂચનો અને માર્ગદર્શન ખૂબ જ અસરકારક રહ્યાં. મિત્ર તરીકે પણ પૂરો પ્રેમ અને સહકાર આપ્યો અને અમુક આર્ટિકલ તેઓશ્રીએ પણ પ્રસિદ્ધ કર્યા તેથી તેમનો પણ ઋણી છું.

જેમ આમોસ પ્રબોધક નહોતો તેમ હું પણ પ્રબોધકનો દીકરો નહોતો. પણ તે તો ગોવાળિયો તથા ગુલ્લર વૃક્ષોનો સોરનાર હતો. એ જ રીતે હું પણ એક ખેતમજૂર - ખેતરમાં કામ કરનાર તથા ઈંટો પાડનાર તથા પકવનાર હતો. ત્યાંથી ઈશ્વરે મને બોલાવી લીધો અને કહ્યું કે હું ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીમાં સાહિત્ય દ્વારા સુવાર્તા પ્રચારના કાર્ય માટે તને પસંદ કરું છું અને મેં તે સેવા તેની અજાયબ જેવી કૃપામાં સ્વીકારી અને આજ સુધી પ્રભુ મારા 'યહોવા-યિરેહ' રહ્યા છે. તેમને લાખો લાખ ધન્યવાદ.

આ પુસ્તકનું નામ 'પરિશ્રમની કેડીએ' રાખવામાં આવ્યું છે. કારણ કે જીવનનાં કપરા સંજોગો, સંઘર્ષ અને પુષ્કળ પરિશ્રમ કરીને અને ૨૫ વર્ષની સાહિત્યની સેવામાં

પણ ચઢાવ-ઉતાર અને સારા નરસા પ્રસંગોમાંથી, અકસ્માતોમાંથી પ્રભુએ બચાવ્યો, ઘડતર કર્યું અને મારા જેવા નકામા પાત્રને પ્રભુએ તેની દ્રાક્ષાવાડીમાં વિશ્વાસુ ગણીને આજ સુધી ટકાવી રાખ્યો. તેમની પ્રતીતિ સાથે અને ખાસ કરીને પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. વિપત્તિમાં પણ પ્રભુ કદી મૂકી દેતા નથી. એવો અજાયબ અનુભવ અને ખાતરી તથા આ પુસ્તક લખવાની ખરી સહાય અને પ્રેરણા પવિત્ર આત્માથી જ છે.

પરિશ્રમની કેડીએ ભાગ-૧ના પ્રકાશન સમયે સ્વ.ભગવતપ્રસાદ સાહેબની હાર્દિક શુભેચ્છા હતી કે આવનાર દિવસોમાં શ્રી છોટુભાઈ પરમાર વધુ ભાગ પણ બહાર પાડશે. આજે એ તેમનું સ્વપ્ન સાકાર થતાં તે સમયે તેમનું આપેલું વ્યક્તવ્ય "ઔર આગે બઢો" સાકાર થતાં ભાગ-૨ સને ૨૦૦૦માં અને ભાગ-૩ ટ્રાક્ટ સોસાયટીમાં ૨૫ વર્ષની સેવા દરમ્યાન આજરોજ ખ્રિસ્તી પ્રજા સમક્ષ ખુલ્લું મુકતાં આનંદ અને આભારની લાગણી વ્યક્ત કરૂં છું. આ સમયે તેઓશ્રીનો અને હાલના સેક્રેટરી રેવ. હેમંતકુમારં પરમાર સાહેબ, પ્રમુખ રેવ. આર.સી. માસ્ટર સાહેબ તથા રેવ. નિકોલસ જી. પરમાર સાહેબ તથા મારાં ધર્મપત્નિ મિલ્કાહ અને બન્ને પુત્રો અર્પણ - આશિષનો આભાર અને પુસ્તક પ્રકાશન માટે ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીનો આભાર.

તા.૭-૮-૨૦૦૫

છોટુભાઈ જી. પરમાર
નડિયાદ.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | નાતાલ સ્તુતિ અને આરાધનાનું પર્વ | ૧ |
| ૨. | નવા વર્ષનું પ્રતિબિંબ | ૩ |
| ૩. | સર્વોચ્ચ ઈશ્વરનો અદ્‌ભુત પ્રેમ | ૫ |
| ૪. | આનંદી હૃદય | ૭ |
| ૫. | શાંતિના સરદાર પ્રભુ ઈસુ ખ્રિસ્ત | ૯ |
| ૬. | સહનશીલ વિરલાઓ | ૧૧ |
| ૭. | માયાળુપણું | ૧૩ |
| ૮. | મનુષ્ય પ્રત્યે ઈશ્વરની ભલાઈ | ૧૫ |
| ૯. | વિશ્વાસુપણુ (વફાદારી) | ૧૭ |
| ૧૦. | નમ્રતા | ૧૯ |
| ૧૧. | સંયમ (આત્મસંયમ) | ૨૧ |
| ૧૨. | પવિત્રઆત્મા અને પાળકીય સેવા | ૨૩ |
| ૧૩. | ક્રિસમસ "સ્તુતિ અને મહિમાનું પર્વ" | ૨૫ |
| ૧૪. | નવીન વરસમાં નવું માણસપણું | ૨૭ |
| ૧૫. | વધસ્તંભનું સામર્થ્ય અને વિજય | ૨૯ |
| ૧૬. | ચેતવણી | ૩૧ |
| ૧૭. | પ્રભુભોજન અજોડ યાદગીરી સાથે અદ્‌ભુત કરાર (૧-૨) | ૩૩ |
| ૧૮. | બે ખાલી કબરો (૧-૨) | ૩૬ |
| ૧૯. | હતાશાઓથી ઘેરાયેલાં માનવી જીવનમાં ઈશ્વરની મદદ (૧-૨) | ૩૯ |
| ૨૦. | જીવન અને મરણ | ૪૨ |
| ૨૧. | બારણું બંધ થાય તે પહેલાં | ૪૪ |
| ૨૨. | અદ્‌ભુત બચાવ ગજબ સાક્ષી (૧-૨) | ૪૬ |
| ૨૩. | માતાપિતાની સંતાનો પ્રત્યેની ફરજો (૧-૨) | ૪૮ |

૨૪. ડાઘ (૧-૨) ૫૧
૨૫. અદેખાઈ (૧-૨) ૫૩
૨૬. જુવાની એક તાલંત ૫૫
૨૭. નાતાલ પર્વમાં ભુલાઈ જવાતું ઈસુનું નામ ૫૭
૨૮. આપઘાત શા માટે ૫૯
૨૯. સમુહ પ્રસાર માધ્યમો અભિશાપ કે વરદાન ૬૧
૩૦. યુવક-યુવતીઓના સળગતા પ્રશ્નો ૬૩
૩૧. કુટુંબ - મંડળી - સમાજ ૬૫
૩૨. નવી ઉત્પત્તિ ૬૭
૩૩. પુનરૂત્થાનમાં મરણનાં ડંખ ઉપર વિજય ૬૯
૩૪. સાસુ એ સાચે જ માતાનો પર્યાય છે. (૧-૨) ૭૧
૩૫. નવીન વર્ષમાં પડકારોને ઝીલી લઈએ ૭૩
૩૬. દેવનું રાજ્ય પાસે આવ્યું છે. ૭૫
૩૭. ઈસ્ટરની તારીખો (સૌજન્ય) ૭૭
૩૮. અગત્યના બનાવો. ૭૯
૩૯. સાહિત્ય સદનની ગરીમા ૮૧
૪૦. સ્વતંત્રતા ૮૩
૪૧. સ્ત્રી અજોડ પાત્ર ૮૫
૪૨. ત્રણ સમરૂની પાત્રો ૮૭

# નાતાલ-સ્તુતિ અને આરાધનાનું પર્વ

*"પરમ ઊંચામાં દેવને મહિમા થાઓ, તથા પૃથ્વી પર જે માણસો વિષે તે પ્રસન્ન છે તેઓને શાંતિ થાઓ." લૂક ૨:૧૪*

આજથી બે હજાર વર્ષ પૂર્વે બેથલેહેમની નમ્ર ગભાણમાં જગતઉદ્ધારક પ્રભુ ઈસુ ખ્રિસ્તનો જન્મ થયો. ત્યારે પૂર્વથી જે માગીઓ તારાને જોઈને તેની પાછળ પાછળ બેથલેહેમ આવ્યા ત્યારે તેઓએ યરૂશાલેમમાં આવીને પૂછયું કે યહુદીઓનો જે રાજા જન્મ્યો છે તે ક્યાં છે? કેમ કે પૂર્વમાં તેનો તારો જોઈને અમે તેનું ભજન કરવા આવ્યાં છીએ ત્યારે એ સાંભળીને હેરોદ રાજા ગભરાયો અને તેની સાથે આખું યરૂશાલેમ પણ ગભરાયું પરંતુ અહીં બીજા અન્ય પાંચ પાત્રની બાઈબલમાં નોંધ લેવામાં આવી છે કે તેઓ ગભરાતા નથી પણ તેને બદલે તેઓ આનંદ, સ્તુતિ અને આરાધના કરતા જોવા મળે છે કારણ કે તેઓ આવનાર મસીહ-જગતના તારનારની વાટ જોતા હતા અને તે યોગ્ય સમયે પૃથ્વી પર દેવ હોવા છતાં માણસની સાથે વસ્યા. ત્યારે અત્યારની પેઢી આ નાતાલના પર્વમાં ખ્રિસ્ત જયંતિનો આનંદ અલગ રીતે માણે છે. જેને માટે નાતાલ ઉજવવાની છે તેને બાજુ પર મૂકીને નાતાલના આનંદનો અતિરેક એટલો બધો વધી જાય છે કે તેની સ્તુતિ, તેનું પૃથ્વી પર આવવાનો હેતુ બાજુ પર રહી જાય છે. અને અલગ અલગ પાંચ રીતે આ ખ્રિસ્તીજયંતિનો આનંદ વ્યક્ત કરે છે. (૧) ડ્રેસ (૨) ડેકોરેશન (૩) ડીનર (૪) ડ્રીન્ક (૫) ડાન્સ. તેની સરખામણીમાં ઉપરોક્ત પાંચ જ પાત્રોની વાત કરી તે તરફ થોડી દષ્ટિ કરીએ અને આપણે કેવી રીતે તેની સાથે અનુરૂપ થઈએ છે કે નહિ તે જોઈએ.

**એલિસાબેતની સ્તુતિઃ** (લુક ૧:૩૯ થી ૪૪) ઈસુની મા મરિયમ ઝખાર્યાને ઘરે જઈને એલિસાબેતને સલામ કહે છે ત્યારે તેની સલામ સાંભળીને બાળક તેના પેટમાં કૂદે છે ત્યારે તે પવિત્ર આત્માથી ભરપૂર થઈને મરિયમને મોટો ઘાંટો પાડીને કહે છે કે સ્ત્રીઓમાં તને ધન્ય છે. એ કૃપા મને ક્યાંથી કે મારા પ્રભુની મા મને મળવા મારી પાસે આવી તેને જોઈને તે પ્રભુની સ્તુતિ આરાધના કરે છે.

**મરિયમની સ્તુતિઃ** (લુક ૧:૪૬ થી ૫૪) મરિયમ સ્તુતિ કરતાં કહે છે મારો જીવ પ્રભુને મોટો માને છે. અને દેવ મારા તારનારમાં મારો આત્મા હરખાય છે. કારણ કે તેણે ગરીબ પર દયા કરી છે. તેણે તેની દાસીની દીનાવસ્થા પર દયા કરી છે અને તેને લીધે હરખમાં ઘેલી બની જઈ સ્તુતિ આરાધના કરે છે.

**ઝખાર્યાની સ્તુતિઃ** (લુક ૧:૫૭) એલિસાબેતના દહાડા પૂરા થયા અને તેનો દીકરો થયો ત્યારે પડોશીઓએ, સગાંસ્નેહીઓએ હર્ષ પામીને કહ્યું પ્રભુએ તેના પર મોટી કૃપા કરી છે. અને આઠમે દહાડે સુન્નત કર્યા પછી તેના બાપને તેનું નામ પાડવા ઈશારો કર્યો ત્યારે તેણે પાટી મંગાવીને તેના પર "યોહાન" નામ લખ્યું અને સર્વ અચંબો પામ્યા અને તરત તેનું મોં ઊઘડી ગયું અને તેની જીભ છૂટી થઈ ગઈ અને તે દેવની સ્તુતિ કરવા લાગ્યો.

**દૂતોની સ્તુતિઃ** (લુક ૨:૧૦ થી ૨૪) દૂતે તેઓને કહ્યું બીહો મા કેમ કે હું મોટા આનંદની સુવાર્તા તમને કહું છું કેમ કે તમારે માટે એક તારનાર જન્મ્યો છે. પછી દૂતની સાથે આકાશી સેનાનો સમુદાય પ્રગટ થઈ દેવની સ્તુતિ કરવા લાગ્યો.

**શિમયોનની સ્તુતિઃ** (લુક ૨:૨૫) ત્યારે જુઓ શિમયોન નામે એક માણસ યરૂશાલેમમાં રહેતો હતો તે ન્યાયી અને ધાર્મિક માણસ હતો. તે ઈઝરાયેલના દિલાસાની વાટ જોતો હતો અને પવિત્ર આત્માએ તેને જણાવ્યું કે પ્રભુના ખ્રિસ્તને જોયા પહેલાં તું મરશે નહિ. તે આત્માની પ્રેરણાથી મંદિરમાં આવ્યો હતો ત્યારે મરીયમ અને યુસફ ઈસુને મંદિરમાં લાવ્યા હતાં. તેને જોઈને દેવની સ્તુતિ અને આરાધના કરી.

✪✪✪

# નવા વર્ષનું પ્રતિબિંબ

જેમ માણસના ચહેરાની આબેહૂબ છબી પાણીમાં પડે છે તેમ માણસના હૃદયનું પ્રતિબિંબ સામા માણસ પર પડે છે.વળી દેવ કહે છે. માણસનું હૃદય કપટી અને ભૂંડું છે તેને કોણ જાણી શકે? પ્રભુ દરેકને તેના નિર્માણ કર્યા પહેલા એટલે દાઉદ ગીતકર્તા કહે છે હું મારી 'મા'ના પેટમાં હતો તે પહેલાં મારો ગર્ભ તારી આંખોએ જોયો છે. એમ જ ઝાડ જેમ પોતાના ફળથી ઓળખાય છે. તેમ માણસનું જીવન તેનાં કાર્યોથી ઓળખાય છે. માટે જૂના વર્ષમાં આપણે જે ભૂલો, પાપ, ઈશ્વરને ન ગમતી સર્વ પ્રકારની બાબતો કરી છે તો તેને તજીને નવા પ્રતિબિંબ તરીકે આગળ આવવાની જરૂર છે. સંત પાઉલ કહે છે. જે પછવાડે છે તે વિસરીને અને જે આગળ છે તેની તરફ ધાઈને ખ્રિસ્ત ઈસુમાં દેવના સ્વર્ગીય આમંત્રણના ઈનામને વાસ્તે આગળ વધુ છું. આપણે માણસો તરીકે ક્યા પ્રકારનું ઈનામ મેળવવા આગળ વધ્યા છીએ? મંડળી, સમાજ અને જગતમાં ખુરશીની ખેંચતાણમાં ગળાડૂબ હરણફાળ ભરી રહ્યા છીએ, પછી ભલેને બીજા કોઈને નુકસાન થાય, માનહાની થાય, બાઇબલનું શિક્ષણ બાજુ પર મૂકીને બે પ્રકારનું જીવન જીવવામાં આપણે પાવરધા બની ગયા છીએ.

- ખ્રિસ્તી જીવન એક દોડ સમાન છે. જૂનું વર્ષ પ્રભુની કૃપામાં પુરું કર્યું અને નવા વર્ષના પ્રથમ દિવસે બીજા વર્ષની મજલ શરૂ કરીએ છીએ ત્યારે પ્રથમ વળગી રહેનાર પાપ નાખી દઈએ અને નવા સંકલ્પ સાથે નવી આશા સાથે ખ્રિસ્તે ઠરાવેલી શરતમાં આપણી રીતે નહિ પણ પ્રભુની રીતે ધીરજથી દોડીએ. હેબ્રી ૧૨:૧

- નવા વર્ષમાં નવી દિશા પારખી શકાય માટે પ્રાર્થના સાથે આગળ વધીએ. જેમ દાઉદે કહ્યું કે હે યહોવા તારા માર્ગ વિષે મને જણાવ અને તારી વાતો શીખવ જેથી તારું વચન મારા પગોને સારું દીવારૂપ અને મારા માર્ગોને સારુ અજવાળારૂપ બની રહે.

આ જગતમાં આપણે બધા મુસાફર છીએ - ઉગમણાનો બીજો અર્થ પૂર્વગમ

થાય છે. ઈસુના જન્મ સમયે માગીઓએ યરૂશાલેમ શહેરમાં આવીને પૂછ્યું કે યહુદીઓનો જે રાજા જન્મ્યો છે તે ક્યાં છે? કેમ કે પૂર્વમાં તેનો તારો જોઈને અમે તેનું ભજન કરવા આવ્યા છીએ. માગીઓએ નવી આશા સાથે નવા સંકલ્પ સાથે પૂર્વમાં ઉગેલા નવા પ્રકાશિત તારાને જોઈને તેમની મુસાફરી શરૂ કરી અને તેમના જીવનનો અંતિમ ધ્યેય હાંસલ કરી પોતાના જીવનમાંથી અંધકાર દૂર કરી શકયાં. શું આપણે જૂના વર્ષમાં અંધકારમાં કરેલાં દૂષ્ટ કાર્યો પ્રભુના સામર્થ્યમાં દૂર કરી નવો પ્રકાશ લાવવા માગીએ છીએ!

- નવા વર્ષમાં આપણા તેમજ એકબીજાના ભાર ઊંચકીને ખ્રિસ્તનો નિયમ સંપૂર્ણ પાળવાની વાતમાં શું આપણે આગળ વધવા માંગીએ છીએ? ગલાતી ૬:૨. જેમ સમુદ્રમાં મોટાં વહાણો અને જહાજો, વજન કે ભાર વગર દરિયાઈ સફર સહેલાઈથી કરી શકાતું નથી કેમ કે પવનના સુસવાટા તેને દિશા બદલાવી શકે છે એમ જ ખ્રિસ્તી મુસાફરીમાં જગતની ઝંઝાવાતો, આપણા પોતાના અને બીજાના ભાર વગર ખ્રિસ્તના ધારેલા નિશાનથી બીજી દિશામાં લઈ જઈ શકે છે. માટે આ નવા વર્ષમાં આપણે એકબીજાના ભાર ઊંચકીએ અને એમ ખ્રિસ્તની સાથે ધીરજથી દોડીએ.

✪✪✪

# સર્વોચ્ચ ઈશ્વરનો અદ્ભુત પ્રેમ

*"વ્હાલાઓ, આપણે એકબીજા ઉપર પ્રેમ રાખીએ, કેમકે પ્રેમ દેવથી છે, અને જે પ્રેમ કરે છે તે દરેક દેવથી જન્મેલો છે, તે દેવને ઓળખે છે.*
*યોહાનનો પહેલો પત્ર. ૪:૭*

કોઈ એક પ્રભુના સેવકે કહ્યું છે કે જો પૃથ્વી પરના બધા જ સમુદ્રો શાહી બની જાય, અને દરેક ઝાડની એક કલમ બની જાય અને ઈશ્વરના પ્રેમસંબંધી લખવામાં આવે તો પણ તે ઓછું પડે એટલો અદ્ભુત ઈશ્વરનો પ્રેમ છે. ધર્મશાસ્ત્રમાં ઉત્પત્તિથી પ્રકટીકરણ સુધી દરેક પાન ઉપર માણસ સાથેના ઈશ્વરના અજોડ પ્રેમ વિશે લખવામાં આવ્યું છે. એટલે કે યશાયાના પુસ્તકમાં આ પ્રમાણે લખવામાં આવ્યું છે કે શું માતા પોતાના ધાવણા બાળકને ત્યજી દે? હા, કદાચ તે ત્યજી દે પણ હું કદી ત્યજી દઈશ નહિ અને તેની પરિપૂર્ણતા યોહાન ૩:૧૬માં જોવા મળે છે દેવે જગત પર એટલી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો. પ્રભુ માનવસ્વરૂપે પૃથ્વી પર આવ્યા અને કાલવારીના વધસ્તંભ ઉપર આપણા માટે પોતાને ખાલી કર્યા. રૂમી ૫:૮ મુજબ પણ આપણે જ્યારે પાપી હતા ત્યારે ખ્રિસ્ત આપણે સારું મરણ પામ્યો એમ કરવામાં દેવ આપણા પર પોતાનો પ્રેમ પ્રગટ કરે છે. ઈશ્વર જુદા જુદા પ્રસંગોમાં પ્રેમ દર્શાવે છે.

(૧) પ્રિચિંગ (૨) ટીચીંગ (૩) હીલીંગ = ઈશ્વરનો અદ્ભુત પ્રેમ.

**દુઃખમં પ્રગટ કરેલો પ્રેમ** - ઘણાં માંદાઓને સાજા કર્યા સાથે મરણમાંથી પણ સજીવન કરીને પોતાનો પ્રેમ પ્રગટ કર્યો દા.ત. માર્થા મરિયમના એકના એક ભાઈ લાજરસને મરણમાંથી ઉઠાડ્યો અને તેમના શોક, રુદન, વિલાપને આનંદમાં ફેરવી દીધા. ઈશ્વર માનવીનાં દુઃખમાં દુઃખી થાય છે ભાગ લે છે અને પોતાનો પ્રેમ દર્શાવે છે.

**(૨) સંકટમાં મદદ કરનાર પ્રેમ** - ગીતશાસ્ત્રમાં લખ્યું છે તેમ ઈશ્વર - ગીતશાસ્ત્ર

૪૬:૧ સંકટને સમયે તે હાજરાહજૂર મદદગાર છે. કાના ગામમાં લગ્ન પ્રસંગે કુટુંબમાં મોટું સંકટ આવ્યું દ્રાક્ષારસ ખૂટી ગયો, ઈસુ ત્યાં હાજર હતા. પ્રથમ ચમત્કાર કરી કુટુંબમાં જે સંકટ હતું તે દૂર કરી તેને આનંદમાં ફેરવી દીધું. પોતાનો પ્રેમ પ્રગટ કર્યો.

**(૩) હતાશામાં બતાવેલો પ્રેમ** - પ્રભુના ભક્ત એલિયાએ અરણ્યમાં રોતેમવૃક્ષ તળે બેસીને મોત માંગ્યું. કારણ કે તે ઈઝેબેલથી ખૂબ ગભરાયો હતો. તેનો જીવ નાશમાં જશે એ ભયથી તે હતાશ થઈ ગયો. પણ દેવનો પ્રેમ તેની સાથે હતો. તેને અરણ્યમાં શેકેલી રોટલી અને પાણી પૂરાં પાડ્યાં અને તેના પ્રતાપથી ચાલીસ દિવસ ચાલીસ રાત ચાલીને દેવના પર્વત હોરેબ પહોંચ્યો. કેટલો મહાન ઈશ્વરનો પ્રેમ.

**(૪) પડોશી પ્રેમ** - પહેલી આજ્ઞા પ્રભુ તારા દેવ પર તું તારા પૂરા હૃદયથી ને તારા પૂરા જીવથી ને તારા પૂરા મનથી પ્રીતિ કર અને બીજી આજ્ઞા જેવી પોતા પર તેવી પોતાના પડોશી પર તું પ્રીતિ કર. માથ્થી ૨૨. એક પંડિતે ઈસુનું પરીક્ષણ કરતાં કહ્યું, અને ઈસુએ તેને પડોશી પ્રેમ સમજાવવા એક ભલા સમરૂનીનું દૃષ્ટાંત આપ્યું કે જેણે એક વટેમાર્ગુને લૂંટારાના હાથમાં પડેલાનો કેવી રીતે મદદ કરી અને પડોશી પ્રેમ બતાવ્યો તે વિશે જણાવતાં તેને પણ એ રીતે કરવા જણાવ્યું. આ છે કૃત્યમાં દર્શાવેલો પ્રેમ, ૧ લો યોહાન ૩ અને ૪ મુજબ. જેણે પોતાના ભાઈને જોયા છતાં તેને પ્રેમ નથી કરતો તો ઈશ્વરને જેણે જોયો નથી તેને કેવી રીતે પ્રેમ કરી શકે ?

**(૫) આગાપે પ્રેમ** - દેવે માણસ ઉપર અગાધ પ્રેમ કર્યો છે. તેણે વધસ્તંભ પર પોતાને ખાલી કર્યા અને આપણને દોષમુક્ત કર્યા. સારા માણસ માટે કોઈ મરવાને છાતી ચલાવે પણ આપણે જ્યારે પાપી હતા ત્યારે ખ્રિસ્ત આપણા માટે મરણ પામ્યા એમ કરવામાં દેવ આપણા પર પોતાનો દૈવી પ્રેમ પ્રગટ કરે છે. આ મહાન પ્રેમ છે. વ્હાલાઓ, આપણે એકબીજા પર પ્રેમ કરીએ - હવે પૃથ્વી પર વિશ્વાસ આશા અને પ્રીતિ ત્રણે ટકી રહે છે પણ તેઓમાં પ્રીતિ શ્રેષ્ઠ છે. (પહેલો કોરંથી ૧૩:૧૩) આપણને પ્રભુ આ પ્રેમ વિશે સમજવા તેમની અખૂટ કૃપા આપો.

✪✪✪

# આનંદી હૃદય

*પ્રભુમાં સદા આનંદ કરો. (ફિલિપીઓને પત્ર ૪:૪)*

જેમ સિક્કાની બે બાજુ છે તેવી જ રીતે મનુષ્યજીવનમાં આનંદ અને નિરાશા બંને સાથે સાથે જાય છે. ખ્રિસ્તીજીવનમાં જો બધુ સમુસુતર પાર પડે તો આનંદ થાય છે. પણ જો કોઈક અણધારી મુશ્કેલી ઊભી થાય તો હતાશા, નિરાશા અને ઈશ્વર પ્રત્યે ફરિયાદોનો કોઈ પાર રહેતો નથી. પ્રભુ ક્યારેય કોઈને દુઃખી કે નિરાશ થવા દેતા નથી. તેનાં ઉત્પન્ન કરેલાં બાળકો હંમેશા સુખશાંતિ અને આનંદમાં રહે એવું ઈચ્છે છે. સ્ત્રીજન્ય મનુષ્ય અલ્પાયુ અને સંકટથી ભરપૂર છે. તે ફૂલની પેઠે ખીલે છે, અને કાપી નાંખવામાં આવે છે બાઈબલ કહે છે "આનંદી હૃદય સૌથી ઉત્તમ ઔષધ છે." હૃદયમાં જો પ્રેમ, અને કરુણા હશે તો જ મુખ પર હંમેશા આનંદ જોવા મળશે, પણ જો હૃદયમાં ક્રોધ, કપટ, દુર્વાસના, નિંદા, અદેખાઈ અને ભૂંડા વાનાં હશે તો આનંદને નિરાશા અને હતાશામાં ફેરવી દેશે. માનવી જીવનમાં આનંદ કરવાના ઘણાં ઘણાં પ્રસંગો ઈશ્વર આપે છે જેવા કે લગ્નનો આનંદ, કુટુંબમાં બાળકનો આનંદ, ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરવાનો આનંદ, માનમોભાનો આનંદ; ભૌતિકવાનાંનો આનંદ, પણ એ ક્ષણિક હોય છે, થોડા સમય માટે મર્યાદિત હોય છે. પણ આત્મિક આનંદ સર્વકાળ ટકે છે. એટલે જ બાઈબલ કહે છે જો એક પાપી પસ્તાવો કરે અને પ્રભુ પાસે આવે તો સ્વર્ગમાં દૂતો અને ઈશ્વરને આનંદ થાય છે. આપણે ફક્ત સારા પ્રસંગોમાં જ આનંદ કરીએ એમ નહિ, પણ ફિલિપી ૪:૪ મુજબ દરેક સંજોગો અને બાબતોમાં. પ્રભુમાં આનંદ કરવાની વાત ચાહે માઠા પ્રસંગો પણ કેમ ન હોય? જેવા કે માંદગી, વિયોગ, દુઃખ વગેરે.

**અયૂબનો આનંદઃ** તેનું સર્વસ્વ લૂંટાઈ ગયું છતાં તેણે તેના મુખે દેવની સ્તુતિ કરતાં કહ્યું.યહોવાએ આપ્યું, અને યહોવાએ લઈ લીધું. તેના નામને ધન્ય હો. તે સઘળામાં અયૂબે પાપ કર્યું નહિ પણ દેવને મહિમા આપ્યો. અયૂબ ૧:૨૧.

**પિતાનો આનંદઃ** લુક ૧૫:૨૪ મુજબ કેમ કે આ મારો દીકરો મૂઓ હતો તે

પાછો જીવતો થયો છે તે ખોવાયેલો હતો પણ, પાછો જડયો છે, પછી તેઓ આનંદ કરવા લાગ્યા. ઉડાઉ દીકરાએ બદફેલીમાં બધું ખરચી નાંખ્યા પછી પિતાને ઘેર કંગાળ તથા બેહાલ પરિસ્થિતિમાં પાછો આવ્યો. તેને ઠપકો આપવાને બદલે આવકારી આનંદ કર્યો.

**સ્ત્રીનો આનંદઃ** કઈ સ્ત્રી એવી હોય કે તેની પાસે દશ અધેલી હોય તેઓમાંથી એક અધેલી ખોવાઈ જાય. તો તે દીવો કરીને ઘર નહિ વાળે? અને જડે ત્યાં સુધી શોધ નહિ કરે, અને તે મળે ત્યારે તેની સખીઓને અને પડોશીઓને બોલાવીને આનંદ નહિ કરે.

**ઘેટાંના માલિકનો આનંદઃ** જો તેને સો ઘેટાં હોય, અને તેઓમાંનું એક ખોવાયું હોય તો પેલાં નવ્વાણુંને રાનમાં મૂકીને ખોવાયેલું જડે ત્યાં લગી તેની શોધમાં નહિ જાય? અને તે જડે ત્યારે પોતાની ખાંધ પર ચઢાવીને ઘરે લાવીને પોતાના મિત્રો અને પડોશીઓને બોલાવી આનંદ નહિ કરે? કેમ કે તે કહેશે કે મારું ખોવાયેલું ઘેટું મળ્યું છે. એમ જ ન્યાયીઓને પસ્તાવાની અગત્ય નથી, તેઓના કરતાં એક પાપી પસ્તાવો કરે તેને લીધે આકાશમાં આનંદ થશે. લુક ૧૫ઃ૩ થી ૮.

**બી વાવનારનો આનંદઃ** જે કોઈ મુટ્ઠીભર બી લઈને રડતો રડતો વાવવા જાય છે, તે પોતાની સાથે પૂળીઓ લઈને ખચીત આનંદભેર પાછો આવશે. આકાશનું રાજ્ય બી સમાન છે. તે માણસના જીવનમાં કાર્ય કરે છે અને સારી ભોંયમાં પડેલા બી જેમ સોગણા સાઈઠગણા ફળ આપે છે અને તે રીતે દેવને આનંદ થાય છે. તમારામાં મારો આનંદ રહે અને તમારો આનંદ સંપૂર્ણ થાય એ માટે મેં તમને એ વચનો કહ્યાં છે. યોહાન ૧૫ઃ૧૧ પ્રભુ આ વચનો દ્વારા આપણા જીવનથી આનંદ પામે.

✪✪✪

# શાંતિના સરદાર પ્રભુ ઈસુ ખ્રિસ્ત

*"આપણને પુત્ર આપવામાં આવ્યો છે. તેની ખાંધ પર રાજ્યાધિકાર રહેશે, અને તેને અદ્‌ભુત મંત્રી, પરાક્રમી દેવ, સનાતન પિતા, ને શાંતિનો સરદાર એ નામ આપવામાં આવશે. દાઉદના રાજ્યાસન ઉપર ને તેના રાજ્ય ઉપર તેને ઈન્સાફ તથા ન્યાયીપણાથી તે સમયથી તે સદાકાળ સુધી સ્થાપવા તથા દૃઢ કરવા સારું તેની સત્તાની વૃદ્ધિનો તથા શાંતિનો પાર રહેશે નહિ. યશાયા ૯:૭.*

આજે વિશ્વ અને માનવજાત શાંતિ ઝંખે છે, પણ ક્યાંય શાંતિ જોવા મળતી નથી. વિશ્વના દેશો શાંતિના કરારો કરે છે ખરા, પણ એ નિષ્ફળ જાય છે. માનવજાત પાપને કારણે પ્રસૂતાના જેવી પીડા ભોગવી રહ્યું છે. દેશ-દેશ વિરુદ્ધ, પ્રજા-પ્રજા વિરુદ્ધ, કુટુંબ, સમાજમાં અનેક પ્રશ્નો મોંઘવારી આર્થિક સમસ્યા વિગેરેને કારણે સમગ્ર વિશ્વમાં અશાંત પરિસ્થિતિ નજરે જોવા મળે છે - રાજકીય પક્ષો સત્તા હાંસલ કરી પોતાનું ધાર્યું કરવામાં કેટકેટલા પ્રપંચો ઘડી કાઢી આખું વાતાવરણ અશાંત બનાવી સમસ્યાઓ ઊભી કરી લોકો તેમાં રચ્યાપચ્યા રહે છે. રાત્રે તેઓ શાંતિથી ઊંઘી શકતા નથી અને એમ ક્ષણભંગુર જીવન ક્યારે પૂરું થઈ જાય છે અને કશું પણ સિદ્ધ કર્યા વગર માણસનું જીવન ખલાસ થઈ જાય છે. દુનિયાને જીતવા નીકળેલો મહાન સિકંદર પોતાના કાર્યક્ષેત્રમાં નિષ્ફળ ગયો તેણે કહ્યું હું ખાલી હાથે આવ્યો હતો અને ખાલી હાથે દુનિયા છોડી જાઉં છું. કેવી કરુણતા! આવા સમયે એક માત્ર શાંતિ આપનાર જેને યશાયા ભવિષ્યવેત્તાએ ઉપરોક્ત વિશેષણો આપ્યાં. એ જ એક માત્ર ઈસુ સમગ્ર વિશ્વાસનો શાંતિદાતા છે. પૃથ્વીમાં કેટલાય રાજાઓ આવીને ગયા કોઈએ કશું સિદ્ધ કર્યું નહિ.

**પ્રભુ ઈસુના જન્મ સમયે શાંતિઃ** લુક ૨:૧૪ પરમ ઊંચામાં દેવને મહિમા થાઓ તથા પૃથ્વી પર જે માણસો વિશે તે પ્રસન્ન છે તેઓને શાંતિ થાઓ.

**ઈસુના સેવાકાર્યમાં શાંતિઃ** પૃથ્વી ઉપર તેત્રીસ વર્ષ રહીને તેમાંય માત્ર ત્રણ વર્ષના સમયગાળામાં દરિદ્રીઓ આગળ સુવાર્તા પ્રગટ કરી. બંદીવાનોને છૂટકો,

આંધળાઓને દૃષ્ટિ પામવાનું જાહેર કરવા, ઘાયલ થયેલાઓને છોડાવવા તથા પ્રભુનું માન્ય વરસ પ્રગટ કરવા અને માણસોને તેઓના પાપમાંથી મુક્ત કરી નવું જીવન આપવા સિવાય બીજું કશું એમણે કર્યું નહિ અને લોકો એ સમયમાં આ એમના સેવાકાર્યથી શાંતિ અનુભવતા હતા. લુક ૪:૧૮.

**માણસ સાથે સમાધાનમાં શાંતિઃ** એદનવાડીમાં પાપને કારણે ઈશ્વર સાથેનો તૂટેલો સંબંધ વધસ્તંભ દ્વારા પુનઃસ્થાપિત કરી તેમનું કાર્ય પૂરું કર્યું. માત્થી ૧૦:૩૪ મુજબ પૃથ્વી પર શાંતિ કરાવવાને હું આવ્યો છું. એમ ન ધારો, શાંતિ તો નહિ પણ તરવાર ચલાવવાને હું આવ્યો છું. અને એ શેતાન સામે તરવાર ચલાવી તેને વધસ્તંભ ઉપર કચડી નાંખી માણસ સાથે સમાધાન કરી શાંતિનું સામ્રાજ્ય સ્થાપ્યું. તેથી જે બાબતો શાંતિકારક છે, તથા જે વડે આપણે એકબીજામાં સુધારોવધારો કરી શકીએ એવી બાબતોની પાછળ આપણે લાગુ રહેવું.

**ઈશ્વરમાં રહેલી શાંતિઃ** જ્યારે આપણે પ્રભુભોજનના મેજની આગળ જઈએ છીએ ત્યારે "પ્રભુનું શરીર અને લોહી" દ્રાક્ષારસ અને રોટલીના રૂપમાં લીધા પછી પાળક સાહેબ કહે છે કે શાંતિથી ઊઠો, શાંતિથી જાવ, અને શાંતિનો દેવ તમારી સાથે રહો. એમ પ્રભુ ઈસુના જીવન, મરણ અને પુનરુત્થાનમાં અને એમના સેવાકાર્યમાં જે અદ્ભુત શાંતિ છે તે આપણાં જીવનોમાં સદાકાળ રાજ કરે. એજ પ્રાર્થના!

✪ ✪ ✪

# સહનશીલ વીરલાઓ

તમારી સહનશીલતા સર્વ માણસોના જાણવામાં આવે. ફિલિપીઃ ૪ઃ૫. વળી બાઈબલ કહે છે કે માણસ સહન ન કરી શકે એવું કંઈ પરીક્ષણ તમને થયું નથી. વળી દેવ વિશ્વાસુ છે, તે તમારી શક્તિ ઉપરાંત પરીક્ષણ તમારા પર આવવા દેશે નહિં. પણ તે સહન કરી શકો માટે પરીક્ષણ સાથે છૂટકાનો માર્ગ પણ રાખશે. ૧લો કોરંથી ૧૦ઃ૧૩ પવિત્ર આત્માનાં ફળોમાં સહનશીલતાનું મહત્ત્વ ઘણું છે તે ખૂબ જ અગત્યનું ફળ છે. નમ્રતા અને સહનશીલતા સિક્કાની બે બાજુ સમાન છે. ઘણી વખત સાચા અને નિર્દોષ માનવીને પણ વિનાકારણ સહન કરવું પડ્યું છે. એના અનેક દાખલા બાઈબલમાં જોવા મળે છે. આજે કુટુંબ સમાજ-મંડળીમાં જાતજાતની પ્રવૃત્તિઓ - પ્રોજેક્ટો અને વહીવટ કરવામાં પ્રાર્થનાનું મહત્ત્વ ઘટી રહ્યું છે. (પાઉલ) સંત પાઉલ ઈસુ ખ્રિસ્ત પછી દુઃખ સહન કરવામાં બીજે નંબરે આવે. તેને લીધે તેને દેવનો પસંદ કરેલો પ્રેરિત કહેવામાં આવે છે. સુવાર્તાને લીધે એની ત્રણ મુસાફરીઓમાં અને મંડળીઓ બાંધવામાં દુઃખ સહન કરવામાં એની તોલે કોઈ આવે એમ નથી અને ખ્રિસ્તને ખાતર એ બધાને કચરો ગણીને સહન કરતાં કરતાં સ્વર્ગીય ઈનામને વાસ્તે આગળ ધસીને કહે છે. મેં મારી દોડ પૂરી છે, હું સારી લડાઈ લડ્યો છું.

**મૂસાઃ** મિસર દેશની ગુલામીનાં દેશમાંથી ઈસ્ત્રાએલી પ્રજાને કનાન દેશમાં લાવતાં ચાળીસ વરસો લાગ્યાં. એ બધા સમય દરમ્યાન આ હઠીલી પ્રજા તરફથી મૂસાને ઘણું બધું સહન કરવું પડ્યું. કુટુંબમાં પાંચ-છ વ્યક્તિને એક રાખવામાં કેટલી મુશ્કેલી પડે છે ત્યારે છ લાખ માણસોને આટલો બધો સમય એક રાખી પ્રભુના વચનના દેશમાં લાવતાં જે કંઈ તેણે પ્રભુ ખાતર સહન કર્યું તેની કલ્પના કરવી મોટો વિચાર માંગી લે છે.

**યુસફઃ** તેના ભાઈઓએ એદેખાઈને લીધે વિનાકારણ તેને ખાડામાં નાંખી દીધો ગુલામ તરીકે વેચી દીધો, ત્યાર પછી પોટીફારના ઘરમાં પણ તે નિર્દોષ છતાં જે બાબતનો ભોગ બન્યો અને આખરે બે વરસ સુધી જેલમાં રહીને જે સહન કર્યું છતાં

ઈશ્વર તેની સાથે હતા અને એક દિવસ આખા મિસર દેશનો બીજા નંબરનો અધિકારી બન્યો. તેણે આખા મિસર દેશને અને ખોટું કરનાર તેના ભાઈઓને બચાવ્યા.

**અયૂબઃ** શેતાને અયૂબના શરીરમાં તેના પગના તળિયાથી તે તેના માથાની તાલકી સુધી ગુમડાંનું દુઃખદાયક દરદ ઉત્પન્ન કર્યું તેથી પોતાના શરીરને ઠીકરીથી ખંજવાળવા સારું રાખમાં બેઠો ત્યારે તેની સ્ત્રીએ તેને કહ્યું હજી ક્યાં સુધી તું તારા પ્રમાણિકપણાને દઢતાથી વળગી રહેશે. "દેવને શાપ દે અને મરી જા." અને અયૂબે ઉત્તર આપ્યો શું આપણે દેવના હાથથી સુખ જ સ્વીકારીએ અને દુઃખ ન સ્વીકારીએ. આ બધામાં અયૂબે સહન કરી દેવને જ મહિમા આપ્યો. આ સાથે બીજા ઘણાં પ્રભુના સેવક, સેવિકાઓએ ખ્રિસ્ત સાથે સહન કરી પોતાનાં જીવન ધન્ય બનાવ્યાં છે. તેનું આખું વર્ણન હિબ્રૂના પત્રમાં જોવા મળે છે.

**ઈસુઃ** છેલ્લે આપણાં તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્તે સમગ્ર માનવજાત માટે જે વધસ્તંભનું કારમું મોત સહન કર્યું. કોરડાનો માર ખાધો, હાથેપગે ખીલા, કાંટનો મુગટ, કોઈ એક કવિએ આ પ્રમાણે ગાયું છે, વાગતી શૂળ જો પગમાં ખમે ના - તે કાંટાનો તાજ હાથેપગે ખીલાનો માર - કૂંખે ભાલાનો માર શું ખમી જાણે? ઈસુની સહનશીલતાની પરાકાષ્ટા વધસ્તંભ પર સિદ્ધ કરી બતાવી, શું આપણે આપણા પ્રભુ માટે કશું પણ સહન કરવા તૈયાર છીએ ખરા ?

✪✪✪

# માયાળુપણું

*"પણ તમે એકબીજા પ્રત્યે માયાળુ અને કરુણાળુ થાઓ." એફેસી ૪:૩૨.*

**એકબીજા પ્રત્યે માયાળુપણું:** થોડા સમય પહેલાં એક સાંજે હું મુંબઈની એક હોટલમાં જમીને બહાર નીકળી ફૂટપાથ પર ઊભો હતો, ત્યાં જ સામે એક ભિખારીને કોઈ ફરસાણવાળા દુકાનદારે થોડું ફરસાણ ખાવા આપ્યું હશે, તે પડીકું ખોલીને ખાવાની શરૂઆત કરતો હતો. ત્યાં જ બીજો એક ભિખારી તેની સામે આવીને ઊભો રહ્યો અને હાથ લંબાવ્યો એટલે પેલા ભિખારીએ તરત જ થોડામાંથી થોડું તેના હાથમાં આપ્યું. એક ભિખારીનું બીજા ભિખારી પ્રત્યેનું માયાળુપણું જોઈ મારી આંખમાં એકદમ આંસુ આવી ગયાં અને હૃદયદ્રાવક દૃશ્ય જોઈ બાઈબલનું ઉપરોક્ત વચન યાદ આવ્યું.

**પડોશી પ્રત્યે માયાળુપણું:** ઈસુએ એક પંડિતને પડોશીનું દ્રષ્ટાંત આપતાં જણાવ્યું કે લૂંટારાના હાથમાં પડેલા માણસનો પેલા ત્રણમાંથી પડોશી કોણ? પંડિતે જવાબ આપ્યો કે જેણે તેના પર (દયા) માયા બતાવી તે. અને ઈસુએ કહ્યું નિયમશાસ્ત્રમાં સૌથી મોટી બે આજ્ઞા કઈ? તેણે કહ્યું (૧) પ્રભુ તારા દેવ પર પૂરા હૃદયથી, પૂરા જીવથી, પૂરા મનથી પ્રીતિ કર અને બીજી જેવી પોતા પર તેવી પોતાના પડોશી પર (પ્રીતિ) માયાળુંપણું બતાવ લૂક ૧૦:૨૭. શું આપણે આપણા પડોશીને ભલા સમરૂનીની માફક ઘા પર પાટા બાંધીએ છીએ કે પછી, ઘા પર મીઠું ભભરાવવાનું કામ કરીએ છીએ. ઈસુએ કહ્યું તમે એકબીજા પ્રત્યે માયાળુ તથા કરુણાળુ થાઓ. એફેસી ૪:૩૨.

**પ્રાણીઓ પ્રત્યે માયાળુપણું:** વડોદરામાં એક પાળક કુટુંબમાં સરસ મજાની કૂતરી હતી. તેનું નામ આર્જો હતું. પાળક કુટુંબને આ પ્રાણી પ્રત્યે ખૂબ જ માયા હતી. પણ થોડા સમય પછી પાળક કુટુંબને પરદેશ જવાનું થયું. તેથી આ તેમની કૂતરીને કોઈ વિશ્વાસુ વ્યક્તિ રાખે એવી એમની ઇચ્છા હતી તેમણે ઘણા બધાને આ વિશે વાત કરી હતી, એવામાં એક નર્સબહેને તેની જવાબદારી લીધી અને આર્જોને તેમના ઘરે લઈ ગયાં. થોડા સમયમાં આ કૂતરી તેમના ઘરની માનીતી સભ્ય બની ગઈ. ઘરમાં બધાંને એકબીજા વગર ચાલે નહિ, એવામાં ભરૂચ આધ્યાત્મિક કેન્દ્રના ડાયરેકટરને આ કૂતરી વિશે

ખબર મળતા તેને લેવા નર્સબેનના ઘેર ગાડી લઈને લેવા આવ્યા. અમે સાથે બીજા બેત્રણ વ્યક્તિઓ હતી. આ સમયે બહેન દવાખાને હતાં તેઓ ઘેર આવ્યાં અમારી સરભરા કરી, અને આવવાનું કારણ પૂછ્યું. પછી પરદેશથી જે પાળક કુટુંબનો તેમની પર પત્ર હતો તે બતાવ્યો અને કહ્યું અમે આ કૂતરીને કેન્દ્ર માટે લેવા આવ્યા છીએ. અમારે તેની ખાસ જરૂર છે. આ વાત સાંભળતાંની સાથે જ નર્સબહેન તો ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યાં અને કહેવા લાગ્યાં કે હું મરી જઉં તો ભલે પણ આ કૂતરીને તો નહિ જ આપું. જુઓ અમે તેને કેટલી સરસ રીતે રાખીએ છીએ. તેની રહેવાની, ખાવાની, સુવાની, બધી જ વ્યવસ્થા જોઈ અમે તો દંગ થઈ ગયા અને બહેનને માંડ માંડ છાનાં રાખ્યાં, અને માણસ અને પ્રાણી વચ્ચેનું જે માયાળુ જોઈ અમે તેને લીધા વગર જ પાછા આવ્યા. કેવું અદ્ભુત માયાળુપણું!

**દુશ્મનો પ્રત્યે માયાળુપણું:** ઑસ્ટ્રેલિયાના મિશનેરી ગ્રેહામ સ્ટેઈન અને તેમના બે દીકરાઓને જીવતાં સળગાવી દેનાર અધમ માણસોને તેમના પત્નીએ કેવું અજાયબ માયાળુપણું બતાવ્યું તેનું આખું વિશ્વ સાક્ષી છે. છેલ્લે આપણા મહાન ઉદ્ધારક અને તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્તને પણ નિર્દોષ છતાં દોષિત ઠરાવ્યા. વધસ્તંભ ઉપર ક્રૂર રીતે મારી નાંખનાર માણસો પ્રત્યે ઈસુ ખ્રિસ્તે કેવું અજાયબ માયાળુપણું દાખવ્યું. ઈસુના શબ્દો વધસ્તંભ પર આ હતા "હે બાપ તેઓને માફ કર કેમ કે તેઓ શું કરે છે તે તેઓ જાણતાં નથી." આ કેવું અદ્ભૂત માયાળુપણું!

✪ ✪ ✪

# મનુષ્ય પ્રત્યે ઈશ્વરની ભલાઈ

*"નિશ્ચે મારી જિંદગીના સર્વ દિવસો પર્યંત ભલાઈ તથા દયા, મારી સાથે આવશે, અને હું સદાકાળ સુધી યહોવાના ઘરમાં રહીશ." ગીત :૨૩:૬.*

આદિ એ શબ્દ માત્રથી સઘળું ઉત્પન્ન કર્યું, પણ મનુષ્યને તેના હાથોએ બનાવી તેનામાં જીવનનો શ્વાસ ફૂંકીને સજીવ પ્રાણી બનાવ્યો. એમ એના જન્મના દિવસથી તે મરણ સુધી ડગલે ને પગલે ઈશ્વરની દયા અને ભલાઈ સદાકાળ સુધી તેની સાથે રહે છે. માણસ મરણ પામે ત્યારે બે જ બાબતો તેની સાથે જાય છે, એક તેની ભલાઈ બીજું ભૂંડાઈ. બે ભાઈઓની વાત છે. બંને ખૂબ ખરાબ અને કોઈની સાથે સારી રીતે વર્તે નહિ. હંમેશા ઝઘડાખોર. એવામાં એક ભાઈ અચાનક મૃત્યુ પામ્યા, એટલે બીજા ભાઈએ પાળક સાહેબને તેના વિશે જાણ કરી. અને કહ્યું સાહેબ, તમારે તેની દફનક્રિયા કરવાની પણ સાથે તેના વિશે બે શબ્દો પણ તમારે જ કહેવાના. સાહેબે કહ્યું હવે તેના વિશે કશુંય બોલવા જેવું તો છે જ નહિ. મંડળીના બધા જ તમારા બંને ભાઈઓ - તમે કેવા છો તે વિશે જાણે છે. પણ પેલા ભાઈએ આગ્રહ જ રાખ્યો એટલે સાહેબે હા પાડી. પછી પાળક સાહેબને પૂછયું, પાળક સાહેબ તમે મારા ભાઈ વિશે કેવું બોલશો? સાહેબે કહ્યું, એ તો હું બોલીશ, તમે ચિંતા ન કરો. પછી દફનક્રિયા શરૂ થઈ પછી બે શબ્દો બોલવાની પાળક સાહેબે શરૂઆત કરી અને કહ્યું કે આ બંને ભાઈઓ વિશે મંડળી અને આપણે બધા સારી રીતે જાણીએ છીએ એટલે વધુ ના બોલતાં એટલું કહીશ કે અત્યારે આ જે ભાઈ જીવે છે તેના કરતાં આ મરેલો ભાઈ સારો ભલો હતો.

**એસ્તર રાણીની ભલાઈ:** અહાશ્વેરોશ રાજાના સમયમાં સુસાનગરમાં જે સર્વ યહૂદીઓ, જુવાનો, વૃધ્ધ, બાળકો તથા સ્ત્રીઓ સર્વનો વિનાશ કરવાનો અને તેમની કતલ કરી મારી નાખવાનો અને તેમની માલમિલ્કત લૂંટી લેવાનો હુકમ સુસાના મહેલમાં જાહેર થયો. આ વાત જાણી મોર્દખાય ખૂબ દુ:ખી થઈ ગયો અને પોક મૂકીને રડ્યો. આ સમયે એસ્તરરાણી રાજમહેલમાં હતી અને મોર્દખાયે આ બધી વાત તેને જણાવી અને કહ્યું, જે રાણીપદ તને પ્રાપ્ત થયું છે તે આવા સમયને માટે નહિ હોય એ કોણ

જાણે, અને એસ્તરે મોર્દખાયને કહ્યું કે મૂસામાં જે બધા યહૂદીઓ છે તેમને એકઠા કર ને મારે માટે ઉપવાસ કરો. અને મારો નાશ થાય તો ભલે. અને એમ જાનની પરવા કર્યા વગર ત્રીસ દિવસથી રાજાની હજુરમાં જવાનું તેડું નહિ મળવા છતાં આખી યહૂદી પ્રજા જે સુસામાં છે તેમના બચાવ માટે મારાથી બનતું બધું જ કરીશ અને એમ એસ્તરે રાજાની હજૂરમાં જઈ ઈશ્વરની કૃપાથી આખી યહૂદી પ્રજા માટે ભલાઈનું કામ કર્યું અને જે હુકમ હતો એ અવળો ફરી ગયો. અહીં એસ્તરની ભલાઈ અને ઈશ્વરની તેના લોકોની ભલાઈ જોવા મળે છે.

**રાહાબ વેશ્યાની ભલાઈ:** યહોશુઆ ૨:૧ થી ૬ નૂનના પુત્ર યહોશુઆએ શિટ્ટીમમાંથી જે બે માણસો જાસૂસ તરીકે મોકલીને યરેખોની બાતમી કાઢવા મોકલ્યા ત્યારે તેઓની સાથે રાહાબ વેશ્યાએ જે અજાયબ જેવું ભલાઈનું કામ કરાવ્યું જેને લીધે આખું યરેખો નગર કબજે કરાયું. એક સ્ત્રીની ભલાઈથી આખો દેશ યહોશુઆને મળ્યો, આ સ્ત્રીના કુટુંબના બચાવ માટે જે બારીમાંથી રાહાબે બે માણસોને ઉતાર્યા હતા ત્યાં કીરમજી રંગની દોરડી બાંધવાની સલાહ આપી જેથી તેઓ ફરી આ નગરમાં પાછા આવે ત્યારે રાહાબના ઘરનો નાશ ન થાય ને તેઓ બચી જાય. આમ રાહાબની તેના લોકો પ્રત્યેની ભલાઈ જોવા મળે છે.

**યુસફની ભલાઈ:** ઉત્પતિ ૫૦:૨૦ "તમે તો મારું ભૂંડું કરવા ચાહ્યું પણ દેવે તેમાં મારું ભલું કરવાનું ધાર્યું કે જેમ આજે થયું તેમ તે ઘણા લોકોના જાન બચાવે. એ માટે "બીહો મા" હું તમને તથા તમારાં છોકરાંને પાળીશ. કેવી યુસફની અદ્દ્ભૂત ભલાઈ. તેના ભાઈઓએ તેને મિસરીઓને વેચી દીધો. ખાડામાં નાખી દીધો તેમ છતાં તેણે તેનો બદલો લીધો નહિ. અને અપકારનો બદલો ઉપકાર કરી વાળ્યો. ધન્ય છે આવી ભાઈઓ પ્રત્યેની યુસફની ભલાઈને. પ્રભુ આપણને પણ આવાં ભલાઈનાં કામો કરવા કૃપા આપો.

✪✪✪

# વિશ્વાસુપણું (વફાદારી)

"હે યહોવા તારી કૃપા આકાશ સુધી ફેલાયેલી છે, અને તારું વિશ્વાસુપણું વાદળાં સુધી છે. ગીતશાસ્ત્ર ૩૬:૫. ખ્રિસ્તી જીવનમાં વિશ્વાસુપણું પાયાની બાબત છે. પવિત્રઆત્માનાં ફળોમાં વિશ્વાસુપણું સાતમા ક્રમે આવે છે. જે સંપૂર્ણતાની નિશાની છે. એટલે જે માણસો દરેક ક્ષેત્રમાં આ વિશ્વાસુપણું સંપાદન કરે છે તે સફળ અને સંપૂર્ણ માણસ ગણી શકાય. એટલે જ આપણા આદિપિતા ઈબ્રાહિમને વિશ્વાસીઓનો પિતા કહેવામાં આવે છે. એનું વિશ્વાસુપણું અજોડ હતું. ભક્ત દાઉદ પણ કહે છે, હજી તો હું મારી માના ઉદરમાં હતો, મારું એકે અંગ થયું નહોતું એ પહેલાં પણ મારું ખોળિયું તારાથી અજાણ નહતું. અને તેં મને મારી ગર્ભસ્થાનમાંથી કાઢીને ઉચ્ચસ્થાને બેસાડ્યો. અને કહ્યું તું મરણપર્યંત વિશ્વાસુ થઈ રહે અને હું તને જીવનનો મુગટ આપીશ. પ્રકટીકરણ ૨:૧૦, સાથે દાઉદ એ પણ કબૂલ કરે છે અને કહે છે "પ્રભુ તારું વિશ્વાસુપણું મહાન છે. મરઘી પોતાનાં બચ્ચાં સંભાળે તેમ તું અમને સંભાળે છે."

**ઈબ્રાહિમનું વિશ્વાસુપણું:** "કેમ કે જેણે વચન આપ્યું છે તે વિશ્વાસ યોગ્ય છે." મળ્યાથી પરદેશમાં હોય તેમ વચનના દેશમાં પ્રવાસ કર્યો. ઈસ્હાક અને યાકુબની સાથે રાવટીઓમાં રહેતો, કેમ કે જે શહેરનો પાયો છે, જેનો યોજનાર અને બાંધનાર દેવ છે. તેના પ્રત્યે તે વિશ્વાસુ હતો, અને સાથે તેની પત્ની સારાહ પણ વૃદ્ધ થયા પછી વિશ્વાસુપણાને લીધે ગર્ભ ધારણ કરવા શક્તિમાન થઈ. કેમ કે જેણે વચન આપ્યું તેને તેમણે વિશ્વાસયોગ્ય ગણ્યો. એટલે ઉર દેશોમાંથી નીકળ્યો ત્યારથી મરણપર્યંત ને તે તેના ઉત્પન્ન કરનાર અને વચન આપનાર દેવ પ્રત્યે વિશ્વાસુ-વફાદાર રહ્યો.

**મૂસાનું વિશ્વાસુપણું:** ગણના ૨૩:૧૯ મુજબ, દેવ માણસ નથી કે તે જુઠ્ઠું બોલે, તે માણસનો પુત્ર નથી કે તે પોતાનો વિચાર બદલે, શું પોતાનું કહેવું તે નહીં કરે? અથવા પોતાનું બોલેલું તે પૂરું નહિ કરે? મૂસા પણ તેના આખા ઘરમાં વિશ્વાસુ હતો. તેમને પોતાના નિમનાર પ્રત્યે વિશ્વાસુ હતો. કેમ કે જે ઘર કરતાં ઘર બાંધનારને

વિશેષ માન ઘટે છે, તેમ એને મૂસા કરતાં વિશેષ માન મળવાને યોગ્ય ગણવામાં આવ્યો. કેમ કે દરેક ઘર કોઈએ બાંધ્યું છે પણ સઘળી વસ્તુઓનો સરજનહાર તો દેવ છે. મૂસા તો જે વાત પ્રગટ થવાની હતી તેની સાક્ષી પૂરવા માટે દેવના આખા ઘરમાં સેવકની પેઠે વિશ્વાસુ હતો ખરો, પણ ખ્રિસ્ત તો પુત્ર તરીકે દેવના ઘર પર વિશ્વાસુ હતો. એટલે જ પાઉલ પણ કહે છે દરેક સેવકે સારા અને વિશ્વાસુ કારભારી બનવું. મૂસા તેનું ઉત્તમ ઉદાહરણ છે. તેણે રાજમહેલમાં રહેવાને બદલે તેના ભાઈઓની સાથે દુઃખ સહન કરવાનું વધારે પસંદ કર્યું અને તે આખી ઈસ્ત્રાએલી પ્રજાનો મહાન-વિશ્વાસુ-વફાદાર આગેવાન થઈ ગયો.

**કાર્ય અને ફરજમાં વિશ્વાસુપણું:** દરેક માણસે પોતાના પગારથી સંતોષી રહેવું એટલે ગમે તે ક્ષેત્રમાં હોઈએ ત્યાં વિશ્વાસુપણે ફરજ બજાવવી અને આપણા ઉપરી અધિકારીને અને પ્રભુને વિશ્વાસુ અને વફાદાર રહેવું એ નૈતિક જવાબદારી છે. એક વખત અમેરિકાના લશ્કરમાં એક અફસર તેના ઘરેથી પોતાની રજા પૂરી કરી ફરજ પર હાજર થયો. પરંતુ લાંબી મુસાફરીને કારણે ખૂબ થાકેલો હતો. એટલે જ્યારે રાત્રે તે પોતાની ફરજ પર હતો તે દરમ્યાન તેની પાસે જે બંદૂક હતી તે બાજુએ મૂકીને ઊંઘી ગયો. મધ્યરાત્રીએ અમેરિકાના રાજા વેશપલટો કરી પોતાના નગરની ચર્યા જોવા નીકળ્યા અને તેમણે આ ઊંઘતા સૈનિકને જોઈ તેની બંદૂક લઈ જાતે પોતે ફરજ બજાવવા લાગ્યા વહેલી સવારે આ સૈનિક સફાળો જાગી ગયો અને જોયું તો બાજુમાં રાજા પોતે તેની બંદૂક સાથે ફરજ બજાવતા હતા. એ એકદમ ગભરાઈ ગયો અને પગે પડી માફી માગી કાલાવાલા કરવા લાગ્યો અને રાજાએ તેને સવારે પોતાના નિવાસસ્થાને હાજર રહેવા જણાવી તેમના ઘરે ગયા. પછી પેલા સૈનિકને તેની બેવફાદારી અને અવિશ્વાસુપણાને લીધે ફરજમાંથી છૂટો કરવામાં આવ્યો. વહાલાંઓ આપણે આપણી ફરજ અને જે સેવાકાર્યમાં જો વિશ્વાસુ માલૂમ ન પડ્યા તો ન્યાયકાળે રડવું અને દાંત પીસવું થશે. નીતિ ૨૮:૨૦ વળી દાઉદભક્ત તેના ગીતમાં કહે છે દેશમાંના વિશ્વાસુઓ મારી પાસે વાસો કરે તે માટે હું તેઓ પર રહેમનજર રાખીશ. ગીત. : ૧૦૧:૬

"શાબાશ સારા તથા વિશ્વાસુ ચાકર તું થોડામાં વિશ્વાસ માલૂમ પડ્યો છે, હું તને ઘણાં પર ઠરાવીશ." માત્થી ૨૫:૨૧.

શું વિશ્વાસુ અને સારા ચાકર તરીકે કે પછી ભૂંડા અને આળસુ? પ્રભુ આપણ સર્વને તેના સારા અને વિશ્વાસુ ચાકર બનવા કૃપા આપે એજ પ્રાર્થના.

✪ ✪ ✪

# નમ્રતા

"નમ્રતા" આત્માનું અમૂલ્ય ફળ છે. મજબૂત ખ્રિસ્તી જીવનમાં નમ્રતા પાયાની બાબત છે. ગુજરાતીમાં અનેક કહેવતો છે. "નમે તે સૌને ગમે" "નમવામાં નવ ગુણ છે." આ રીતે જોતાં પવિત્રઆત્માનાં ફળોમાં પણ નવેનવ બાબતોનો સમાવેશ જોવા મળે છે. નમ્રતાથી જીવનનાં ઘણા બધા પ્રશ્નોનો ઉકેલ આપોઆપ આવી જતો જોવા મળે છે એમાંય નિર્દોષ માણસ જ્યારે આ મુશ્કેલ સંજોગોમાંથી પસાર થાય ત્યારે શરૂઆતના તબક્કામાં તેને થોડું નુકસાન જરૂર થાય છે. પણ લાંબે ગાળે અનેકગણું તેના લાભમાં ફાયદો થતો જોવા મળે છે. ત્યારે એ વ્યક્તિ ઝીરોમાંથી હીરો થઈ જાય છે. એનું જગતની કોઈ સૃષ્ટ વસ્તુ કશું પણ બગાડી શક્તિ નથી. એટલે જ પ્રભુનું વચન પણ યાદ દેવડાવે છે કે "જો (ઈશ્વર) દેવ આપણા પક્ષમાં છે તો આપણી સામો કોણ?" રૂમી ૮:૩૧ "નમ્ર ઉત્તર ક્રોધને શાંત કરી દે છે પણ કઠોર શબ્દો રીસ ચઢાવે છે." નીતિ ૧૫:૧.

એક મિશનરી દંપતિ પરદેશથી સેવા માટે આવેલું. સેવા દરમ્યાન કુટુંબમાં પ્રશ્ન થાય ત્યારે જો મિશનેરી સાહેબ ગુસ્સામાં આવી જાય ત્યારે તેઓ તેમની "હેટ" માથા પર અવળી કરી દેતા જેથી મિશનેરી બાનું દિવસ દરમ્યાન સાહેબ સાથે કશી વાત કરતા નહિ અને શાંત રહેતા. એ જ રીતે મિશનેરી બાનુ જ્યારે કોઈ દિવસ ગુસ્સામાં હોય ત્યારે તેમની "કેપ" માથા પર અવળી કરી દેતાં જેથી મિશનેરી સાહેબ દિવસ દરમ્યાન બાનુ સાથે કશી વાતચીત કર્યા વગર શાંત રહેતા. પરિણામે રાત્રે સુતા પહેલાં તેમનાં બંનેના પ્રશ્નનો અંત આવી જતો, અને કૌટુંબિક પ્રાર્થના કરી શાંતિથી સૂઈ જતાં જ્યારે આપણા કુટુંબમાં આથી ઊલટું હોય છે. નાની અમથી વાતોને મોટું સ્વરૂપ આપી કોણ સાચું તે પુરવાર કરવા વાતનું વતેસર કરી કુટુંબજીવન ડહોળી નાંખીએ છીએ.

**નમ્રતા તારણ લાવે છે:** લૂક ૧૯:૧ થી ૧૦, જાખી શ્રીમંત હતો, મુખ્ય દાણી હતો, છતાં તેણે ઈસુને જોવા કોશિશ કરી ને પોતાનું બધું જ માન, મોભો, બાજુ પર

મૂકી નમ્ર બની ગુલ્લર ઝાડ પર ચઢી ગયો અને ઈસુએ તે જગ્યાએ આવીને ઊંચે જોઈને કહ્યું. જાખી જલદી ઊતરી આવ કેમ કે આજ મારે તારે ઘેર ઊતરવાનું છે. આ સાંભળી જલદી ઊતરી આવી તેનો આવકાર કરી નમ્રતાથી તેણે તેની સંપત્તિ જો અન્યાયથી પડાવી લીધી હોય તો ચારગણી પાછી આપવા જણાવ્યું ત્યારે તેની નમ્રતા અને કબૂલાતથી પ્રભુ ઈસુએ કહ્યું, "આજ આ ઘેર તારણ આવ્યું છે."

**નમ્રતા શુદ્ધતા લાવે છઃ** ૨ જો રાજા ૫:૧૪ અરામ રાજાનો સેનાપતિ નામાન મોટો તથા માનવંત અને શૂરવીર પુરુષ હતો. પણ તે કોઢીઓ હતો. તેની સ્ત્રીની દાસી એક નાની છોકરીએ કહ્યું કે મારો મુરબ્બી સમરૂનમાંના પ્રબોધક એલિશા પાસે જાય તો તે તેનો કોઢ મટાડશે અને તે ગયો ત્યારે તેણે યરદનમાં સાત વાર ડૂબકી મારવા જણાવ્યું પ્રથમ તો તે કરવા તૈયાર ન થયો પછી નમ્ર થયો અને એલિશાએ કહ્યું તેમ તેણે સાત વાર યરદનમાં ડૂબકી મારી એટલે તેનું માંસ બદલાઈને નાના છોકરાનાં માંસ જેવું થઈ ગયું અને તે શુદ્ધ થયો. આત્મામાં જેઓ રાંક છે તેઓને ધન્ય છે કેમ કે આકાશનું રાજય તેઓનું છે.

**નમ્રતા બીજાને પ્રભુના માર્ગમાં લાવે છેઃ** પ્રે.કૃ. અધ્યાય-૭માં સ્તેફનને જ્યારે પત્થરો મારી મારી નાંખવામાં આવ્યો તે સમયે શાઉલ નામનો જુવાન સાક્ષીઓનાં લૂગડાં સાચવતો હતો. સ્તેફનની નમ્રતા જોઈ પાછળથી દમસ્કના રસ્તા પર તેનું બદલાણ થયું અને પ્રભુના માર્ગમાં આવ્યો. એજ રીતે અધ્યાય-૮, હબસીખોજો. યરૂશાલેમથી પાછો જતો હતો ત્યારે દૂતે ફિલિપને કહ્યું તું ગાઝાના માર્ગે જા અને આ ખોજો જે પુસ્તક વાંચતો હતો તે સમજતો નહતો ત્યારે રથમાં તેની સાથે બેસી ફિલિપે યશાયાના પુસ્તકમાંથી ઈસુ વિષેની સુવાર્તા પ્રગટ કરી અને ઈસુની નમ્રતા વિશે જાણીને માર્ગમાં ચાલતાં જ એક જળાશય પાસે આવી ફિલિપ મારફતે હબસી ખોજાએ બાપ્તિસ્માં લીધું અને આખા આફ્રિકા ખંડમાં ઈસુની વાત પ્રગટ કરતો કરતો કૈસારીયા સુધી ગયો.

✪✪✪

# સંયમ (આત્મસંયમ)

*"મુર્ખ માણસ પોતાનો ક્રોધ બોલી બતાવે છે. પણ ડાહ્યો માણસ તેને દબાવીને સમાવી દે છે." (નીતિ ૨૯:૧૧)*

જેમ સેન્ડવીચમાં બ્રેડના બે ટુકડા વચ્ચે જે ફ્રૂટ મૂકવામાં આવે છે અને તે સ્વાદિષ્ટ લાગે છે તેવી જ રીતે ખ્રિસ્તી જીવનમાં પવિત્ર આત્માનાં ફળોમાં પ્રેમ અને સંયમ બધા જ ફળોમાં આવરણ સમાન છે. પ્રથમ પ્રેમ અને છેલ્લે સંયમ વચ્ચેના બધા સદ્‌ગુણો ખ્રિસ્તીજીવનમાં વૃદ્ધિ માટે પાયારૂપ છે. તેમાં સંયમ માણસના જીવનની આગવી પ્રતિભા ઉત્પન્ન કરનાર છે. આ ફળ બહુ ઓછા લોકોમાં જોવા મળે છે. જો જીવનમાં સંયમ ન હોય તો ઘણાં નકારાત્મક પરિણામો જોવા મળે છે. જેને કારણે ઘણું નુકસાન થાય છે. માટે આત્મસંયમ દરેક ખ્રિસ્તી માણસ કેળવે એ જરૂરનું છે. એનાથી કૌટુંબિક જીવન, જાહેર જીવન, આત્મિક જીવન ખૂબ જ મૂલ્યવાન બની જાય છે. માટે માનસિક રીતે, શારીરિક રીતે, વિચારવાણીની રીતે, વર્તણૂકની રીતે તમામ બાબતોમાં આત્મસંયમ ખૂબ જ જરૂરી છે.

**ગુસ્સા પર સંયમઃ** ૪:૨૬ મુજબ 'ગુસ્સે થાઓ પણ પાપ ન કરો.' તમારા ક્રોધ પર સૂર્યને આથમવા ન દો. અને શેતાનને સ્થાન ન આપો. ગેથસેમાની વાડીમાં પાસ્ખાપર્વની રાત્રે ઈસુને પકડવા આવેલા સિપાઈઓમાંથી પિતરે એકનો તલવારથી કાન કાપી નાંખ્યો પોતાના ગુરુને પકડવા આવેલા ઉપર ગુસ્સે થઈ જાત પર સંયમ રાખી ન શક્યો.

**મન પર સંયમઃ** રૂમી પત્ર ૧૨:૧૬ 'અરસ-પરસ એક દિલના થાઓ તમારું મન મોટી મોટી બાબતો પર ન લગાડો.' એક ધનવાન માણસની ભોંયમાંથી ઘણી ઊપજ થઈ તેણે મનમાં એવો વિચાર કર્યો કે હું શું કરું. કેમ કે મારી ઊપજ ભરી મૂકવાને મારી પાસે જગા નથી તેણે કહ્યું કે હું આમ કરીશ મારી વખારોને પાડી નાંખીને હું તે કરતાં મોટી બંધાવીશ અને અનાજ તથા માલમિલકત ભરી મૂકીશ. અને મારા જીવને કહીશ કે ઓ જીવ ઘણાં વરસને માટે ઘણી માલમિલકત તારે સારું

રાખી મૂકી છે. આરામ લે. ખા પી, આનંદ કર પણ દેવે તેને કહ્યું કે ઓ મૂર્ખ આજ રાત્રે તારો જીવ તારી પાસેથી માંગી લેવામાં આવે છે. ત્યારે જે વસ્તુઓ તે સિદ્ધ કરી છે. તે કોની થશે?

**દ્રવ્ય પર સંયમઃ** 'કોઈથી બે ધણીની ચાકરી થાય નહિ.' પ્રે.કૃ.૫:૧થી ૫ મુજબ પણ અનાન્યા નામે એક માણસે તથા તેની સ્ત્રી સાફીરાએ પોતાની મિલ્કત વેચી. તેની સ્ત્રીની સંમતિથી તેણે તેના મૂલ્યમાંથી થોડું પોતાની પાસે રાખ્યું અને તેણે કેટલોક ભાગ લાવીને પ્રેરિતોના પગ આગળ મૂક્યો પણ પિતરે કહ્યું કે ઓ અનાન્યા પવિત્રઆત્માને જૂઠું કહેવાને તથા ભોંયના મૂલ્યમાંથી થોડું પોતાની પાસે રાખવાનું શેતાને તારા મનમાં કેમ ભર્યું છે. એ વાતો સાંભળતાં જ અનાન્યાએ પડીને પ્રાણ છોડ્યો. ત્યાર પછી ત્રણ કલાક પછી તેની પત્નીને પિતરે પૂછ્યું કે શું આટલી જ કિંમતે જમીન વેચી હતી. તેણે કહ્યું કે હા અને તરત જ તે પણ મૃત્યુ પામી. જો પોતાના જ નાણાં હોવા છતાં આવો અંજામ તો બીજાનાં નાણાં પડાવી લેવા નું શું પરિણામ આવે?

**દૃષ્ટિ પર સંયમઃ** જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. પ્રભુનું વચન કહે છે ખરાબ દૃષ્ટિ એ પણ વ્યભિચાર છે. દા.ત. દાઉદ રાજાએ ઉરીયા હિમીની સ્ત્રી પર ખરાબ દૃષ્ટિથી જોયું અને તેની સાથે વ્યભિચાર કર્યો અને તેના પતિનું ખૂન કરાવ્યું. સરવાળે તે ગાંડો થઈ ગયો અને ઘાસ ખાતો થઈ ગયો. માણસે દૃષ્ટિ પર પણ સંયમ રાખવો - ખાવાપીવામાં પણ સંયમ રાખવો. એલીના બંને દીકરા હોફની અને ફીનહાસ એ જ રીતે માર્યા ગયા. ઈસુ પોતાનો ન્યાય કરનાર જૂઠા લોકોને કશો જ ઉત્તર આપ્યા વગર શાંત રહ્યાં. જેમ ઘેટી પોતાના કાતરનારની આગળ મૂંગી રહે તેમ તેમણે પોતાનું મોં ઉઘાડ્યું નહિ અને વધસ્તંભ પર ખાલી અને નમ્ર કર્યા. ઈસુએ પોતાની જાત પર સંયમ રાખી ઉત્કૃષ્ટ નમૂનો પૂરો પાડ્યો.

✪✪✪

# પવિત્ર આત્મા અને પાળકીય સેવા

*"જો કોઈ માણસ અધ્યક્ષપદની ઈચ્છા રાખે છે. તો તે ઉમદા કામની ઈચ્છા રાખે છે. પહેલો તીમોથી ૩:૧.*

અધ્યક્ષ, એ ઈશ્વરથી અભિષેક કરવામાં આવેલું પાત્ર છે. જયારે ઈશ્વરની સેવા માટે દાઉદને પસંદ કરવાનો હતો ત્યારે યશાઈના સાત દીકરાઓને શમુએલની આગળથી પસાર કરવામાં આવ્યા તે બધાને યહોવાએ કહ્યું આ તે નથી. છેલ્લે દાઉદ જે ખેતરમાં હતો તેને બોલાવવામાં આવે છે અને શમૂએલને કહેવામાં આવ્યું આ મારું પસંદ કરેલું પાત્ર છે. મારો મનગમતો માણસ છે. ઊઠ અને તું તેનો અભિષેક કર અને શમુએલે ઊઠીને દાઉદનો અભિષેક કર્યો. "માણસ બહારના દેખાવ ઉપર જુએ છે પણ યહોવા હૃદય તરફ જુએ છે." ૧ લો શમૂ. ૧૬:૭. જયારે શમુએલે તેલનું સીંગ લઈને તેના ભાઈઓની વચ્ચે તેનો અભિષેક કર્યો. તે દિવસથી યહોવાનો આત્મા દાઉદ પર પરાક્રમ સહિત આવ્યો.

પુનરુત્થાન પછી શિષ્યો ગાલીલમાં એક પહાડ પર જયાં ઈસુએ તેઓને જવાનું કહ્યું હતું ત્યાં ગયા અને તેઓએ તેને જોઈને તેનું ભજન કર્યું. પણ કેટલાંએકને સંદેહ આવ્યો અને ઈસુએ ત્યાં આવી તેઓને કહ્યું કે આકાશ તથા પૃથ્વી પર સર્વ અધિકાર મને અપાયો છે. એ માટે તમે જઈને સર્વ દેશનાઓને શિષ્ય કરો. બાપ તથા દીકરા તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ. મેં તમને જે જે આજ્ઞા કરી તે સર્વ પાળવાનું તેઓને શીખવતા જાઓ. અને જુઓ જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું.

હવે જે અધ્યક્ષ કે પાળક છે તે પ્રથમ ઈશ્વરથી અભિષિક્ત હોવો જોઈએ. નિર્દોષ, એક જ સ્ત્રીનો વર, પરહેજગાર, શુદ્ધ હૃદયનો, સુવ્યવસ્થિત, આતિથ્ય કરનાર, શીખવી શકે એવો, મદ્યપાન નહિ કરનાર, સહનશીલ, કજિયા કરનાર નહિ, દ્રવ્યલોભી નહિ, પોતાના ઘરનાને સારી રીતે ચલાવનાર, પોતાના છોકરાંને પૂર્ણ ગાંભીર્યથી, આધીન રાખનાર એવો હોવો જોઈએ. કેમ કે જો કોઈ માણસ પોતાના

ઘરનાંને બરાબર સારી રીતે ચલાવી જાણતો નથી તો તે દેવની મંડળીની સંભાળ કેવી રીતે રાખી શકશે? તે શીખાઉ નહિ પણ ઠરેલ, દરેક રીતે સંયમી, અને સમાજ, કુટુંબમાં સારી શાખ અને આબરૂ હોવી જરૂરી છે. ઈશ્વરના તેડાને અને તેના સેવાકાર્યને તેમજ વિશ્વાસી ધર્મના મર્મ શુદ્ધ અંતઃકરણથી માનનાર, પાળનાર, આધીન હોવો જોઈએ.

ગીત. ૨૩:૧ મુજબ યહોવા પ્રથમ તેનો પાળક હોવો જોઈએ. ત્યાર પછી જ તે મંડળીનો સારો પાળક, આગેવાન થઈ શકે. તે પવિત્ર આત્માથી ભરપૂર અને તેની દોરવણી પ્રાપ્ત કરેલ હોવો જોઈએ. તેનામાં પવિત્ર આત્માની પૂરી સમજ હોવી જોઈએ. પવિત્ર આત્માની દોરવણીમાં પાળકીય સેવા કરવામાં આવે તો પ્રભુ તેને સંપૂર્ણ આશીર્વાદિત કરે છે. આ વાતો જેઓ સેવામાં સંકળાયેલા છે તેમણે સ્વિકારવી અને પ્રભુને પસંદ પડે એવું જીવન જીવવા પ્રયત્ન કરવો.

✪ ✪ ✪

# "ક્રિસમસ" સ્તુતિ અને મહિમાનું પર્વ

*"પરમ ઊંચામાં દેવને મહિમા થાઓ, તથા પૃથ્વી પર જે માણસો વિશે તે પ્રસન્ન છે તેઓને શાંતિ થાઓ." લૂક ૨:૧૪.*

'આજથી બે હજાર વર્ષ પૂર્વે નાઝરેથના બેથલેહેમમાં ઘેટાંપાળકો રાત્રે ખેતરમાં રહીને પોતાનાં ટોળાં સાચવતા હતા ત્યારે પ્રભુના એક દૂતે તેઓની પાસે આવીને કહ્યું કે 'બીહો મા' કેમ કે જુઓ હું મોટા આનંદની સુવાર્તા તમને કહું છું તે સર્વ લોકોને માટે થશે. કેમ કે આજ દાઉદના શહેરમાં તમારે સારુ એક તારનાર એટલે ખ્રિસ્ત પ્રભુ જન્મ્યો છે. તમારે સારુ એ નિશાની હશે તે તમે એક બાળકને લૂગડામાં લપેટેલો, ગભાણમાં સૂતેલો જોશો.'

**દૂતો દ્વારા મહિમા અને સ્તુતિઃ** પછી દૂતની સાથે આકાશી સેનાનો સમુદાય એકાએક પ્રગટ થયો. તેઓ દેવની સ્તુતિ કરીને કહેતા હતા કે પરમ ઊંચમાં 'દેવને મહિમા થાઓ.' ઈસુના જન્મ સમયે સૌ પ્રથમ દૂતો અને આકાશી સેનાના સમુદાયે જગતના તારનારની સ્તુતિ અને મહિમા પ્રગટ કર્યાં. - લૂક ૨:૧૪.

**ઘેટાંપાળકો દ્વારા મહિમા અને સ્તુતિઃ** ઘેટાંપાળકોને દૂત દ્વારા જે વાત તેમને કહેવામાં આવી હતી તેના ઉપર સંપૂર્ણ વિશ્વાસ મૂક્યો અને ઉતાવળથી તેઓ તરત બેથલેહેમ ચાલતા ગયા અને મરિયમને, યૂસફને તથા ગભાણમાં સૂતેલા બાળ ઈસુને તેઓએ દીઠાં અને દૂત દ્વારા જે વાત ઘેટાંપાળકોને કહેવામાં આવી હતી તે તેમને કહી સંભળાવી, તેથી સર્વ સાંભળનારા અચરત થયા અને ઘેટાંપાળકોને જેમ કહેવામાં આવ્યું હતું તેમ તેઓએ બધું જ અક્ષરઃસહ બધું સાંભળ્યું તથા નજરે જોયું તેને લીધે તેઓ દેવની સ્તુતિ અને મહિમા પ્રગટ કરતા કરતા પાછા ગયા.

**શિમયોન દ્વારા મહિમા અને સ્તુતિઃ** ત્યારે જુઓ શિમયોન નામે એક માણસ યરૂશાલેમમાં રહેતો હતો. તે ન્યાયી તથા ધાર્મિક માણસ હતો. તે પણ ઈસ્ત્રાએલના દિલાસાની વાટ જોતો હતો અને પવિત્ર આત્મા તેના પર હતો. પવિત્ર આત્માએ તેને

જણાવ્યું હતું કે 'પ્રભુના ખ્રિસ્તને' જોયા પહેલાં તું મરશે નહિ.' તે આત્માની પ્રેરણાથી મંદિરમાં આવ્યો હતો. તે જ સમયે નિયમશાસ્ત્ર પ્રમાણે વિધિ કરવા તેના માબાપ (ઈસુ)ને લઈ મંદિરમાં આવ્યા હતા. ત્યારે શિમયોને તેને ખોળામાં લઈને દેવની સ્તુતિ અને મહિમા પ્રગટ કર્યા.

**હાન્ના દ્વારા મહિમા અને સ્તુતિઃ** આશેરના કુળની પનુએલની દીકરી હાન્ના નામે એક પ્રબોધિકા હતી. તે ઘણી વૃધ્ધ થઈ હતી. તે પોતાના કુંવારાપણા પછી પોતાના પતિની સાથે સાત વરસ સુધી રહી હતી તે ચોર્યાસી વરસની વિધવા હતી. તે મંદિરમાંથી નહિ ખસતાં રાતદિવસ ઉપવાસ તથા પ્રાર્થના સહિત ભક્તિ કર્યા કરતી હતી. તેણે પણ તે જ સમય અને ઘડીએ આવીને (ઈસુની) સ્તુતિ કરી ને જેઓ યરુશાલેમમાં પણ લોકો આવનાર મસીહાની, ઉદ્ધારનારની વાટ જોતા હતા તે સર્વને તેના સંબંધી વાત કરી અને દેવની સ્તુતિ અને મહિમા પ્રગટ કર્યાં.

**આપણા માટે શું?:** જે સેવા ઈશ્વરે દૂતોને નહિ સોંપતા આપણા જેવા નકામા, પાપી અને તુચ્છકારાયેલી માનવજાતને તેની સેવા કરવા તેના સ્વરૂપ અને પ્રતિમા પ્રમાણે બનાવ્યા છે, એટલા માટે કે તેની ઉત્પન્ન કરેલી પ્રજા તેના દ્વારા તેનો મહિમા અને સ્તુતિ પ્રગટ કરે. આ નાતાલ પર્વે જેમ દૂતોએ, ઘેટાંપાળકોએ, શિમયોને અને હાન્નાએ દેવની સ્તુતિ અને મહિમા પ્રગટ કર્યા તેમ આપણે પણ કરીએ.

✪✪✪

# નવીન વરસમાં નવું માણસપણું

**પ્રભુ યહોવા કહે છે હું તમને નવું હૃદય આપીશ. માટે કપટવાસનાઓથી ભ્રષ્ટ થતું તમારી આગલી વર્તણૂકનું જૂનું માણસપણું દૂર કરો અને તમારી મનોવૃત્તિઓમાં** નવા થાઓ અને નવું માણસપણું જે દેવના મનોરથ પ્રમાણે ન્યાયીપણામાં તથા સત્યની પવિત્રતામાં સરજાયેલું છે તે પહેરી લો. એફેસી, ૪:૨૩. સંત પાઉલ કહે છે કે મેં મારું જૂનું માણસપણું વધસ્તંભે જડી દીધું છે, માટે હવે હું નહિ પણ ખ્રિસ્ત મારામાં જીવે છે. વ્હાલાઓ, આપણે જૂના વર્ષમાં આપણા રીતે જીવ્યા, ચાલ્યા, પણ હવે નવીન વરસમાં આપણે આપણી મનોવૃત્તિઓમાં નવા બનીને ખ્રિસ્તમાં આગળ વધીએ. આપણને મળેલું જીવન એ ઈશ્વર તરફથી મળેલ અજોડ જીવન છે. આ જીવનના ચલાવનાર અજોડ પરમેશ્વર છે. પૃથ્વી ઉપર આપણે માત્ર પરદેશી અને પ્રવાસી છીએ. આપણી જીવનની મુસાફરીમાં ભૂતકાળમાં કરેલી ભૂલો, જૂનું માણસપણું પાછળ મૂકીને નવા વર્ષમાં આગળ વધવાનું છે. પ્રભુ કહે છે આ જગતનું રૂપ તમે ન ધરો, પણ તમારા મનથી નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો એમ દેવની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઇચ્છા શી છે તે તમે પારખી શકો. રૂમી ૧૨:૨.

**(૧) મનમાં નવા બનીએ:** તમે જૂના માણસપણાને તેની કરણીઓ સુધ્ધાં ઉતારી મૂક્યું છે અને જે નવું માણસપણું તેના ઉત્પન્ન કરનારની પ્રતિમા પ્રમાણે તેના જ્ઞાનને અર્થે નવું કરાતું જાય છે તે તમે પહેર્યું છે. કોલોસી ૩:૧૦, દૈહિક મન દેવ પ્રત્યે દુશ્મનાવટ જગાવે છે, અને ઈશ્વરની સંગતથી દૂર રાખે છે. જૂનું માણસપણું દેવના આશીર્વાદો પ્રત્યે શંકા ઉત્પન્ન કરે છે. માટે નવીન વરસમાં પ્રથમ આપણી મનોવૃત્તિઓમાં નવા બનીએ.

**(૨) હૃદયમાં નવા બનીએ:** હૃદય સહુથી કપટી અને અતિશય ભૂંડું છે તેને કોણ જાણી શકે. એટલે જ ઉત્પત્તિ ૬:૬ મુજબ ઈશ્વરને માણસ ઉત્પન્ન કરવા બદલ પશ્ચાત્તાપ થાય છે અને હૃદયમાં ખેદિત થાય છે. પ્રભુ યહોવા કહે છે હું તમને નવું માંસનું હૃદય આપીશ. હૃદયમાંથી સર્વ પ્રકારની મલિનતા દૂર કરી નવીન વરસમાં પ્રભુ પ્રત્યે વિશ્વાસુ

બની નવા વરસમાં આગળ વધીએ.

(૩) **જગતના ધોરણોમાં નવા બનીએ:** પ્રભુ યહોવા કહે છે આ જગતનું રૂપ તમે ન ધરો પણ તમારા મનથી નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો. વળી તમે દેવનાં છોકરાં છો. અને તમે તેઓને જીત્યા છે, કેમ કે જગતમાં જે છે તેના કરતાં તમારામાં જે છે તે મોટો છે. જગત પ્રત્યેની મૈત્રી દેવ સાથે વૈર છે. માટે જૂના માણસપણામાં એ વિશ્વાસી ખ્રિસ્તી જીવનમાં દેવ પ્રત્યે વૈર સમાન છે.

(૪) **ઈશ્વરની ઈચ્છામાં નવા બનીએ:** તમે સર્વ આત્મિક સમજણ તથા બુદ્ધિમાં દેવની ઈચ્છાના જ્ઞાનથી ભરપૂર થાઓ. એ માટે અણસમજુ ન થાઓ પણ પ્રભુની ઈચ્છા શી છે તે સમજો. માટે દેવની ઈચ્છા એવી છે કે નવીન વરસમાં તમારું પવિત્રીકરણ થાય અને તમારામાંનો દરેક દેવને ન જાણનાર વિદેશીઓને પેઠે વિષયવાસનામાં નહિ પણ પવિત્રતામાં નવા બને...!!

(૫) **કરણીઓમાં નવા બનીએ:** હું અને તમે જગતમાં અજવાળા સમાન છીએ. માટે પ્રભુ કહે છે તમારું અજવાળું લોકોની આગળ એવું પ્રકાશવા દો કે તેઓ તમારી રૂડી કરણીઓ જોઈને આકાશમાં તમારા બાપની સ્તુતિ કરે માત્થી ૫:૧૬. પણ આપણે ઘણી વખત આપણું બાહ્યજીવન જૂદું, આંતરિક જીવન જૂદું એ રીતે જીવવા પ્રયત્ન કરીએ છીએ. પરિણામે બીજાને ઠોકરરૂપ બનીએ છીએ માટે નવા વર્ષમાં આપણે આપણાં આચરણ અને કરણીઓમાં નવા બનીએ. જેમ કોઈ જૂની મશકમાં નવો દ્રાક્ષારસ ભરતું નથી અને નવા કપડાંને કોઈ જૂના લૂગડાંનું થીગડું મારતું નથી તેમ જૂનું માણસપણું અને નવું માણસપણું દેખિતી રીતે અલગ હોવું જોઈએ. એ ખૂબ અનિવાર્ય બાબત છે. પ્રભુ એવું કરે નવીન વરસમાં પ્રભુ નવી રીતે આપણ સર્વને જીવવા કૃપા આપે. જે જૂનું છે તે પછવાડે મૂકીને સ્વર્ગીય ઈનામને વાસ્તે વધસ્તંભ તરફ આગળ વધીએ એજ પ્રાર્થના...

સર્વને નાતાલ તથા નવા વર્ષની પ્રેમી સલામ.

✪✪✪

# વધસ્તંભનું સામર્થ્ય અને વિજય

**રોમન સલ્તનતના ઈતિહાસમાં કોઈ ગંભીર ગુનેગારને વધસ્તંભ ઉપર મારી** નાંખવાની પ્રથા હતી. પ્રભુ ઈસુને વધસ્તંભે જડીને મારી નાંખવામાં આવ્યા તે પહેલા અને પછી પણ ઘણાં ગુનેગારને વધસ્તંભના મરણ દંડની સજા કરવાની રીત ચાલુ હતી. પણ પ્રભુ ઈસુને જે વધસ્તંભ ઉપર મારી નાંખવામાં આવ્યા તે આખી વાત મંડળીના ઈતિહાસમાં અનોખું સ્થાન ધરાવે છે. એદનવાડીમાં પાપને કારણે માણસ અને પરમેશ્વર સાથેનો તૂટેલો સંબંધ ફરીથી સંસ્થાપિત કરવા ખુદ દેવપુત્ર ઈસુએ વધસ્તંભનું મરણ સ્વેચ્છાએ સહન કર્યું. પાપને કારણે ઈશ્વર અને માણસ વચ્ચેની ઊભી થયેલી દીવાલ તોડવામાં ફક્ત તેના પુત્ર ઈસુનું રક્ત જ એક માધ્યમ હતું. જૂના કરારનાં શાંત્યાર્પણો અને દહનાર્પણે કરતા દેવનાં દીકરા ઈસુનું પવિત્ર હલવાન જ એક રસ્તો પાપ નિવારણ માટે શુદ્ધ હતો લખેલું છે કે "બીજા કોઈથી તારણ નથી જેથી કેમ કે આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ તળે માણસોમાં આપેલું નથી. પ્રે.કૃ. ૪:૧૨. એટલે જ કાલવરીની ટેકરી ઉપર બે ચોરોની વચ્ચેના વધસ્તંભનું મહત્ત્વ મંડળીના ઈતિહાસમાં નવી આશા અને વિજય લાવે છે. પવિત્ર શાસ્ત્ર કહે છે કે "નાશ પામનારાઓને તો વધસ્તંભની વાત મૂર્ખતા જેવી લાગે છે. પણ અમો તારણ પામનારાઓને તો તે દેવનું સામર્થ્ય છે. ૧ કોરંથી ૧:૧૮ ઈસુનું વધસ્તંભ પરનું મરણ શેતાન સામેના યુદ્ધમાં વિજય અપાવી સ્વર્ગનાં દરવાજા ખોલી દેવાની એક ચાવીરૂપ ભાગ છે. વધસ્તંભ ઉપર વહેવડાવામાં આવેલું લોહી સમગ્ર માનવજાત માટે પાપના ભયંકર દુઃખ - દર્દ અને વેદનામાંથી છુટકારો પામવા માટેનું ઉત્તમ ઔષધ - દવા છે. આ મૂલ્યવાન લોહી દ્વારા જ માણસ અને ઈશ્વર સાથેનું સમાધાન શક્ય છે. પ્રભુ ઈસુના લોહીમાં ખ્રિસ્તી વિશ્વાસના પાયાનું મૂળ શિક્ષણ અને વિજય સમાયેલાં છે.

જગતના ઈતિહાસમાં ઈસુને વધસ્તંભ ઉપર મારી નાંખવામાં આવ્યા એટલે બધું ખલાસ થઈ ગયું એમ જાહેર કરવામાં આવે છે. પણ મંડળીના ઈતિહાસમાં - જે તેના પર વિશ્વાસ કરે છે તેને માટે અનંતકાલિક ઉદ્ધાર, આનંદ, આશ, અને વિજય

બની જાય છે. માટે વધસ્તંભનું મરણ મંડળીના ઈતિહાસમાં અનોખું સ્થાન ધરાવે છે. શેતાન શરૂઆતથી જ હારેલો હતો. જૂના કરારમાં તેનું માથું છૂંદવાની વાત લખવામાં આવી છે જે નવા કરારમાં ઈસુખ્રિસ્તના પવિત્ર લોહી દ્વારા વધસ્તંભના પરાક્રમમાં શેતાનના મચ્છાના ડંખને કાયમને માટે છૂંદીને નાબૂદ કરવામાં આવ્યો છે. મરણ જયમાં ગરક થઈ ગયું છે એ લખેલી વાત પૂર્ણ થશે. "અરે મરણ તારો જય ક્યાં? અરે મરણ તારો ડંખ ક્યાં? મરણનો ડંખ તો પાપ છે. અને પાપનું સામર્થ્ય નિયમશાસ્ત્ર છે! પણ દેવ જે આપણાં પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા આપણને જય આપે છે તેને ધન્યવાદ હો. ૧ કોરંથી ૧૫:૫૫,૫૬,૫૭. વધસ્તંભના સામર્થ્યમાં મંદિરનો પડદો વચમાંથી ફાટી ગયો. અને પરમ પવિત્ર સ્થાનમાં જવાનો માર્ગ મોકળો થઈ ગયો. કબર પરથી શિલા ગબડી ગઈ, અને પ્રભુ ઈસુ ઈસ્ટરની પ્રભાતે નવી આશા નવા સામર્થ્ય સાથે વિજયી બન્યા.

✪✪✪

# ચેતવણી

**દેવ પ્રેમ છે સાથે બાળીને ભસ્મ કરનાર અગ્નિ પણ છે. પણ એક કામ હું કરું છું એટલે જે પછવાડે છે તેને વીસરીને અને જે આગળ છે તેની તરફ ધાઈને ખ્રિસ્ત ઈસુમાં સ્વર્ગીય ઈનામને વાસ્તે નિશાનની ભણી આગળ ધસું છું.**
- ફિલિપીઓનો પત્ર. ૩:૧૪.

ખ્રિસ્તી જીવન પડકારો ઝીલવાનું અને સિદ્ધિ હાંસલ કરવાનું જીવન છે. પૃથ્વી ઉપર દરેક મનુષ્ય પરદેશી અને પ્રવાસી છે. તેથી દરરોજ ખ્રિસ્તી દોડ દોડીને સ્વર્ગીય ઈનામને વાસ્તે સતત દોડતા રહેવાનું છે. આ દોડમાં અનેક પ્રકારના જોખમો રહેલાં છે તેમ છતાં આ બધામાંથી પર રહીને દરરોજ આગળ વધવાનું જ છે. જેમ ખેડૂત હળ ઉપર હાથ મૂક્યા પછી પાછળ જુએ તે તેને માટે યોગ્ય નથી. તેમ ખ્રિસ્તી જીવનમાં પણ પછવાડે જોવાથી ઘણી મોટી જોખમકારક પરિસ્થિતિમાંથી પસાર થવું પડે છે. ઉત્પત્તિ ૨:૧૬ મુજબ યહોવા દેવે તે માણસને એવી ચેતવણી આપી કે વાડીના હરેક વૃક્ષ પરનું ફળ તું ખાયા કર, પણ ભલુંભૂંડુ જાણવાના વૃક્ષનું ફળ તારે ખાવું નહિ, કેમ કે જે દિવસે તું ખાઈશ તે જ દિવસે તું મરશે જ મરશે. છતાં આદમે આ ચેતવણીની અવગણના કરી અને મોટા જોખમમાંથી પસાર થવું પડ્યું. પરિણામે ઉત્પત્તિ ૩:૨૪ મુજબ યહોવા દેવે જે ભૂમીમાંથી તેને લીધો હતો તે ખેડવાને યહોવા દેવે એદનવાડીમાંથી તેને કાઢી મૂક્યો. એ જ રીતે ઉત્પતિ ૧૯:૨૪થી ૨૬ મુજબ લોતની સ્ત્રી કે જેણે દેવની ચેતવણીની અવગણના કરી, ત્યારે યહોવા દેવે સદોમ તથા ગમોરાહ પર ગંધક તથા આગ વરસાવ્યા, નગરનો નાશ કર્યો. પણ લોતની સ્ત્રી જે તેની પછવાડે ચાલતી હતી તેણે પાછળ જોયું ને ખારનો થાંભલો થઈ ગઈ.

આપણે જ્યારે દરરોજ મુસાફરી કરીએ છીએ ત્યારે રસ્તામાં ઘણી વખત માર્ગ ઉપર ‘ડાયવરઝન’માં બૉર્ડ જોવા મળે છે. તેમાં લખેલું હોય છે ‘અકસ્માતની સંભવિત જગ્યા’, ‘આગળ રસ્તો સાંકડો અને ખરાબ છે’, ‘નાળુ નબળુ છે’ અનેક રીતે ચેતવણી આપતાં બૉર્ડ જોવા મળે છે. જેના કારણે વાહન ચાલક પોતાનું વાહન આપેલી

ચેતવણીને ગંભીરતાપૂર્વક ધ્યાનમાં લઈ દર્શાવેલા માર્ગ ઉપરથી પોતાનું વાહન સલામત રીતે બહાર કાઢી પોતાને અને બીજાને સીધા માર્ગ ઉપર લઈ જાય છે. ખ્રિસ્તી જીવનની દોડમાં પણ આવાં અનેક જોખમકારક ભયસ્થાનો આડે આવે છે, જે ચેતવણીરૂપે લખેલાં હોય છેઃ 'તું વ્યભિચાર ન કર' છતાં અનેક લોકો તેનો ભોગ બનતા જ હોય છે. દા.ત. 'સામસુન અને દલિલાહ', 'તું ચોરી ન કર' છતાં અનેક લોકો અનાન્યા અને સાફીરાની માફક પોતાના ક્ષેત્રમાં કોઈક રીતે તેનો ભોગ બનતા જ હોય છે. 'તું ખૂન ન કર' પણ ઉત્પત્તિ ૪:૮ મુજબ કોઈને હાબેલનું ખૂન કર્યું. એ જ રીતે દરેક મનુષ્ય દરરોજ તેની વાણી અને વર્તન દ્વારા એક બીજાનું ખૂન કરતો હોય છે પવિત્ર શાસ્ત્ર બાઈબલનાં વચનો ખ્રિસ્તી જીવનની દોડમાં સલામત રીતે ઠરાવેલા સ્થાન સુધી દોડવા અને પહોંચવા અજોડ શિક્ષણ અને ચેતવણી આપે છે. છતાં, આપણે વર્ષોથી આ બધામાં બેદરકારી અને ચેતવણીની અવગણના કરી અકાળે અકસ્માતનો ભોગ બનીએ છીએ. પ્રભુ એવું કરે આ નવીન વર્ષમાં સંત પાઉલની માફક સ્વર્ગીય ઈનામને વાસ્તે આપણે સર્વ ધીરજથી અને ઠરાવેલી શરતને ધ્યાનમાં રાખી એવું દોડીએ, કે પાઉલની માફક આપણને પણ એ ઈનામ મળે.

✪ ✪ ✪

# પ્રભુભોજન અજોડ યાદગીરી સાથે

## અદ્‌ભુત કરાર

'મારી યાદગીરીને સારુ એ કરો.' જે રાતે પ્રભુ ઈસુને પરસ્વાધિન કરવામાં આવ્યા, તે રાતે તેમણે રોટલી લીધી, અને સ્તુતિ કરીને ભાંગી, અને કહ્યું કે, એ મારું શરીર છે, એને તમારે સારુ ભાંગવામાં આવ્યું છે, મારી યાદગીરીને સારું એ કરો. એ જ પ્રમાણે ભોજન કર્યા પછી તેમણે પ્યાલો લીધો. અને કહ્યું કે આ પ્યાલો મારા રક્તમાં નવો કરાર છે, તમે જેટલી વાર એમાંનું પીઓ છો તેટલી વાર મારી યાદગીરીને સારું તે કરો. ઈસ્ત્રાએલી પ્રજા મિસર દેશની ગુલામીમાંથી છુટકારો પામ્યા પછી દર વર્ષે તેઓના ઘરોમાં પાસ્ખા પર્વ પાળતા હતા. પ્રથમની મંડળીમાં તેઓ દરરોજ મંદિરમાં એકચિત્તે હાજર રહેતા તથા ઘેરઘેર રોટલી ભાંગીને ઉમંગથી તથા નિખાલસ મનથી ભોજન કરતાં હતા અને દેવની સ્તુતિ કરતા. પ્રે.કૃ. ૨:૪૬.

અદ્‌ભુત, મૂલ્યવાન સંસ્કાર તે પ્રભુભોજન અથવા પ્રીતિભોજન છે. દરેક પ્રભુભોજની સભ્ય જ્યારે જ્યારે આ સંસ્કારના ભાગીદાર બને ત્યારે ત્યારે પૂરી સભાનતાથી, ગંભીરતાપૂર્વક, પૂરી સમજણ અને વિશ્વાસ સાથે ઈસુના મરણને પ્રગટ કરીએ એ અતિ અગત્યનું છે. સાથે દરેક માણસે પોતપોતાની પરીક્ષા કરવી અને એમ રોટલીમાંથી ખાવું અને પ્યાલામાંથી પીવું અને પસ્તાવા સાથે ઈસુના મરણને જાહેર કરીને પવિત્ર આત્મની દોરવણી અને સામર્થ્ય પ્રભુભોજનમાં બનવું તે દરેક વિશ્વાસીની પવિત્ર ફરજ છે. ઈસુ પોતે નિર્દોષ હોવા છતાં આપણાં પાપોને માટે તેઓ પાપરૂપ બની વધસ્તંભનું કારમું મરણ સહન કરીને આપણને પાપમુક્ત જાહેર કરવા શિષ્યો સાથે છેલ્લું ભોજન લીધું. આ પ્રભુભોજનની સાથે સાથે માણસને માટે અતિ મૂલ્યવાન કરારો પણ સમાયેલા છે.

**(૧) પાપની માફીનો કરારઃ** (માત્થી ૨૬:૨૮) મુજબ કેમ કે નવા કરારનું એ મારું લોહી છે. જે પાપોની માફીને અર્થે ઘણાઓને સારું વહેવડાવવામાં આવે છે.

૧ લો યોહાન ૧:૯ પ્રમાણે જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ તો આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવા તે વિશ્વાસુ તથા ન્યાયી છે.

**(૨) પવિત્ર લોહીનો કરારઃ** (માર્ક ૧૪:૨૩) મુજબ પછી પ્યાલો લઈને તથા સ્તુતિ કરીને - તેમણે તેઓને આપ્યો, અને બધાએ તેમાંથી પીધું, તેમણે તેઓને કહ્યું કે 'કરારનું આ મારું રક્ત છે, કે જે ઘણાને લીધે વહેવડાવામાં આવ્યું છે હું તમને ખચીત કહું છું કે જે દહાડે હું દેવના રાજ્યમાં નવો નહિ પીઉં તે દહાડા સુધી હું ફરીથી દ્રાક્ષાનો રસ પીનાર નથી.

**(૩) પાસ્ખા ખાવાનો કરારઃ** (લૂક ૨૨:૧૫-૧૯) તેમણે તેઓને કહ્યું કે મરણ સહ્યાં પહેલાં આ પાસ્ખા તમારી સાથે ખાવાની મને ઘણી ઈચ્છા હતી. કેમ કે હું તમને કહું છું કે દેવના રાજ્યમાં તે પૂરું નહિ થાય ત્યાં લગી હું તે ફરીથી ખાવાનો નથી, પછી તેણે રોટલી લઈને સ્તુતિ કરીને ભાંગી અને તેઓને આપીને કહ્યું કે આ મારું શરીર છે તે તમારે માટે આપવામાં આવે છે. મારી યાદગીરીમાં આ કરો.

**(૪) નમ્રતાનો કરારઃ** (યોહાન ૧૩:૪) ઈસુ જમણ પરથી ઊઠે છે અને પોતાનાં લૂગડાં ઉતારીને તેમણે રૂમાલ લીધો અને તેને પોતાની કમરે બાંધ્યો, ત્યાર પછી વાસણમાં પાણી રેડીને શિષ્યોના પગ ધોવા તથા કમરે બાંધેલા રૂમાલથી તે લૂછવાં લાગ્યો, એ પ્રમાણે તે સિમોન પિતરની પાસે આવે છે. તે તેને કહે છે કે પ્રભુ શું તું મારા પગ ધૂએ છે? ઈસુએ ઉત્તર આપ્યો કે હું જે કરું છું તે તું હમણાં જાણતો નથી પણ હવે પછી તું સમજશે. પિતર તેને કહે છે. હું તને કદી મારા પગ ધોવા દઈશ નહિ. ઈસુએ તેને ઉત્તર આપ્યો કે જો હું તને ન ધોઉં તો મારી સાથે તારો કંઈ લાગભાગ નથી. ઈસુ તેઓને કહે છે જો તમે મને ગુરુ તથા પ્રભુ કહો છો. તો તમે પણ મેં જેમ તમને કર્યું તેમ તમે પણ બીજાઓને કરો.

**(૫) સમાધાનનો કરારઃ** દેવની સાથે સમાધાન કરો, (૨જો કોરંથી, ૫:૧૯) એટલે દેવ ખ્રિસ્તમાં પોતાની સાથે પ્રભુભોજન દ્વારા જગતનું સમાધાન કરાવીને તેઓના અપરાધ તેઓને લેખે ગણતો નથી અને તેમણે અમને સમાધાનનો સંદેશો સોંપેલો છે. એદનવાડીમાં અનાજ્ઞાંકિતપણાના પાપને લીધે માણસ સાથેનો તૂટેલો સંબંધ ઈસુખ્રિસ્ત મારફતે પ્રેમની સંગત દ્વારા અને વધસ્તંભના મરણની મારફતે ફરીથી સંસ્થાપિત કરવામાં આવેલો સમાધાનનો કરાર છે.

**(૬) સંગતનો કરારઃ** (યોહાન, ૧૩:૨૩) મુજબ હવે જમતી વેળાએ તેમના

શિષ્યોમાંનો એક જેના પર ઈસુ પ્રેમ રાખતા હતા તે ઈસુની છાતીને એઢેલીને બેઠેલો હતો. સિમોન પિતર તેને ઈશારો કરીને કહે છે કે તે કોના વિશે કહે છે, તે અમને કહે, ત્યારે ઈસુ તેઓને ઉત્તર આપે છે કે હું કોળીયો બોળીને જેને આપીશ તે જ તે છે, આ પ્રભુભોજનની સંગત ઈસુની શિષ્યો સાથેની છેલ્લી સંગત હતી. આ દૃશ્ય ઘણાનાં ઘરોમાં બાર શિષ્યો સાથે ઈસુના છેલ્લાં ભોજનનો ફોટો જોવા મળ છે.

(૭) **સદાકાળ સાથે રહેવાનો કરારઃ** (યોહાન, ૧૪:૩) કેમ કે હું તમારે માટે જગા તૈયાર કરીશ તો હું પાછો આવીશ અને તમને મારી સાથે લઈ જઈશ જેથી જ્યાં હું છું ત્યાં તમે પણ રહો હું તમને અનાથ નહિ મુકીશ હું તમારી પાસે પાછો આવીશ અને તમને મારી સાથે સદાકાળ રહેવા માટે લઈ જઈશ. આ પ્રભુનો કરાર છે.

જેમ પ્રભુભોજનની રોટલીને ભાંગી તેમ પ્રભુ ઈસુના શરીરને વધસ્તંભ પર સમસ્ત માનવજાત માટે ભાંગવામાં આવ્યું. જેના કારણે શરૂઆતની મંડળી અસ્તિત્વમાં આવી. પરદેશથી મિશનેરીઓ તેમની મંડળીમાંથી આપણા સુધી આવ્યા અને આપણા દેશમાં મંડળીઓની સ્થાપના થઈ. ઈસુએ કહ્યું, જે કોઈ પોતાનો વધસ્તંભ ઊંચકીને મારી પાછળ ચાલશે તે સ્વર્ગમાં તેમની સાથે મેજ પર બેસીને ખાશે અને પીશે. હલવાનના લગ્નજમણમાં જેઓને આમંત્રણ છે તેઓને ધન્ય છે. પ્રભુભોજનની મેજની સંગત મારફતે પ્રભુ સાથેના કરારો યાદ રાખીએ અને આપણે પ્રભુ માટે જીવીએ.

✪✪✪

# બે ખાલી કબરો

**(૧) પ્રભુ ઈસુની ખાલી કબર:**

'તે અહીં નથી કેમ કે તેના કહ્યા પ્રમાણે તે ઊઠ્યો છે. આવો ને જ્યાં પ્રભુ સૂતો હતો તે જગા જુઓ.' માત્થી ૨૮:૬.

તાજેતરમાં ફેબ્રુઆરી, ૨૦૦૪માં બીજી વખત ઈઝરાયલ જવાની તક મળી, ત્યાં VII Dolarasaના રસ્તા ઉપર જ્યાં પ્રભુ ઈસુ વધસ્તંભ લઈને ચાલ્યા ત્યાં ચૌદ સ્થાનો છે. તેમાં ત્રણ વખત પ્રભુ ઈસુ પડી ગયા હતા અને છેલ્લા સ્થાન આગળ એક ગુફા છે. ત્યાં ઈસુની કબર છે. તેમાં અંદર નમીને તે જોઈ શકાય છે. બહાર વિશાળ ચર્ચ છે. તેમાં પાંચ જુદા જુદા સંપ્રદાયના લોકો અલગ રીતે, પ્રભુનું ભજન કરે છે. (૧) ગ્રીક ઓર્થોડોક્સ ચર્ચ (૨) રોમન કેથલીક (૩) આર્મીનીયન ચર્ચ (૪) કોપટીક ચર્ચ (૫) અસીરીયન ચર્ચ. બધા આ વિશાળ જગ્યામાં એમની રીતે પાંચ અલગ ભાગમાં શનિવારના રોજ શાબાથ દિવસ માને છે. રોમન કેથલીક ચર્ચના મત પ્રમાણે આ કબરને ઈસુની કબર માને છે ત્યાર પછી બીજી જગ્યા જ્યાં ઈસુ વધસ્તંભે જડાયા હતા તે સ્થળે એક વાડી હતી. તે વાડીમાં ઈસુએ સમસ્ત માનવજાતિ માટે આખી રાત પ્રાર્થનામાં ગાળી હતી. તેનો પરસેવો લોહીનાં ટીપાં જેવો થઈ હયો હતો. તે ગેથસેમાની વાડી હતી. ભજનસંગ્રહમાં ગીત નં.૧૧૯ 'બહુ દૂર એક લીલો ડુંગર છે. એક શહેરના કોટની બહાર. ત્યાં આપણું તારણ સાધવાને મરી ગયો તારનાર.' ઈસુને આ જગ્યાએ વધસ્તંભ ઉપર મારી નાખ્યા પછી વાડીમાં જે એક નવી કબર હતી કે જેમાં કોઈને કદી મૂકવામાં આવ્યો નહોતો. એ માટે તેઓએ યહૂદીઓના પાસ્ખાની તૈયારીના દિવસને લીધે ઈસુને ત્યાં જ મૂક્યો કેમ કે તે કબર પાસે હતી. યોહાન-૧૯:૪૧, ૪૨ કલમ. હવે અઠવાડિયાને પહેલે દહાડે મગ્દલાની મરિયામ, તથા બીજી મરિયામ, યાકુબની મા, તથા શલોમી, કબરને જોવા આવી. તેઓના મનમાં પ્રશ્ન હતો કે કબર પરનો પથ્થર કોણ ગબડાવશે પણ તેમના આશ્ચર્ય વચ્ચે કબર પરનો પથ્થર તો ક્યારનોય દેવ બાપે ગબડાવી દીધો હતો. તેના ઉપર દૂત બેઠો હતો. ત્યારે દૂતે તે સ્ત્રીઓને કહ્યું

'બીહો મા' કેમ કે હું જાણું છું કે, વધસ્તંભે જડાએલા ઈસુને તમે શોધો છો તે અહીં નથી કેમ કે તેના કહ્યાં પ્રમાણે તે ઊઠ્યો છે. પ્રોસ્ટેસ્ટંટ ચર્ચના લોકોના મત પ્રમાણે આ ઈસુની સાચી કબર છે. આજે તે ખાલી છે અમે ત્યાં પ્રભુભોજન પાળ્યું અને આ પહેલી ઈસુની ખાલી કબર જોઈ દેવની સ્તુતિ કરી.

## (૨) બીજી લાજરસની ખાલી કબરઃ

'તેઓ વિશ્વાસ કરે કે તેં મને મોકલ્યો છે એમ બોલ્યા પછી તેણે ઊંચે સ્વરે પોકાર્યું કે 'લાજરસ બહાર આવ.' ત્યારે જે મરી ગયેલો તે કફનથી હાથે ને પગે વીંટાયેલો બહાર આવ્યો. ઈસુ તેઓને કહે છે કે તેના બંધન છોડી નાંખો અને તેને જવા દો.' યોહાન ૧૧:૪૩. બેથાનીયા જ્યાં માર્થા-મરિયામ લાજરસનું ઘર હતું ત્યાં ઈસુ વારંવાર તેઓના ઘરે જતા હતા અને જ્યારે લાજરસ માંદો પડીને મરણ પામ્યો, અને ચાર દિવસ પછી ઈસુ તેઓના ઘરે જાય છે. માર્થા તેને કહે છે પ્રભુ જો તું અહીં હોત તો મારો ભાઈ મરત નહિ અને હજી પણ તું દેવની પાસે જે કંઈ માંગશે તે દેવ તને આપશે. એ હું જાણું છું. માર્થા તેને કહે છે છેલ્લે દહાડે પુનરુત્થાનમાં તે પાછો ઊઠશે. એ હું જાણું છું. ઈસુએ તેને કહ્યું છે કે 'પુનરુત્થાન તથા જીવન હું છું.' પછી માર્થા છાની રીતે પોતાની બહેન મરિયામને બોલાવીને કહે છે કે ગુરુ આવ્યો છે. તે તને બોલાવે છે. મરિયામ જલદી ઊઠીને તેની પાસે ગઈ, અને તેણે પગે લાગીને કહ્યું પ્રભુ જો તું અહીં હોત તો મારો ભાઈ મરત નહીં. ત્યારે તને રડતી જોઈને તથા જે યહૂદીઓ તેની સાથે આવ્યા હતા. તેઓને પણ રડતા જોઈને ઈસુએ મનમાં નિસાસો મૂક્યો અને પોતે વ્યાકુળ થયો. અને તેઓને તેણે પૂછયું કે તમે તેને ક્યાં મૂક્યો છે? તેઓ કહે છે આવીને જો, હવે આ જે ખડકમાં કબર છે તેમાં ચોવીસ પગથિયાં છે. તેમાં નીચે ઊતરીને જવાનું હોય છે. અમને પણ આ પગથિયાં ઉતરીને લાજરસની કબર જોવાની તક મળી. 'ઈસુ રડ્યા' યોહાન ૧૧:૩૫ અને લાજરસને જ્યાં મૂક્યો ત્યાં જઈને દેવના મહિમા માટે અને લોકો વિશ્વાસ કરે માટે ઈસુએ ઊંચે સ્વરે પોકાર્યું કે 'લાજરસ બહાર આવ' અને ઈસુના શબ્દના પરાક્રમથી લાજરસ કબરમાંથી બહાર આવ્યો. આ દેવના મહિમા અને પરાક્રમથી લાજરસની બીજી કબર ખાલી છે. આમ ઈસુની કબર અને લાજરસની કબર બંને કબરો ખાલી જોવાની પ્રભુએ કૃપા આપી. આ સમયે અમે ગાઈડને પૂછયું કે લાજરસને સજીવન કર્યા પછી તે કેટલું જીવ્યો? અને ગાઈડે કહ્યું કે બીજા બાર વરસ લાજરસ જીવ્યો અને મરી ગયા પછી તેને ફરી સાયપ્રસમાં દાટવામાં આવ્યો. આજે તેની ત્યાં કબર છે. સાથે બીજી વાત અમને એ જોવા અને જાણવા મળી

કે, માર્થા, મરિયમના ઘર અને લાજરસની કબર વચ્ચે એક મસ્જિદ છે. તે ત્યાંના મુસ્લિમોએ લાજરસ મરણમાંથી પાછો ઊઠ્યો તેની યાદગીરીમાં એક મોટી દરગાહ બનાવી છે. તે હાલ મોજુદ છે. અમે બીજી લાજરસની ખાલી કબર જોઈ દેવની સ્તુતિ કરી મહિમા કર્યો.

હવે આપણાં હૃદયરૂપી કબર વિશે શું? આપણું હૃદય અને જીવન અનેક પ્રકારની ભૂંડાઈ અને પાપથી ભરેલું છે, દુષ્ટતા અને અપવિત્રતા આપણાં જીવનમાં રાજ કરે છે, આ બધાથી હૃદયરૂપી કબર ભરેલી છે. પણ આ ઈસ્ટર પર્વમાં અને ઈસુનું વધસ્તંભ ઉપરનું બલિદાન વ્યર્થ ન જાય માટે આપણે બધી પ્રકારની મલિનતા, કપટ, પાપી સ્વભાવ, દૂર કરી હૃદયરૂપી કબર ઈસુ માટે આજે ખાલી કરીએ તો કેવું સારું?

✪✪✪

# હતાશાઓથી ઘેરાયેલા માનવી જીવનમાં ઈશ્વરની મદદ

*"સ્ત્રીજન્ય મનુષ્ય અલ્પાયુ અને સંકટથી ભરપૂર છે." અયૂબ ૧૪:૧*

સોળમી જુલાઈની વહેલી સવારે હજી તો હું મારી પથારીમાંથી ઊઠ્યો ન હતો ત્યાં ફોનની ઘંટડી વાગી. મને થયું આજે કોઈ માઠા સમાચાર લાગે છે. મેં રીસીવર ઉપાડ્યું સામેથી મારા ખાસ મિત્રએ મને કહ્યું, "આજે દશ વાગે મારે અમદાવાદ આર્થોપેડીકના ત્યાં સર્જરી માટે દાખલ થવાનું છે, અને આવતીકાલે સવાર આઠ વાગે મારું કરોડરજ્જુનાં મણકાનું ઓપરેશન છે." મેં કહ્યું, એકદમ કેવી રીતે? સામેથી જાણવા મળ્યું જે ગયે વરસે આજ ઓપરેશન કરાવેલું તે નિષ્ફળ જતાં આખું વર્ષ દવા ચાલુ હતી. છતાં કોઈ ફેરફાર ન લાગતાં અનેક ઓર્થોપેડીકની સલાહ પછી બીજી વખતનું ઓપરેશન અનિવાર્ય છે. પણ તેમની વાતમાં "હતાશાઓ નિરાશાઓ" હતી. પ્રથમ આજની તારીખમાં આના માટે એકપણ પૈસો નથી, વર્ષ દરમ્યાન ઘણાં નાણાં ખર્ચી નાંખ્યા, આખું વર્ષ નોકરી પર જઈ શકાયું નથી. જે કંઈ થોડુંઘણું બેન્કમાં હતું તેનાથી ચલાવ્યું, પત્ની જે જાણીતી ફેકટરીમાં નોકરી કરતાં હતાં તે એકાએક બંધ થતાં આર્થિક રીતે મોટો ફટકો દીકરાના પગનું ઓપરેશન, તાજેતરમાં કુટુંબમાં જુવાન ભત્રીજાની વહુ મૃત્યુ પામ્યાં ઘણો ખર્ચ કરવા છતાં બચી શક્યાં નહિ, આમ અનેક સમસ્યાઓને લીધે દેખીતી રીતે તેઓ હતાશ લાગતા હતા. આ બધુ સાંભળ્યા અને જાણ્યા પછી વહેલી સવારે તેમને કેવી રીતે મદદરૂપ થવાય તેમના વિચારમાં હું પણ બે ઘડી સ્તબ્ધ થઈ ગયો, છતાં ઈશ્વર મહાન છે તેના ઉપર વિશ્વાસ રાખી પ્રાર્થના સાથે આજે દાખલ થઈ જાવ. આગળના કામ માટે "યહોવા - યિરેહ" છે. અયૂબનો દાખલો આપતાં તેણે કેવી રીતે ઈશ્વરમાં વિશ્વાસ મૂક્યો અને તેના મુખે દેવને શાપ આપ્યો નહિ, તેમ જણાવ્યું - વળી પ્રભુનું વચન મોટો દિલાસો આપે છે "જગતમાં તમને સંકટ છે પણ હિંમત રાખો જગતને મેં જીત્યું છે."

આ રીતે તેમની સાથે વાત કર્યા પછી હું મારી સવારની બધી દિનચર્ચા પતાવી

"ક્વાઈટ ટાઈમ" કરવા બેઠો. ઉપલીમેડીમાં ૧૬ જુલાઈનું મનન ગીત. ૧૦માં દાઉદ તેના હતાશાના સમયે ઈશ્વરને ફરિયાદ કરતો જણાય છે. "હે યહોવા તું કેમ આઘો રહે છે? સંકટના સમયમાં તું કેમ સંતાઈ રહે છે? ગીત. ૧૦:૧ અને ત્યારબાદ - જોન રીચર્ડસન (મિસુરી) દ્વારા જે મનન હતું તેમાં જુવાન દીકરાએ હતાશામાં ઝેરની દવા લઈ આપઘાત કરવા પ્રયત્ન કર્યો હતો. તેના પિતા માર્ક સાથે દુઃખના સમયમાં તેમની સાથે તેઓ હતા. અને એ માર્ક પણ ચર્ચના લોકોને તેમના દુઃખના સમયે મદદરૂપ થતા. પણ આજે આ સમયે તેઓ પોતે હતાશ થઈ ભાંગી પડ્યા હતા. આજ પરિસ્થિતિ મારા મિત્રની આજે હતી. મને વિચાર આવ્યો કે આવા તો દુનિયામાં હજારો અને લાખો માણસો આજે હતાશામાં જીવી રહ્યા છે. આર્થિક રીતે, શારીરિક રીતે, કૌટુંબિક પ્રશ્નોમાં કેટલાબધા લોકો અટવાયેલા છે. તેમને બહાર કેવી રીતે નીકળવું તેને રસ્તો દેખાતો નથી. મેં મારો ક્વાઈટ ટાઈમ પૂરો કરી, જે મિત્રનો વહેલી સવારે ફોન હતો તેમને ફોન કરી તેમના માટે ફોન ઉપર જ પ્રાર્થના કરાવી. બને તે રીતે પ્રાર્થનાનો ટેકો પૂરો પાડ્યો અને જણાવ્યું "૧લો કોંરથી ૧૦:૩ કલમ તેમને જણાવી "માણસ સહન ન કરી શકે એવું કોઈ પરીક્ષણ તમને થયું નથી વળી દેવ વિશ્વાસુ છે તે તમારી શક્તિ ઉપરાંત પરીક્ષણ તમારા ઉપર આવવા દેશે નહિ, પણ તમે તે સહન કરી શકો માટે પરીક્ષણ સાથે છૂટકાનો માર્ગ પણ રાખશે વળી દેવ વિશ્વાસુ છે. તે દૂષ્ટતાથી કોઈનું પણ પરીક્ષણ કરે તેવા ઈશ્વર નથી. તે સાથે ઉપલી મેડીમાં સોળમી જુલાઈનું મનન આ જ રીતે હતાશ થયેલું વ્યક્તિનું છે."

આ રીતે તેમની સાથે ફોન ઉપર તેમના સફળ ઓપરેશન માટે, પ્રભુ તેમની દરેક રીતે સહાય કરે એવી આશા વ્યક્ત કરતાં આમેન કરાવ્યું. તેમણે મારો આભાર વ્યક્ત કર્યો. બીજે દિવસે ઓપરેશન સમયે હું આવીશ એવું જણાવી હું મારા કાર્યમાં જોડાયો. બીજે દિવસે વહેલી સવારે હું તેમની પાસે દવાખાને ગયો તેમના ઓપરેશન પછી તેમને બહાર લાવવામાં આવ્યા. તેમની આસપાસ હું અને તેમના સ્વજનો ઊભા હતા, બધાને તેમણે ઓળખ્યા. હતાશાને લીધે તેમની આંખોમાં આંસુ હતાં મેં ફરીવાર તેમના સફળ ઓપરેશન માટે ઈશ્વરનો આભાર માનતાં પ્રાર્થના કરાવી મારી ઑફિસે ગયો.

રસ્તામાં પછી આ વિશે વિચારતો હતો બાઇબલમાં પણ અનેક પ્રભુના સેવકોને તેમની હતાશામાં ઈશ્વરે કેવી રીતે મદદ કરી તે યાદ કરતાં અમુક જીવનો નીચે મુજબ યાદ આવ્યા.

**હિઝિક્યા રાજાઃ** ૨જો રાજા ૨૦:૧ થી ૭ મુજબ "તે દિવસોમાં હિઝિક્યા મરણતોલ માંદો પડ્યો ત્યારે તેણે યહોવાની પ્રાર્થના કરી અને તેના આયુષ્યના પંદર વર્ષ વધારી આપ્યાં." તેની હતાશામાં ઈશ્વરે અજાયબ રીતે તેની મદદ કરી.

**યૂનાઃ** યૂના ૪:૩ મુજબ "હે યહોવા હવે કૃપા કરીને મારો જીવ" લઈ લે કેમ કે મારે જીવવા કરતાં મરવું બહેતર છે. ત્યારે યહોવાએ કહ્યું કે તું ગુસ્સે થાય છે એ તું શું સારું કરે છે? કેમ કે યૂનાને ઈશ્વરની યોજનાથી અને ઈરાદાઓથી સંતોષ ન હતો કેમ કે કીકાયોનના વેલાને લીધે અને જે પ્રજા માટે ઈશ્વરને દયા આવી તે યૂનાની દૃષ્ટિમાં યોગ્ય ન હતું. છતાં તેના હતાશાના સમયમાં દેવે તેને મદદ કરી.

**પિતરઃ** માત્થી ૨૭:૧ થી ૫ મુજબ મરઘો બોલ્યા અગાઉ ત્રણ વાર નકાર કરશે એ વાત યાદ આવ્યા પછી પિતર હતાશ થઈ ગયો બહાર જઈને બહુ રડ્યો. પણ ઈશ્વરે તેને તેની હતાશામાંથી અજાયબ રીતે બહાર કાઢ્યો અને કહ્યું. હવેથી તું કેફા કહેવાશે - કે જેના પર હું મારી મંડળી બાંધીશ.

**દાઉદ રાજાઃ** ગીત. ૮૬:૧-૨ મુજબ હતાશા, સંકટો, મુસીબતોથી ઘેરાયેલા દાઉદે પ્રાર્થના કરી. દાઉદના બધા જ દુશ્મનો તેના મરણની રાહ જોતાં હતા. તેને મારી નાંખવાનો લાગ શોધતા હતા. તેવા સમયમાં દાઉદની પ્રાર્થનાએ તેને સઘળી હતાશા અને નિરાશામાંથી વિજય અપાવ્યો. દાઉદ સઘળું પાછું લાવ્યો અને ઈશ્વરે તેને અજાયબ મદદ કરી - વ્યભિચારનાં પાપને કારણે, દુશ્મનના હુમલાનાં કારણે હતાશ દાઉદને તેનાં જીવનમાં અદ્‌ભુત મદદ કરી. વહાલાં ભાઈ-બહેનો, આવા પરાક્રમી ઈશ્વરના હાથમાં આપણાં જીવનો સોંપીએ.

✪✪✪

# જીવન અને મરણ

હું આજે આકાશને તથા પૃથ્વીને તમારી સામે સાક્ષી રાખું છું કે 'મેં આજ તારી આગળ 'જીવન તથા મરણ' 'આશીર્વાદ તથા શાપ' મૂક્યાં છે.' 'માટે જીવન પસંદ કર' કે તું તથા તારા સંતાન જીવતાં રહે. પુનર્નિયમ - ૩૦:૧૯.

એક જ જીવન અને તે પણ ક્ષણભંગુર, ફૂલ જેવું, પરપોટા જેવું, ઘાસ અને ફૂલ જેવું. ઝાકળના બિંદુ સમાન થોડા સમયમાં કમાઈ જાય, ફૂટી જાય, સુકાઈ જાય, ચીમળાઈ જાય અને ઊડી જાય, એવું જ સુંદર દેખાતું જીવન ક્યારે પૂરું થાય, ખલાસ થઈ જાય, તેની કોઈ ગેરંટી નથી. પ્રભુના એક સેવકે આ પ્રમાણે કહ્યું છે કે જે માણસ એક વાર જન્મ ધારણ કરે છે, તેને બે વાર મરવાનું છે. પણ જે માણસ બે વાર જન્મ ધારણ કરે છે, તેને એક જ વાર મરણ પામવાનું છે. તેના માટે બીજું મરણ છે નહિ, એટલે (૧) દૈહિક જીવન (૨) આત્મિક જીવન. દૈહિક જીવન જગતની વાસના અને મોહમાયાથી ભરપૂર છે. તે દેખાવમાં જરૂર અતિસુંદર, મનમોહક, સહેજે આનંદ પમાડે તેવું લાગતું હોય પણ પાછળથી તો તે દુઃખદાયક અને નાશકારક જ છે. જ્યારે આત્મિક જીવન દેખાવમાં મુશ્કેલ જરૂર લાગે, માનીએ તેટલું સહેલું અને સરળ નથી છતાં અશક્ય પણ નથી. માટે ઈશ્વર કહે છે, મેં તમારી આગળ બંને મૂક્યા મૂક્યાં છે. 'આશીર્વાદ અને શાપ' 'જીવન અને મરણ' પસંદ આપણે કરવાનું છે. જો એવું જ ના હોત તો યોહાન ૩:૧ થી ૭ મુજબ નિકોદેમસ નામે એક માણસ રાત્રે ઈસુની પાસે આવીને પૂછત નહિ કે અનંતજીવન પામવા હું શું કરું. તે ખૂબ જ ધાર્મિક અને મોટો અધિકારી, ખૂબ જ ધનવાન અને ખૂબ માન-મોભાવાળો તે સમયમાં તેની વગ અને શાખ, આબરું સારી હતી. કશાની ખોટ ન હોવા છતાં ઈસુ પાસે આવીને પ્રશ્ન પૂછે છે અને ત્યાં જ ઈસુ તેને ક્ષણભંગુર અને અનંતકાલિક જીવન વિશે સમજણ આપે છે.

એક માણસ દરિયા કિનારે ઊભો હતો તેની જમણી તરફ દરિયાનું પાણી હતું. ડાબી તરફ કોરી ભૂમિ હતી. ભરતી આવવાથી તેમાંથી થોડી માછલીઓ કોરી ભોંય ઉપર અર્ધમૃતઃપાય હાલતમાં જીવવા માટે તરફડિયાં મારી રહી હતી. આ માણસે ત્યાં

દરિયામાં વચ્ચે ઊભા રહીને તેમાંથી એક માછલી હાથમાં લીધી અને તેને જમણી તરફ દરિયાના પાણીમાં નાખી અને કહ્યું 'જીવન', બીજી એક માછલી હાથમાં લીધી અને ડાબી તરફ જ્યાં કોરી ભૂમી હતી તેમાં નાખીને કહ્યું 'મરણ'. આવું થોડા સમય સુધી કર્યા કર્યું. ત્યાં બીજા કેટલાક માણસો દરિયા કિનારે ઊભા હતા તેમાંથી એકે પૂછ્યું. આવું કરવાનું શું કારણ? તેણે કહ્યું, આ માછલી પાણી વગર જીવી શકે જ નહિ એટલે જે માછલીઓ મેં પાણીમાં નાખી તે હવે કાયમ માટે 'જીવતી' બની ગઈ છે અને જે માછલીઓ કોરી ભોંય પર નાખી છે તે પાણી વગર કાયમ માટે 'મરણ' પામેલી રહે છે.

ઈસુખ્રિસ્ત પોકારી પોકારીને કહે છે 'હું જીવન છું', 'હું જીવનનું પાણી છું', માર્ગ, સત્ય તથા જીવન હું છું. મારાથી નિરાળા રહીને કશું કરી શકવાના નથી. જીવન કે મરણ પસંદ કરવાનું ઈશ્વરે આપણાં હાથમાં મૂક્યું છે. હું અને તમે સ્વતંત્ર છીએ. પણ જો પાપની ગુલામીમાંથી અને શેતાનના હાથમાંથી છૂટી ક્ષણિક જીવન નહિ પણ સદાકાળનું જીવન નિકોદેમસની માફક પસંદ કરીએ જેથી આપણે અને આપણાં સંતાનો જીવતાં રહે, જરૂર રહે. 'આમીન'

# બારણું બંધ થાય તે પહેલાં

ઈસુએ કહ્યું "હું બારણું છું. મારા દ્વારા જો કોઈ પેસે તો તે ઉધ્ધાર પામશે અને માંહે આવશે ને બહાર જશે અને તેને ચરવાનું મળશે. યોહાન ૧૦:૯.

નૂહના સમયમાં પૃથ્વી પાપથી ભરપૂર બની હતી અને ઉત્પત્તિ ૬:૬ મુજબ યહોવાએ પૃથ્વી પર માણસને ઉત્પન્ન કર્યું તેનો તેને પશ્ચાતાપ થયો અને હૃદયમાં તે ખેદિત થયો અને યહોવાએ કહ્યું જે માણસને મેં ઉત્પન્ન કર્યું છે તેનો પૃથ્વી પરથી હું સંહાર કરીશ. આ સમયે આખી પૃથ્વી પર નૂહ ન્યાયી તથા સીધો માણસ હતો. તેને દેવે એક વહાણ બનાવવાની આજ્ઞા કરી અને નૂહે દેવની આજ્ઞાને આધીન થઈ એક વહાણ તૈયાર કર્યું અને ઉત્પત્તિ ૬:૧૬ મુજબ વહાણ તૈયાર થઈ ગયા પછી યહોવા દેવે જાતે નૂહ અને તેના કુટુંબને વહાણમાં મોકલ્યા પછી વહાણનું 'બારણું બંધ કર્યું' ઉત્પતિ ૬:૧૬.

આકાશના રાજ્યને દશ કુમારિકાઓની ઉપમા આપવામાં આવી છે જેમાં વરરાજા ઈસુને મળવા પાંચ બુધ્ધિવાન અને પાંચ મૂર્ખી કુમારિકાઓ વરને મળવા જાય છે. તેઓ પોતાની મશાલો લઈને જાય છે પરંતુ વરને આવતાં વાર લાગે છે અને બુધ્ધિવંતીઓ પૂરી તૈયારી સાથે કૂપીમાં તેલ લઈને જાય છે અને મૂર્ખીઓ મશાલો લઈને જાય છે પરંતુ કૂપીમાં તેલ લીધું નહિ અને મધરાતે પોકાર પડે છે. જુઓ વરરાજા આવ્યો. - અને લખવામાં આવ્યું કે જેઓ તૈયાર હતી તેઓ વરરાજાની જોડે લગ્ન જમણમાં ગઈ અને 'બારણું બંધ' કરવામાં આવ્યું માત્થી ૨૫:૧૦. પછી તે બીજી કુમારિકાઓ પાછી આવીને કહ્યું ઓ સ્વામી, અમારે સારુ ઉઘાડ. પણ તેણે તેઓને ઉત્તર દીધો, હું તમને ખચીત કહું છું કે હું તમને ઓળખતો નથી.

આજે બે હજાર વર્ષથી ખ્રિસ્ત આપણા હૃદયના દ્વાર આગળ આવીને ઊભા છે અને ઠોક્યા કરે છે. પણ વહાલાંઓ આપણે આપણાં હૃદયનાં દ્વાર અંદરથી એવા તો બંધ કર્યા છે કે પ્રભુ ઈસુ છેક દરવાજે આવીને આપણા હૃદયનું દ્વાર ખટખટાવે છે. પણ દુનિયાના પ્રચંડ અવાજો, દુનિયાનો ભોગવિલાસ, મોજમજા આ બધામાં ઈસુનો અવાજ

સંભળાતો નથી અને આપણા હૃદયની અંદરની બાજુની સ્ટોપર એવી તો ફીટ કરી દીધી છે કે ઈસુને પણ તે ખોલવામાં દુઃખ અને વેદના અનુભવવી પડે છે. પ્રભુ કૃપા કરે. આપણે આપણા હૃદયનું દ્વાર અંદરથી ખોલીને ઈસુને આમંત્રણ આપીએ. સ્વર્ગનું દ્વાર આપણી અવળચંડાઈને કારણે જેમ નૂહના સમયમાં થયું અને દશ કુમારિકાઓમાંથી પાંચ મૂર્ખીઓના સંબંધમાં થયું એમ સ્વર્ગનું બારણું ઈસુ સદાને માટે આપણા માટે બંધ કરે તે પહેલાં પ્રભુ આપણને નવી કૃપા આપે કે આપણે આપણા હૃદયનું દ્વાર ઈસુ માટે ખોલીએ.

✪ ✪ ✪

# અદ્ભૂત બચાવ-ગજબ સાક્ષી

ઈશ્વરના ભક્તોની આસપાસ તેનો દૂત છાવણી કરે છે. સંકટને સમયે તે હાજરાહજૂર મદદગાર છે. વળી દાઉદભક્ત કહે છે કે, "તને તારા સર્વ માર્ગોમાં સંભાળવાને માટે તે પોતાના દૂતોને આજ્ઞા આપશે." ગીત. ૯૧:૧૨.

એક-બે નહિ, પણ સત્તર માણસોનો અદ્‌ભુત બચાવ ફક્ત જીવંત ઈશ્વર જ કરી શકે. વાત કંઈક આવી છે. અમે નડિયાદ ખ્રિસ્તી સમાજ સંગઠનના બધી જ મંડળીના સત્તર જેટલા આગેવાનો ઠાસરા તાલુકાના ભરથરી ગામે ખ્રિસ્તીઓ ઉપર થયેલા કથિત હુમલામાં ઘવાયેલા પાળક સાહેબ અને ઓ.એમ.ટીમ.ના પાંચ ભાઈઓને દિલાસો આપવા અને પ્રાર્થના માટે નડિયાદથી મેટાડોર દ્વારા ગયા હતા. ત્યાં ગયાં પછી ગામના ખ્રિસ્તી ભાઈઓ દ્વારા જે કંઈ બન્યું તેની વિગતો સાંભળી. આજે પણ લોકો ત્યાં ગભરાટમાં જીવે છે. છતાં એક બહેને આંસુ સાથે બધી હકીકત જણાવી. તેમના ઘરમાં પૂરી દીધેલા પાળક સાહેબ અને પાંચ જુવાનોને ૫૦૦ માણસોના ટોળાએ બહાર કાઢી મારીને અધમૂઆ જેવા કરી નાખ્યાં છાતી ઉપર ત્રિશુલ મૂકી કહ્યું, "તમે શ્રી રામ બોલો તો જ જીવતા છોડી દઈએ." "આ પ્રભુના અર્પિત બાળકોએ કહ્યું ભલે અમને મારી નાંખો પણ અમે શ્રીરામ નહિ બોલીએ." પછી તેમને દૂર ઝાડીમાં લઇ ગયા ગાડી આગળ દોડાવ્યા, અને નિર્જન જગ્યામાં અધમૂઆ કરીને બધાને અલગ અલગ જગ્યાએ છોડી દીધા. "ગજબ સાક્ષી" પ્રભુના સેવકો મરવા તૈયાર થયા પણ તેઓનાં દેવનું નામ લીધું નહિ. બીજું આ તરફ બહેને ઠાસરાના પાળક સાહેબને ફોન કરી હકીકત જણાવી. પાળક સાહેબે અમદાવાદ શ્રી ગોડવીન ગામડીઆ અને સેમસન ક્રિશ્ચિયનને તાત્કાલિક જાણ કરી તેઓ રાત્રે ત્યાં પહોંચી જઈને પોલીસમાં ફરિયાદ નોંધાવી યોગ્ય કાર્યવાહી કરાવી.

હકીકત સાંભળી અમે નડિયાદ પરત ફર્યા. રોડ ઉપર અમે આ પ્રસંગની ગંભીરતા અને ખ્રિસ્તીઓ ઉપરના વારંવારના હુમલાની ચર્ચા કરતા હતા એવામાં નડિયાદ દસ કિ.મી. દૂર હતું ત્યાં જ આડીનાર ચોકડી ગામ આગળ અમારી ગાડીનું વીલ નીકળી

ગયું એક્સલ તૂટી ગઈ, બ્રેક ખલાસ થઈ ગઈ અમારી ગાડી રાઈટ સાઈડથી રોન્ગ સાઈડ લગભગ પાંચસો ફૂટ ઘસડાઈ. સામે એક હૉટલ હતી. અમારા બધાના શ્વાસ અધ્ધર થઈ ગયા કંઈક અજુગતુ થઈ જવાનો ભય ફેલાઈ ગયો. પ્રભુએ તેના વિશ્વાસુપણામાં અમારી ગાડીનો કંટ્રોલ લીધો. સાઈડ ઉપર અમારી ગાડી અમારા આશ્ચર્ય વચ્ચે કોઈપણ જાતના નુકસાન વગર ઊભી થઈ ગઈ. ચોકડી આગળ બધા ભેગા થઈ ગયા. તેઓએ અને પાછળના વાહનચાલકો, તેમજ અમારી ગાડીના ડ્રાઈવરે કબૂલાત કરી કે તમારા ઈશ્વરે તમારા લીધે મને પણ બચાવ્યો. બીજાઓએ કહ્યું આવી સ્થિતિમાં બચવું અશક્ય છે. ઈશ્વરે તમોને બચાવ્યા છે. અમે કહ્યું કે અમે બધા જ ખ્રિસ્તીઓ છીએ અને એક સારા કાર્ય માટે ગયા હતા. તેથી ઈશ્વરે અમને બચાવ્યા.

(૧) હવે આ તરફ જો પાછળથી કોઈ પૂરપાટ વાહન આવ્યું હોય તો અમારી ગાડીની ગતિ ધીમી થઈ ગઈ હતી તેથી અકસ્માત સર્જાત. (૨) જો ગાડી હોટલમાં પેસી ગઈ હોત અથવા ઝાડ સાથે અથડાઈ હોત અગર ગટરમાં પલ્ટી ખાઈ ગઈ હોત તો ભારે અકસ્માત સર્જાત. (૩) રોન્ગ સાઈડ ઉપર અમારી ગાડી જવાથી સામેથી આવનાર વાહનથી અમારી ગાડીના ચૂરેચૂરા થઈ જાત અરે, હા દસ મિનિટ પછી અમારી ગાડી નડિયાદમાં પ્રવેશી ચૂકી હોત તો શહેરમાં ઘણા બધાઓ સાથે અમારી શી હાલત થઈ હોત અને શહેરમાં ઘણા રાહદારીઓ સાથે અમો પણ ભયંકર અકસ્માતનો ભોગ બન્યા હોત. તેમાંના ઘણા આજે કેટલા પ્રભુ પાસે અથવા હૉસ્પિટલમાં હોત એ કલ્પના આજે પણ અમને ધ્રૂજાવી દે છે. ખરેખર એ દિવસ અમારા સત્તર વ્યક્તિઓ માટે નવા જીવનનો દિવસ જ હતો. અમે બધી મંડળીઓના થઈ કુલ ૫૭ વ્યક્તિ હતા. બધાંને પ્રભુએ બચાવ્યા [illegible] ઉપર આવી આભાર માન્યો. બીજી એક અગત્યની વાત જે જગ્યાએ અકસ્માતનો બનાવ બન્યો ત્યાંથી પાછા નડિયાદ આવવા જેમ ઇબ્રાહિમ માટે ઝાડીમાં ઘેટું તૈયાર હતું તેમ અમારા બધા માટે એક આખું વાહન જાણે અમોને બધાને સહીસલામત અમારા ઘરે લાવવા ઈશ્વરે મોકલી આપ્યુ હોય તેમ થોડીવારમાં જ ખાલી મેટાડોર મારફતે અમે સૌ પોતપોતાના ઘરે સહીસલામત આવી પહોંચ્યા. આ બધામાં કેવળ ઈશ્વરે અજાયબ બચાવ કર્યો તે સિવાય બીજું કંઈ નથી.

# માતાપિતાની સંતાનો પ્રત્યેની ફરજો

"બાળકે જે માર્ગમાં ચાલવું જોઈએ તેમાં ચાલવાનું શિક્ષણ આપ એટલે તે વૃધ્ધ થશે ત્યારે તે તેમાંથી ખસશે નહિ. નીતિ. ૨૨:૬.

રોમન કેથોલિક સંપ્રદાયના ફાધરો, સીસ્ટરો વિશે એવું કહેવામાં આવે છે કે જો નાનપણથી જ કોઈક બાળકને તેમના હવાલામાં સોંપી દેવામાં આવે તો એ લોકો જે રીતે બાળકની કાળજી રાખી ઉછેર કરે છે કે જીંદગી પર્યંત તેનો સર્વાંગી વિકાસ સાથે ઈશ્વરપરાયણતા, સાથે સામાજીક રીતે ધાર્મિક અને શૈક્ષણિક રીતે ખૂબ અસરકારકતા જોવા મળે છે. માબાપો તરીકે પણ પુનર્નિ. ૧૧:૧૮માં જણાવ્યું છે કે આ મારા વચનો તમે માબાપો તરીકે હાથ પર બાંધો અને તમે તમારી આંખોની વચ્ચે તેઓને કપાળભૂષણ તરીકે રાખો અને તમે ઘરમાં હોય, રસ્તે ચાલતા હોય, સૂતી વેળા અને ઊંઘતી વેળા એ વિશે વાત કરીને તમારાં છોકરાંને તે વિશે શીખવો. પુન. ૧૧:૧૮.

**(૧) બાળપણથી જ ઈશ્વર વિશે શિક્ષણ આપવાની ફરજઃ** ઉત્પત્તિ ૨૪:૬૩ મુજબ ઇબ્રાહિમ અને સારાહ પોતાના દીકરા ઈસ્હાકને જે રીતે શિક્ષણ આપ્યું પરિણામ તેના લગ્ન રીબકાહ સાથે થયાં છે તે સમાચાર જાણી સૌ પ્રથમ "મનન" કરવા ગયો. યૂસફ અને મરિયમ ઈસુને બાળપણથી જ તેમની સાથે રાખી મંદિરમાં લઈ જતાં. ઈસુ મંદિરમાં ખોવાઈ ગયા ત્યારે મીઠો ઠપકો પણ આપવામાં આવે છે. શિક્ષણ અને શિક્ષા સાથે જાય છે. નીતિ. ૨૩:૧૩ મુજબ જરૂર પડે બાળકને શિક્ષા કરવાથી પાછા ન હઠવા વિશે જણાવે છે. નીતિ. ૨૯:૧૫ મુજબ સોટી "જ્ઞાન અને ઠપકો" સાથે "નિરાંત" પણ આપે છે. નીતિ. ૨૯:૧૭ મુજબ. જે સોટી મારતો નથી તે પોતાના દીકરાનો વેરી છે. નીતિ. ૨૨:૧૫ મુજબ મૂર્ખાઈ બાળકના હૃદય સાથે જોડાયેલી છે. માટે જ લૂક ૧૫માં ઉડાઉ દીકરાની મૂર્ખાઈ તેને કંગાળ અને બેહાલ પરિસ્થિતિમાં લાવે છે. માબાપો બાળકોને પ્રેમ જરૂર કરે સાથે યોગ્ય સમયે શિક્ષા પણ જરૂરી છે. લૂક ૧૧:૧૧ મુજબ દરેક માબાપો ભૂંડા છતાં છોકરાંને સારાં વાનાં આપી જાણે છે. પ્રેમ સાથે કોલોસી ૬:૪ મુજબ છોકરાંને નહિ ચીડવવા વિશે પણ જણાવવામાં આવ્યું છે.

**(૨) બાળકો પ્રત્યે સરખો પ્રેમ રાખોઃ** કુટુંબમાં આપેલા બાળકો પ્રત્યે સરખો પ્રેમ રાખો. ઉત્પત્તિ ૨૭ મુજબ ઈસ્હાક તેના જયેષ્ઠ પુત્ર એસાવને આશીર્વાદ આપવા માંગતો હતો, એટલે મનગમતું ભોજન તેની પાસે તૈયાર કરાવે છે અને આ વાત રિબકાહ જાણી જાય છે અને ત્યાં બનાવટ કરીને એસાવને બદલે યાકૂબને આશીર્વાદ મળે છે. એ જ રીતે યાકૂબ તેના બાર દીકરા પૈકી યૂસફ ઉપર વધારે પ્રીતિ કરતો હતો તેથી તેને કીરમજી રંગનો ઝભ્ભો સીવડાવી આપ્યો આને કારણે યૂસફના ભાઈઓને તેના ઉપર અદેખાઈ આવી અને પરિણામ આપણે જાણીએ છીએ, માબાપો દરેક બાબતમાં બાળકો ઉપર સરખો પ્રેમ રાખવાની ફરજ ચૂકશો નહિ.

**(૩) બાળકો માટે પ્રાર્થના કરવાની ફરજઃ** ૧લો શમુ ૧:૧૨ મુજબ હાન્ના યહોવાની આગળ પ્રાર્થના કરવામાં તલ્લીન હતી. સુસાન્ના વેસ્લી અઢાર બાળકોનાં માતા હોવા છતાં દરેક માટે નામ દઈને આગ્રહથી પ્રાર્થના કરતાં હતાં.

**(૪) બાળકો દેવને અર્પણ કરવાની ફરજઃ** હાન્નાએ દેવની આગળ માનતા માનીને કહ્યું કે સૈન્યોના દેવ યહોવા જો તું તારી દાસીના દુઃખ સામુ નક્કી જોઈશ અને મને સંભારીશ ને તારી દાસીને વિસરીશ નહિ પણ તારી દાસીને દીકરો આપીશ તો હું તેને તેની આખી જિંદગી સુધી યહોવાને અર્પણ કરીશ અને અસ્ત્રો તના માથા પર કદી ફરશે નહિ. આપણા પૂર્વ જ ઈબ્રાહિમે પણ એકના એક દીકરા ઈસ્હાકનું અર્પણ કર્યું. ઉત્પ.૨૨. નવા કરારમાં પ્રભુના શિષ્ય (સેવક) તિમોથીનું અર્પણ તેની મા અને દાદીમાએ કર્યું. માબાપો તરીકે આપણે આપણા બાળકોને પ્રભુના મહિમા માટે અર્પણ કરીએ.

**(૫) બાળકોના લગ્ન કરવાની ફરજઃ** ઉત્પત્તિ ૨૪ મુજબ ઈબ્રાહિમ તેનો જૂનો ચાકર જે તેના સર્વસ્વનો કારભારી હતો તેને તેના દીકરા ઈસ્હાકના લગ્ન માટે તેના દેશના જ કુટુંબીઓમાંથી સ્ત્રી લાવવા જણાવ્યું. આપણે યોગ્ય સમયે દીકરા દીકરીઓના લગ્ન માટે આપણી ફરજ અદા કરીએ જેથી સમાજ અને મંડળીનાં અનૈતિક સંબંધો અને પ્રશ્નોમાં સારો એવો ઘટાડો જોવા મળે.

(૬) ચાલ્યા જતા વર્ષોમાં અને ભ્રષ્ટ જગતમાં માબાપો તરીકે બાળકો માટે સજાગ રહી તેમના સર્વાંગી વિકાસ માટે આપણી ફરજો અદા કરવાની બાબત અનિવાર્ય છે. સાથે એજ્યુકેશન અને ધંધાકીય શિક્ષણ આપવાની ફરજ અદા કરવાની જેથી તેઓ પોતાના પગ ઉપર ઊભા રહી શકે. જે જોખમો અને મુશ્કેલ પરિસ્થિતિઓનો

સામનો માબાપો તરીકે આપણે કર્યો હોય તેનો ખ્યાલ બાળકોને આપવાની જવાબદારી -ફરજ આપણી છે. દુન્યવી રીતે જે શિક્ષણ પ્રાપ્ત કરે તે ઘણી વખત જોખમકારક પુરવાર થાય છે માટે આપણે શરૂઆતથી તેમનો ઉછેર એવી રીતે કરીએ કે તેમનાં જીવનમાં માબાપ તરીકેના સારા મૂલ્યો તેઓ પ્રાપ્ત કરી શકે. પ્રભુ એવું કરે કે આ વિચારો દ્વારા પ્રભુ આપણાં બાળકોને તેમના પ્રતિ આપણી ફરજો સારી રીતે અદા કરી દેવના સારા ઈરાદાઓ સંપૂર્ણ કરીએ.

✪ ✪ ✪

# ડાઘ

જૂન માસના છેલ્લા દિવસે હું ખ્રિસ્તીબંધુ અને ઉપલીમેડી વહેંચવા નીકળ્યો હતો. જે પાળક સાહેબના ઘરે આપવા જતો હતો એ જ પાળક સાહેબ મને રસ્તામાં તેમના ઘર તરફ જતાં મળ્યા. તેમને જોઈ મેં મારું વાહન ઊભું રાખ્યું, તેઓ મારી ડાબી તરફ ઊભા હતા. મારા બંને હાથ સ્ટેરીંગ ઉપર હતા મેં સફેદ શર્ટ પહેર્યું હતું મારા ડાબા હાથે બાંય ઉપર કોઈક વસ્તુના ડાઘ પડ્યા હશે તે પાળક સાહેબને સ્પષ્ટ દેખાતા હતા. તેમણે કહ્યું, શર્ટ સરસ છે પણ તેમાં ડાઘ ક્યાંથી પડ્યા? મેં તરત જ નજર કરી ખરેખર પીળા ડાઘ હતા. અમારો વાર્તાલાપ આગળ ચાલ્યો. મેં કહ્યું સાહેબ, મનુષ્ય જીવનમાં આવા તો ઘણાં ડાઘ હોય છે. જે ક્યારેક દેખાય છે, ક્યારેક નથી દેખાતા. સાહેબે કહ્યું, પણ આ ડાઘ તો સર્ફ લગાવવાથી જતા રહેશે. અમે થોડી વારે છૂટા પડ્યા. રસ્તામાં હું મનોમન વિચારતો કે જીવનમાં ઘણા ડાઘ એવા હોય છે તે ક્યારેય જતાં નથી તેને જતાં પેઢીઓ પણ લાગે છે. છતાં તેનું કલંક કાયમ રહે છે. પણ ત્યાં જ પવિત્ર આત્માએ મને વિચાર આપ્યો કે મનુષ્ય જીવનમાં પડેલા કોઈ ડાઘ દુનિયાનો કોઈ ધોબી કદાચ ન ધોઈ શકે એવા હોય પણ પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે કે જેના લોહી ઉપર વિશ્વાસ કરવાથી ગમે તેવા ડાઘ શુદ્ધ કરવા સક્ષમ છે અને ત્યાં જ ભજનસંગ્રહનું ગીત નં.૨૮૦ કે જેના રચિયતા કવિ શ્રી કાનજી માધવજી રત્નગ્રાહી છે તે મારા સ્મરણમાં આવ્યું:

*મુજ પાપના ડાઘ ધોશે કોણ? ઈસુનુ રુધિર છે વ્હેતું,*
*મુજને સાજો કરશે કોણ? ઈસુનું રુધિર છે વ્હેતુ.*
*અમૂલ્ય છે ખરે શ્વેત બરફ સમ કરે,*
*અન્ય ઝરો ન મળે ઈસુનું રુધિર છે વ્હેતું.*

**(૧) બીજાઓની નજરે દેખાતા ડાઘ:** ગુજરાતીમાં કહેવત છે કે બિલાડી આંખો બંધ કરી ઉંદરને મારીને ખાય છે. તે કહે છે મને કોઈ જોતું નથી એમ જ ભ્રષ્ટ જગતમાં જેઓ ધોળે દિવસે દૂષ્ટતાના અન્યાયના - વ્યભિચારના કામો જે જગતમાં ફાલ્યાફૂલ્યા છે તેનો ભોગ બન્યાં છતાં તેઓ પોતાને બિલાડીની માફક ખૂબ જ હોંશિયાર સમજે છે

પણ તેઓ જાણતા નથી કે તેઓ પોતાને અને ઈશ્વરને છેતરે છે. પરંતુ પ્રકટીકરણ ૨૧:૮ મુજબ તેઓનો ભાગ અગ્નિ તથા ગંધકથી બળનારી ખાઈમાં છે.

(૨) **અજાણતા પડેલા ડાઘઃ** મનુષ્ય જીવનમાં ક્યારેક કશું ખોટું વિચાર્યું પણ હોય છતાં એવા ડાઘ પડી જાય છે જે માણસના જીવનને હતપ્રત કરી શકે છે. પણ જો તેમાં મનુષ્ય ખરેખર નિર્દોષ હોય તો પ્રભુ યોગ્ય સમયે તેના સમયમાં એ ડાઘને દૂર કરી શકે છે અને હર્ષ તથા આનંદ અને શાંતિ આપે છે.

(૩) **જાણીબુઝીને પડેલા ડાઘઃ** જે માણસ વારંવાર ઠપકો પામ્યાં છતાં પોતાની ગરદન અક્કડ રાખે છે તે અકસ્માત નાશ પામશે અને તેનો કોઈ ઉપાય રહેશે નહિ. નીતિ. ૨૯:૧ મુજબ એકનું એક પાપ માણસો વારંવાર કરતા હોય છે. તેમાં જુવાનથી માંડી મોટી ઉંમરના લોકો પણ ક્યારેક એમાંથી બાકાત રહી શકતા નથી. જે જગ્યામાં પ્રમાણિકતા હોવી જોઈએ તે જોવા મળતી નથી તેઓ અકસ્માત નાશ પામે છે.

(૪) **દેખાદેખીથી પડેલા ડાઘઃ** ઘણી વખત માણસ બાઈબલના અમુક પાત્રોને આગળ કરીને તેનો ઓથો બનાવી તેના જેવું જ પાપ આચરે છે અને જીવનમાં ડાઘ પડે છે. દા.ત. દાઉદ રાજાએ ઉરીયા હિત્તિની સ્ત્રીની સાથે વ્યભિચાર કરી તેનાં જીવનમાં મોટો ડાઘ પડે છે. સામસુને પણ દલિલાહ સાથે વ્યભિચાર કર્યો. સોલોમન રાજા. આવા અનેક પાત્રોને આગળ ધરીને પોતાનો લૂલો બચાવ કરે છે અને પોતાને ન્યાયી ઠેરવવા ખોટો આડંબર કરતા હોય છે. ઘણાં તેને પોતાનું પ્રિવિલેજ માને છે, ઘણાં એમાં મર્દાનગી સમજે છે અને જીવનમાં દેખાદેખીથી પડેલા ડાઘનો ઢાંકપિછોડો કરે છે પણ બાઈબલ ક્યારેય આને સમર્થન આપતું નથી.

ઘણા લોકો બીજી વ્યક્તિની મજબૂરીનો ગેરલાભ લેતા હોય છે. પેલાએ કર્યું અને મને કરવામાં શું વાંધો છે. એમ ઘણીવખત મોજશોખનું સાધન બની જાય છે. ગમે તે રસ્તે નાણાં ઊભા કરી તેને ખરાબ રસ્તે વાપરવાં એ પણ મોટું દૂષણ છે. બાઈબલ કહે છે કે એક પણ ન્યાયી નથી. સઘળાંને પાપનાં ડાઘ પડેલાં છે અને સઘળાં દેવનાં મહિમા વિશે અધુરાં છે. રૂમી. ૩:૨૩ પણ દાઉદભક્તની માફક ખરા હ્રદયથી પસ્તાવા સહિત પડેલા ડાઘને દૂર કરવાની પ્રાર્થના કરવામાં આવે. ગીત.૫૧:૭ મુજબ ઝુફાથી મને ધોજે એટલે હું શુદ્ધ થઈશ મને નવડાવ તો હું હિમ કરતાં ધોળો થઈશ અને દાઉદની પ્રાર્થના સાંભળવામાં આવી અને ગીતશાસ્ત્ર : ૫૧ તેણે લખ્યું. ખરેખર ઈસુનું લોહી જ સઘળા પ્રકારના પાપના ડાઘ દૂર કરવા શક્તિમાન છે.

✪ ✪ ✪

# અદેખાઈ (ઈર્ષા)

*'કેમ કે જ્યાં અદેખાઈ તથા ચડસાચડસી છે; ત્યાં ધાંધળ તથા દરેક દુષ્કર્મ છે.' -યાકુબ : ૩:૧૬.*

આજકાલ આપણા કુટુંબ, સમાજ અને મંડળીમાં જો કોઈ બાબત ઘર કરી ગઈ હોય તો તે એકબીજા પ્રત્યે ઈર્ષા, નિંદા, કડવાશ તથા અદેખાઈ છે. પરિણામે માણસ પોતાના જ આત્મિક જીવનનો નાશ નોંતરે છે. અને આમ, દરેક ક્ષેત્રે અને એકબીજા પ્રત્યે વિખવાદ અને ઝેર ફેલાવે છે. અને 'ભાગલા પાડો અને રાજ કરો'ની નિતી અખત્યાર કરે છે. અને આ બાબત ઘણાના જીવનોમાં માનસિક રીતે અને શારીરિક રીતે ઈશ્વરે આપેલી દશ આજ્ઞાઓ પૈકી છઠ્ઠી આજ્ઞા પ્રમાણે તું ખૂન ન કર એનો આંતરિક રીતે આ અદેખાઈ સ્થાન લે છે અને માનસિક ખૂન કરે છે. ઘણી વખત ઓલીમ્પિક જેવી અથવા બીજી રમતોમાં પ્રથમ આવનાર વ્યક્તિનો બીજા લોકો કે જેઓ હરીફાઈમાં નિષ્ફળ નિવડ્યા છે અથવા પાછળ રહી ગયા છે તેઓ દ્વારા ટીકા, નિંદા, અદેખાઈ કરી મનમાની કરનાર લોકોની સંખ્યા ઓછી નથી. આજે સમાજ કે મંડળી કે કુટુંબમાં જો કોઈ સારી કારકિર્દી પ્રાપ્ત કરે, આર્થિક રીતે સધ્ધર હોય, સુખી સંપન્ન લોકો હોય, સારી રીતે રહેતા હોય બીજાને કંઈ પૂછતા ન હોય. આવા લોકો પ્રત્યે જેઓ પાસે આમાંનું કશું હોતું નથી એવા લોકો આવું અદેખાઈનું વાતાવરણ ઊભું કરે છે. મેથોડિસ્ટ મંડળીનાં પ્રભુના એક સેવક તેમના સંદેશામાં ઘણી વખત કરચલાં વિશે દાખલો આપતા જણાવે છે કે એક બહેન તેમના માથા ઉપર ઉઘાડાં ટોપલામાં કરચલાં લઈને જતાં હતાં તેમાંનાં ઘણાં કરચલાં ટોપલાની કિનારી ઉપરથી બહાર નીકળવા પ્રયત્ન કરતાં હતાં. આ જોઈને એક ભાઈએ કહ્યું, "બહેન, તમારાં ટોપલામાંથી કરચલાં બહાર જતાં રહેશે." બહેને કહ્યું, "એવું ક્યારેય નહિ બને, કેમ કે જે કરચલાં અંદર ટોપલામાં છે, તે કરચલાં જ આ બહાર નીકળવા પ્રયત્ન કરતાં કરચલાંના પગ ખેંચી પાછા ટોપલામાં બેસાડી દેશે તેમને બહાર નીકળવા જ દેશે નહિ." બીજાની નિંદા કે અદેખાઈ કરવામાં, પગ ખેંચવામાં ઘરના ભાડે દોડી જઈએ છીએ. આ વિશે અદેખાઈને લીધે જેઓને નુકસાન કર્યું હોય એવા બાઈબલમાં અનેક દાખલા જોવા મળે છે.

દા.ત. (૧) **કાઈન અને હાબેલ** ઉત્પત્તિ ૪:૮ મુજબ કાઈને પોતાના જ ભાઈ હાબેલને મારી નાખ્યો અને અદેખાઈનું પ્રથમ ખૂન પૃથ્વી પર જોવા મળે છે.

(૨) **યૂસફઃ** ઉત્પત્તિ ૩૭:૩ મુજબ ઈસ્ત્રાએલ તેના સર્વ દીકરાઓ કરતાં યૂસફ ઉપર વિશેષ પ્રીતિ કરતો હતો અને તેણે તેને સારું એક રંગીન ઝભ્ભો પણ સિવડાવી આપ્યો હતો, અને આ બાબત તેના ભાઈઓએ જોઈ અને તેમને ગમ્યું નહિ, અને પરિણામે તેના ઉપર અદેખાઈ કરવા લાગ્યા અને ઈસ્ત્રાએલીઓનો જે સંઘ ગીલઆદથી આવતો હતો, તેમને તેઓએ ગુલામ તરીકે યૂસફને વેચી દીધો. અદેખાઈને લીધે ઘણી વખત બીજાને નુકશાન કરવામાં પોતાને પણ અનેકગણું નુકશાન વેઠવું પડે છે તેનું આ સચોટ ઉદાહરણ છે.

(૩) **હામાનઃ** પ્રભુના સેવક મોર્દખાય વિશે અદેખાઈ રાખી તેને ખેદાન-મેદાન કરી નાખવા એસ્તર રાણી સાથે છકાપંચા અને પ્રોપરગંડા રમીને તેનું કાસળ કાઢવા હામાને ફાંસીનો માંચડો મોર્દખાય માટે તૈયાર કરાવ્યો પરંતુ જેમ કહેવત છે. 'જે ખાડો ખોદે તે જ તેમાં પડે' તેમ હામાન માટે જ ફાંસી કરુણ અંજામરૂપ બની. એસ્તર ૭:૧૦. મુજબ લખવામાં આવ્યું છે કે 'જે ફાંસી હામાને મોર્દખાય માટે તૈયાર કરી હતી તેના ઉપર તેઓએ હામાનને જ ફાંસીને માંચડે લટકાવી દીધો.' જોયું અદેખાઈનો સચોટ દાખલો. આ ઉપરથી આપણને જોવા મળે છે કે જો આપણે બીજા માટે ફાંસી તૈયાર કરીએ અથવા અદેખાઈ કરીએ,તો પરિણામે તેનો ભોગ આપણે જાતે જ બનીશું. અદેખાઈ એ હાડકાંનો સડો છે. અને જ્યારે આપણે અદેખાઈરૂપી ફાંસી બીજા માટે તૈયાર કરીએ છીએ તેજ ઘડીથી ઈર્ષાની ફાંસી ઉપર આપણું પોતાનું જ આત્મિક અને નૈતિક જીવન લટકાઈ જાય છે.

(૪) પ્રભુના મુખ્ય દૂત(શેતાન) લ્યુસીફરે ઈસુ માટે અદેખાઈ કરી. તેના કરતા મહાન બનવાની ઈચ્છા કરી તે જ ઘડીએ તેનું પતન થયું અને ઈશ્વરે તેને સ્વર્ગમાંથી છેક પૃથ્વી પર ફેંકી દીધો. આ જ આ હારેલો શત્રુ શેતાન અદેખાઈને લીધે તદ્દન નિરાશ હાલતમાં આમ-તેમ ભટકી રહ્યો છે. અને ઈર્ષા અને અદેખાઈની આગમાં જાતે તો બળી રહ્યો છે અને બીજાને પણ બાળી રહ્યો છે. જગતમાં અને પવિત્ર શાસ્ત્રમાં જે બધા પાપોનું વર્ણન છે તેમાં આ અદેખાઈનું પાપ પણ કોઈ રીતે ઉતરતું નથી. અને અદેખાઈના પાપથી જે લોકો દોષિત છે તેઓને પણ ન્યાયકાળે ઈશ્વર આગળ ઊભા રહી જવાબ આપવો પડશે. નીતિઃ ૨૭, ૪ મુજબ સુલેમાન રાજા કહે છે તેમ અદેખાઈ સામે કોણ ટકી રહેવા શક્તિમાન છે. પ્રભુ એવું કરે આવા અદેખાઈના ભયંકર પાપથી આપણો છુટકારો કરે જેથી ન્યાયકાળે તેમની આગળ નિર્દોષ રીતે ઊભા રહી શકીએ.

✪✪✪

# જુવાની એક તાલંત

જુવાન માણસ પોતાનો જીવનક્રમ શાથી શુદ્ધ કરી શકે?

તારા વચન પ્રમાણે તેને વિશે સાવધ રહેવાથી. ગીત.૧૧૯:૯.

મનુષ્ય જીવનની ત્રણ અવસ્થા છે (૧) બાળપણ (૨) જુવાની (૩) ઘડપણ. તેમાં સૌથી કિંમતી અને મૂલ્યવાન અવસ્થા હોય તો તે જુવાની છે. છતાં મનુષ્ય આ અવસ્થાને નાનાં બાળકોની જેમ લાપરવાહીમાં કોઈપણ પ્રકારની ચિંતા કે બોજ વગર મોજમજા અને જુવાનીના મદમાં સોના જેવી જુવાની ધૂળ અને રાખ સમાન બનાવી દે છે. જુવાની ક્યારે જતી રહે છે તે તેમને ખબર પડતી નથી. પરિણામે ઈશ્વરે આપેલું ૭૦ કે ૮૦ વર્ષનું આયુષ્ય કશા પણ અર્થ વગર ક્યારે પુરું થાય છે તે મનુષ્યને ખબર પડતી નથી. એટલે જ ભક્ત દાઉદ કહે છે. 'મારા પગોને માટે તારું વચન દીવારૂપ છે અને મારા માર્ગને સારું અજવાળારૂપ છે. ગીત.૧૧૯:૧૦૫.

જુવાની એક તાલંત સમાન છે. તેનો સદ્‌ઉપયોગ કરવા માટે જ છે, તેને દાટી મુકવા માટે નહિ. બાઈબલમાં જેમ પેલા કુલીન માણસે પરદેશ જતી વખતે તેના દશ ચાકરોને એક-એક મહોર તાલંત આપી પાછા આવીને જ્યારે હિસાબ માગ્યો ત્યારે એક તેમાંથી બીજા દશ તાલંત કમાયો. બીજો પાંચ કમાયો. ત્રીજાએ એક તેનો તે જ તાલંત પાછો આપ્યો અને કહે છે સાહેબ, તારી મહોર મેં રૂમાલમાં રાખી મુકી છે, કેમ કે હું જાણતો હતો કે તું કઠણ અને ન્યાયી માણસ છે. ત્યારે પેલા શેઠે ગુસ્સે થઈને તેને કહ્યું, ભૂંડા તથા આળસુ ચાકર તું સદાકાળના અંધકારમાં પેસ. લુક ૧૯:૧૧ થી ૧૭.

**(૧) યુસફ:** યુસફ સુંદર તથા રૂપાળો હતો. જુવાનીનો ભરપુર જોશ હતો છતાં વ્યભિચાર કરવા મળેલી પુરતી તક પ્રભુના ભયમાં ઠુકરાવી અને તેણે કહ્યું 'એવું મોટું કુકર્મ કરીને હું મારા દેવનો અપરાધી કેમ થાઉં. ઉત્પત્તિ ૩૯:૯.

**(૨) દાનિએલ:** નબૂખાદનેસ્સારના રાજ્યમાં કરાવેલ નિયમમાં તે અડગ રહ્યો પણ દાનિએલે પોતાના મનમાં ઠરાવ કર્યો કે રાજાના પાલનથી તથા જે દ્રાક્ષારસ તે

પીએ છે તેથી હું મારી જાતને વટાળીશ નહિ તે માટે તેણે મુખ્ય ખોજાને વિનંતિ કરી કે વટાળથી મુક્ત રહેવા મને પરવાનગી મળે. તે તેના નિર્ણયમાં અડગ રહ્યો. તેથી જ્યારે તેને સિંહોના બિલમાં નાંખવામાં આવ્યો ત્યારે સિંહોએ તેને કંઈ કર્યું નહિ. જ્યારે તેણે ઠરાવ કર્યો હતો ત્યારે તે ૧૯ વર્ષનો યુવાન હતો અને જ્યારે તેણે માંસ ખાવાની અને દ્રાક્ષારસ પીવાની ના પાડી હતી ત્યાર પછી ૯૧ વર્ષે જ્યારે તેને સિંહોના બીલમાં નાંખવામાં આવ્યો ત્યારે સિંહોએ તેનું માંસ ખાધુ નહિ એવું બાઈબલના સ્કોલરો જણાવે છે.

(૩) **દાઉદભક્તઃ** જુવાનીમાં સત્તાના ખ્વાબમાં જુવાનીના મોજમજા માણવા - જુવાનીના મદમાં ઉરિયાહિતી સાથે વ્યભિચાર કરી તેના પતિને મારી નંખાવ્યો. જ્યારે તેને સત્યનું ભાન થયું ત્યારે તેણે રડીને પસ્તાવો કર્યો. પરિણામે ગીતશાસ્ત્ર ૫૧મો અધ્યાય લખવામાં આવ્યો. વ્હાલા જુવાન ભાઈબહેનો - જગતના ત્રણ શેતાનો - તેનાથી દૂર રહીએ. આંખોની લાલસા - દેહની વાસના અને જગતનો અહંકાર તેનાથી દૂર રહી પ્રભુ માટે જીવીએ. ખુદ પ્રભુ ઈસુ ખ્રિસ્ત બાર વર્ષની ઉંમરે દેવના ઘરમાં હતા. બાળ શમુએલ પ્રભુની હજૂરમાં હતો. આપણે પણ પ્રભુની હજુરમાં રહી પ્રભુ માટે જીવીએ.

✪✪✪

# નાતાલ પર્વમાં ભુલાઈ જવાતા પ્રભુ ઈસુ

આજે વિશ્વમાં નામનો મહિમા અને મહત્ત્વ ખૂબ જ વધારી દેવામાં આવ્યું છે. સામાન્ય વ્યક્તિથી માંડીને દરેક ક્ષેત્રમાં પછી તે સામાજિક હોય, રાજકીય હોય કે ધાર્મિક દરેકમાં મનુષ્ય તેના નામનો મહિમા ઝંખે છે. તેને માટે જાતજાતના પ્રયત્નો કરી ભલે નામ પ્રમાણે ગુણ કે કાર્યો ન હોય છતાં નામ કેવી રીતે આગળ આવે તેના મિથ્યા પ્રયત્નો કરી પોતાની મહત્તા હાંસલ કરવા અથાગ પ્રયત્નો કરે છે. કુટુંબમાં જ્યારે બાળકનો જન્મ થવાનો હોય ત્યારે તેનું નામ શું પાડવું તેના માટે ખૂબ જ વિચાર વિમર્શ કરવામાં આવે છે. જેથી કુટુંબમાં આવનાર બાળકનું સારું નામ પડાય પરંતુ જગતના તારનારનું નામ પવિત્ર આત્માની પ્રેરણાથી દૂત દ્વારા પ્રગટ કરવામાં આવે છે. અને યુસુફ તથા મરિયમ એ નામ માન્ય રાખે છે. નાતાલનો સાચો અર્થ આનંદ અને મહિમા આ નામમાં જ સમાયેલો છે. તે બાબત લૂક ૨:૧ થી ૨૦. કલમમાં પરિપૂર્ણ થયેલું જોઈએ છે. તેમાં દૂતો, ઘેટાં પાળકો, પૃથ્વી પરના માણસો આ નામનો મહિમા પ્રગટ કરે છે. તે સ્પષ્ટ દેખાય છે. પણ દુઃખની વાત એ છે કે આજે બે હજાર કરતાં વધુ વર્ષથી કોણ જાણે કેમ પણ નાતાલની તડામાર તૈયારી અને ઉજવણીમાં જેને માટે આ બધું કરીએ છીએ તેને જ ભૂલી જઈએ છીએ. સારાં કપડાં, ખોરાક, સજાવટ અને ઇત્યાદી બાબતોમાં ઈસુને ભૂલી જઈએ છીએ. થોડા વર્ષો પહેલાં નાતાલ પૂર્વે એક કુટુંબમાં ઈસુના જન્મ સમયે જે ગભાણનું દૃશ્ય તેમાં રહેલા બધાં પાત્રો, જેવાં કે માગીઓ, ભરવાડો, યુસફ, મરિયમ દૂતો વગેરેથી સુંદર ગભાણનું ચિત્ર તૈયાર કરવામાં આવ્યું. રાત્રે બધા થાકીને સૂઈ ગયાં વહેલી સવારે જાગ્યા. કુટુંબમાં એક નાના દીકરાની વાતથી આશ્ચર્ય થયું. ખરેખર તેમાં બાળ ઈસુનું પાત્ર દેખાતું જ નહતું. વહાલાઓ જેને માટે મહિના કરતાં વધુ સમયથી તૈયાંરીઓ કરીએ છીએ જેને માટે નાતાલ ઉજવવાના છીએ, તે ઈસુને શું આપણે યાદ રાખીએ છીએ કે ભૂલી જઈએ છીએ?

'કેવું મધૂર પ્રભુ ઈસુનું નામ, યાદ રાખવા જેવું ઈસુનું નામ'

'જો ન રાખ્યું યાદ આ યુગમાં તો નહિ રાખે ઈસુ તમારું નામ.'

'જો ભૂલી ગયાં આ યુગમાં ઈસુ નામ તો ભૂલી જશે આવનાર યુગ તારું નામ.'

એક દિવસ ટ્રાક્ટ સોસા. ઑફિસમાં હું મારી જગ્યાએ બેઠો હતો. એક સજ્જન મારી પાસે આવ્યા અને મારું નામ દઈને તેઓએ મને સલામ કરી અને મેં પણ સામે સલામ કરી અને તેમને બેસવા જણાવ્યું પણ તેઓ બે ઘડી મારી સામે જોઈ ઉદાસીનતા સાથે કહ્યું, કેમ? તમને મારું નામ યાદ નથી આવતું મેં તમને તમારું નામ દઈને બોલાવ્યા ને તમે? મેં કહ્યું ખરેખર તમારું નામ યાદ નથી રહ્યું. તે ભાઈ બોલ્યા અરે શું વાત કરો છો? હજી તો ગયે મહિને જ તમે અમારા ચર્ચમાં બુકસ્ટોલ લઈને આવ્યા હતા. મેં તમારી પાસેથી પુસ્તકો ખરીદ્યા હતાં, અને એટલી વારમાં મારું નામ ભૂલી ગયા? મેં કહ્યું, તમારી વાત સાચી પણ મારે આખા ગુજરાતમાં ઘણા બધાને મળવાનું થાય છે અને મારાથી બધાંનાં નામ યાદ રહેતાં નથી, એ મારી મુશ્કેલી છે. થોડા વાર્તાલાપ પછી જતાં જતાં કહેતા ગયા મારું નામ યાદ રાખવા જેવું છે. તે સજ્જનના ગયા પછી ગભાણમાં જન્મેલા ઈસુના નામ વિશે વિચાર આવ્યો કે જગતના તારનારને પણ આપણે ઘણી વખત ભૂલી જતા નથી શું? યોહાન ૧૦:૩ મુજબ તે પોતાનાં ઘેટાંને નામ લઈને બોલાવે છે. ઈશ્વર એના લોકોને પ્રેમ કરે છે તે દરેકને નામ લઈને બોલાવે છે. યશાયા ૪૩:૧ થી ૩ પ્રમાણે હવે હે યાકૂબ તારો ઉત્પન્નકર્તા યહોવા તારો બનાવનાર એવું કહે છે કે તું બીશ મા કેમ કે મેં તારો ઉદ્ધાર કર્યો છે મેં તારું નામ દઈને તને બોલાવ્યો છે તું મારો છે. આ સાથે બીજા અને સેવકોને તેણે નામ દઈને બોલાવ્યા છે. જેવા - મૂસા, દાઉદ, શમૂએલ, સામસુન, ઈબ્રાહિમ વગેરે ઘણી વખત, મનુષ્યો ખુદ પોતાનો મહિમા શોધે છે. ખાસ કરીને જ્યારે દાનધર્મ કરે ત્યારે પોતાનું નામ સોવેનિયર કે રિપોર્ટમાં કે તકતી પર લખાય, એમાં વધુ મહત્ત્વ જુએ છે, શોધે છે. પણ વહાલાઓ, નાતાલ પર્વમાં ઈસુનું યાદ રાખવામાં નીચે મુજબના અજાયબ આશીર્વાદો સમાયેલા છે. જેવા કે ઈસુ નામથી આત્માનો ઉધ્ધાર થાય છે, ઉન્નત શિખરે પહોંચાય છે, અપરાધ ઢંકાય છે, મલિન આત્માનું બદલાણ થાય છે, મારું તારું ત્યજાય છે, ઉર ઊર્મિયો ઊભરાય છે, ઈસુ નામ પ્રેમી અને વિશ્વપ્રેમી નામ છે. આ નાતાલ પર્વમાં પ્રભુ ઈસુનું નામ નહિ ભૂલવા કૃપા આપે!

# આપઘાત શા માટે ?

*'સ્ત્રીજન્ય મનુષ્ય અલ્પાયુ અને સંકટથી ભરપૂર છે.'* અયૂબ ૧૪:૧.

ખ્રિસ્તી જીવન સંઘર્ષમય અને મુશ્કેલીઓથી ભરેલું છે. પરંતુ પ્રભુનું વચન યાદ દેવડાવે છે કે જગતમાં તમને સંકટ છે પણ હિંમત રાખો જગતને મેં જીત્યું છે. વળી ૧લો કોરિંથી ૧૦:૧૩માં જણાવ્યા પ્રમાણે પરીક્ષણ સાથે છૂટકાનો માર્ગ પણ છે. તે શક્તિ ઉપરાંત આપણા ઉપર પરીક્ષણ કે મુશ્કેલી આવવા દેતા નથી. આપણે સહન કરી શકીએ એટલું જ કોઈ એવી સમસ્યા નથી કે જેનો ઉકેલ ના હોય પરંતુ માણસ ઘણી વખત એ ભૂલી જાય છે, કે આપણા પ્રશ્નોનો ઉકેલનાર મહાન છે. એટલે જ અયૂબ એની ભયંકર મુશ્કેલ પરિસ્થિતિમાં પણ કબૂલ કરે છે કે 'હું જાણું છું કે મારો ઉત્પન્નકર્તા જીવે છે.' માણસો ઘણી વખત એમના પ્રશ્નો ઈશ્વર કરતાં મોટા બનાવી દે છે અને ઈશ્વરને પ્રશ્નો કરતાં. નાના પરિણામે હતાશ અને નાસીપાસ થઈને આપઘાતનું પગલું ભરે છે. જેમ યહુદાએ કર્યું તેમ!

આજકાલ આપણા ખ્રિસ્તી સમાજમાં પણ આપઘાતનું પ્રમાણ વધી ગયેલું જોવા મળે છે. જુવાન દીકરા દીકરીઓ પ્રેમમાં નિષ્ફળતા મળવાથી આપઘાત કરે છે. ખ્રિસ્તી કૌટુંબિક જીવનમાં કોઈક એવો પ્રશ્ન ઊભો થાય તો બેમાંથી એક આપઘાતનો આશરો લે છે. સહેજ પણ ધીરજ કે હિંમત રાખ્યા વગર ઉતાવળિયું પગલું ભરે છે. જેમ 'મરણ ખ્રિસ્તીજીવનમાં અંત નથી પણ અનંત જીવનમાં પ્રવેશવાનું બારણું છે. એમ જ આપઘાત એ સર્વ મુશ્કેલ પરિસ્થિતિ કે સંજોગોનો અંત નથી પરંતુ અનંતકાળ સુધી કે જ્યાં અગ્નિ કદી હોલવાતો નથી અને જેનું તળિયું નથી એવા વિનાષક દુઃખમાં પહોંચવાનું અયોગ્ય પગલુ છે. ઉત્પત્તિ ૧:૨૬ પ્રમાણે ઈશ્વરે પોતાના સ્વરૂપ અને પ્રતિમા પ્રમાણે માણસને ઉત્પન્ન કર્યું - ઉત્તમ મનુષ્ય જીવનની ભેટ અતિશ્રેષ્ઠ.

એને અકાળે નાશ કરવાનો માણસને ઈશ્વરની પ્રતિમાને બગાડી નાખવાનો કોઈ અધિકાર નથી.

એક ચિત્રકાર હતો એણે એના જીવનનું શ્રેષ્ઠ ચિત્ર બનાવવાનો વિચાર કર્યો અને ચિત્ર બનાવવાની શરૂઆત કરી. થોડા દિવસમાં એણે એની મનપસંદ ચિત્ર (છબી) તૈયાર કરી છેલ્લો ઓપ આપી રહ્યો હતો. એવામાં એનો એક જીગરજાન મિત્ર મળવા આવ્યો. આ ચિત્રકાર એના કાર્યમાં મશગૂલ હતો પરંતુ આ મિત્રએ ગમ્મતમાં બાજુમાં પડેલા બીજા કલરનો ડબ્બો હાથમાં લઈ આ સુંદર છબી ઉપર છાંટી દીધો અને આખું ચિત્ર બગાડી નાખ્યું. આ ચિત્રકારે પાછળ જોયું તો એનો જીગરજાન મિત્ર હતો. એ ઊભો થયો અને સટ દઈને લાફો મારી દીધો. કારણ કે એના જીવનની શ્રેષ્ઠ છબી એણે બગાડી નાખી અને ગુસ્સે થઈને એને લાફો માર્યો.

વહાલા ભાઈબહેનો, આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તે આપણને - સર્વ વસ્તુઓમાં સર્વશ્રેષ્ઠ ઉત્તમોત્તમ મનુષ્ય જીવનમાં (છબી)ના રૂપમાં પ્રતિમા અને સ્વરૂપ પ્રમાણે તેનાથી થોડા જ ઉતરતાં બનાવ્યાં છે. તેને આપણી રીતે અકાળે બગાડી નાખવાનો શો અધિકાર ? પ્રભુનું વચન કહે છે કે 'માણસના આયુષ્યની મર્યાદા ઠરાવેલી છે તેના મહિનાઓની ગણતરી તેના હાથમાં છે તો એ સમય અને મર્યાદા પહેલાં આપઘાત કરી અકાળે જીવનરૂપી છબી બગાડવી એ મોટું પાપ છે જીવીને પ્રભુને માટે વપરાવું એ અગત્યનું છે' પ્રભુ આ વાતો સમજવા કૃપા આપે.

✪ ✪ ✪

# સમૂહ પ્રસાર માધ્યમો-અભિશાપ કે વરદાન

કોઈ લેખકે આ પ્રમાણે કહ્યું છે કે જો પક્ષી તમારા માથા ઉપર ઉડે તો તેમાં કોઈ જોખમકારક વસ્તુ નથી પણ જ્યારે તે પક્ષી તમારા જ માથા ઉપર માળો બાંધવાનો પ્રયત્ન કરે તો શું તેને તમો બાંધવા દેશો? આ રીતે જગતમાં જે વસ્તુઓ દશ્ય અને અદશ્ય વસ્તુઓ છે તેનાથી માણસને લાભ કરતાં નુકશાનકારક વધુ પૂરવાર બની શકે છે. એ જ રીતે જગતમાં આજની પ્રવર્તમાન પરિસ્થિતિમાં જે મીડીયા છે જેવાકે ટી.વી. પ્રસારણ, ઈન્ટરનેટ, સમાચારપત્રો, મેગેઝીનો, ઈત્યાદિ જે પ્રથમ નજરે માણસને લાભકારક દેખાય. જોવામાં વાંચવામાં આનંદ પ્રાપ્ત થાય પણ તેમાં વરદાન કરતાં અભિશાપની શક્યતાઓ વધી જાય છે. દા.ત. ટી.વી. પ્રસારણ સારા સમાચારો કે જોગ્રોફી કે વિજ્ઞાન કે, શિક્ષણના જે પ્રોગ્રામો આવે છે તે જોવા માટે સારા છે પણ તેમાં ૧૦૦ કરતાં વધુ ચેનલો આપવામાં આવે છે. જે પણ ચેનલ ખોલો તો જગતની વાસનાનાં દશ્યો, આંખોને પ્રથમ નજરે નજરે મોહક લાગે એવાં દશ્યો માનવી જીવનને પતનના આરે લઈ જાય છે. દા.ત. હીરો-હીરોઈન એકબીજાને ચુંબન કરતાં કે આલિંગન કરતાં અથવા પારદર્શક કપડાં સાથે જાહેરાતો કે સ્ટેજ શો કરવામાં જે આકર્ષણ આંખોને ગમી જાય. પણ ત્યાર પછી વ્યભિચારનાં દશ્વો અંગપ્રદર્શનનાં દશ્યો, આ ચલચિત્રોના મોહક પ્રોગ્રામ ચોવીસ કલાક ચેનલો પરથી પ્રસાર કરવામાં આવે છે તે માનવી જીવનને ઊંડી અસર કરે છે.

એ જ રીતે સમાચારપત્રો, મેગેઝીનોમાં જ્ઞાનવિજ્ઞાનની વાતો - શારિરીક રીતે ખુલ્લેઆમ પ્રશ્નોના જવાબો - વ્યભિચારના કિસ્સા, લૂંટફાટના બનાવો - અપહરણના કિસ્સા માદક પદાર્થોની સમાચારપત્રોમાં જાહેરાત માણસના જીવનને ભ્રષ્ટ બતાવે છે. માટે લખેલું છે કે જગતમાંની જે દુર્વાસનાથી દૂષ્ટતા થાય છે તેથી છૂટીને ઈશ્વરી સ્વભાવના ભાગીદાર તમે થાઓ. પણ આ બધુ માણસને હાલમાં લાભકારક પણ અંતે તે નુકશાનકારક છે એટલે જગતમાં જે પ્રલોભનો છે તેનાથી દૂર રહેવાની તાતી જરૂર છે. બીજા ન્ય પ્રોગ્રામો જોવા કે આવાં મેગેઝીનો વાંચી સમય બરબાદ કરવા

એના કરતાં પવિત્ર શાસ્ત્રના વચનોનું મનન માણસને આબાદીને પંથે લઈ જાય છે.

**દૈહિકવાસના** ખરાબ દૃશ્યો ટી.વી.માં કે સમાચાર પત્રોમાં જોવાથી કે વાંચવાથી શારિરીક વાસના ઉત્પન્ન થાય છે. દા.ત. દાઉદ રાજાએ દૂરથી જે સ્ત્રીને દૂર ઉઘાડે શરીરે સ્નાન કરતી જોઈ અને તેની દૈહિક વાસના સળવળી ઊઠી અને તેણે તેની સાથે વ્યભિચાર કર્યો.

**આંખોની લાલસાઃ** કોઈપણ વસ્તુ જોવામાં સુંદર લાગે પણ સરવાળે નુકશાનકારક છે. હવાએ એદનવાડીમાં ફળ જોવામાં સુંદર હતું તે જોયું અને તોડીને ખાધું. આ આંખોની લાલસાએ બન્નેને પ્રભુની પાસેથી સદા વાડીમાંથી બહાર ફેંકી દેવામાં આવ્યા.

✪✪✪

# યુવક-યુવતીઓના સળગતા પ્રશ્નો

*વળી તારી યુવાવસ્થાનાં દિવસોમાં તારા સરજનહારનું સ્મરણ કર. -સભાશિક્ષક. ૧૨:૧.*

સમયનો સદ્‌ઉપયોગ કરો કેમ કે દહાડા ભંડા છે. માટે તને જુવાન જાણીને કોઈ તારો તુચ્છકાર ન કરે માટે બધી બાબતોમાં તું નમૂનારૂપ થા...!!!

મનુષ્યજીવનની ત્રણ અવસ્થા છે. બાળપણ, યુવાની અને ઘડપણ આ બધામાં યુવાની એ સુવર્ણકાળ છે એટલે તેમાં જે સંપાદન કર્યું હશે તે જ કાળમાં અને આવનાર કાળમાં સાથે રહેશે. યુવાની ચોક્કસ હેતુ માટે હોય છે તેમાં ચોક્કસ રીતે કંઈક પ્રાપ્ત કરવાનું છે. પવિત્રશાસ્ત્ર કહે છે. જગતમાં સંકટ છે પ્રશ્નો છે. મુશ્કેલીઓ છે. જેમ બોટ દરિયાના પાણીમાં ઉપર રહે છે. તેવી જ રીતે જગતરૂપી દરિયામાં રહીને યુવાનીને છાજે એ રીતે જીવવાનું છે. તેમાં કાયર થવાનું નથી. પણ વિશ્વાસથી આગળ વધવાનું છે. વિશેષ કરીને મોટા પ્રશ્નો યુવાનકાળ સમય દરમિયાન જ ઉદ્‌ભવે છે. તેમાં નિરાશ થયા વગર કે તેને આધીન થયા વગર જીવવાનું છે. ઘણી વખત એ ભૂલી જઈએ છે કે આપણા પ્રશ્નોનો કોઈ ઉકેલ નથી. પણ ઈશ્વર એ બધા ઉપર છે તેથી આપણા યુવાનકાળમાં ઈશ્વરને એ પ્રશ્નો હલ કરવા દરમિયાનગીરી કરવા દઈએ. આપણે જાતે તેનો ઉકેલ લાવવામાં કોઈવાર નિષ્ફળ જઈએ છીએ. ઈશ્વર કદી નિષ્ફળ જતા નથી. યુવાનીમાં - ભણતરના પ્રશ્નો - લગ્નના પ્રશ્નો - કારકિર્દીના નોકરી કે વ્યવસાયનાં પ્રશ્નો પણ એ બધામાં માત્થી ૬:૩૩ મુજબ પહેલાં તેના રાજ્યને અને તેના ન્યાયીપણાને શોધવામાં આવે તો યુવક-યુવતીના પ્રશ્નોનો સુખદ અંત આવે છે. જીવનમાં ઈશ્વરને કેન્દ્રસ્થાને રાખવાથી જ ગમે તેવા પ્રશ્નોનો ઉકેલ આવી જાય છે. એટલે જ જ્ઞાની સુલેમાન કહે છે મારા દીકરા તારા સર્વ માર્ગોમાં તેની આજ્ઞા સ્વીકાર અને તારી પોતાની અક્કલ પર આધાર ન રાખ.

દા.ત. દાનિયેલ જ્યારે યુવાન હતો ત્યારે રાજાનું ખાણું નહિ ખાવાનો નિર્ણય કર્યો એણે વિશ્વાસ કર્યો કે મારો પ્રભુ સિંહોના મુખમાંથી જરૂર મને બચાવશે તે જ્યારે

૧૯ વર્ષનો જુવાન હતો ત્યારે માંસ ખાવું નહિ એવી પ્રતિજ્ઞા કરી અને એટલે જ જ્યારે તે ૯૧ વર્ષનો થયો ત્યારે સિંહોએ તેનું માંસ સિંહોના બીલમાં નાખવામાં આવ્યો ત્યારે દાનિયેલનું માંસ સિંહોએ ન ખાધું. આ એની યુવાનીના સમયમાં રાજા સમક્ષ કારકિર્દીનો પ્રશ્ન હતો તેમાં ઈશ્વરે તેને મદદ કરી.

**યૂસફ:** જ્યારે તે યુવાન હતો ત્યારે પોટીફારના ઘરમાં તેની જ સ્ત્રીથી પરીક્ષણ આવ્યું પણ તે પોતાનું લૂગડું નાખી દઈને નાઠો અને યુવાનીમાં સામેથી આવેલી તક તેણે જતી કરી કારણ કે તે ઈશ્વરના ભયમાં જીવતો હતો. અત્યારના યુવક-યુવતી જો કોઈ આવી તક મળે તો જતી કરે ખરા? ઊલટાનું બહું નાની વયે એવી તકો શોધતા હોય છે અને પ્રશ્નોનો ભોગ બને છે અને પરિણામ દુર્લભ આવે છે - ક્ષણભંગુર આનંદ કદાચ સદાકાળના વિનાશ તરફ લઈ જઈ શકે છે.

આજે આપણા યુવકોને સામાજિક રીતે આર્થિક રીતે રાજકીય રીતે, ઘણા પ્રશ્નોનો સામનો કરવો પડે છે - શિક્ષણમાં ખૂબ જ અન્યાય થાય છે. ખૂબ મહેનત છતાં ધાર્યું પરિણામ જોવા મળતું નથી. જેને કારણે નોકરીની તકો, અને ત્યાર પછી યોગ્ય જીવનસાથીની પસંદગીમાં પણ ખૂબ જ મુશ્કેલ સંજોગોમાંથી પસાર થવું પડે છે. જગતની રહેણી-કરણી સાથે રહી શકાતું નથી. તાલ મિલાવી શકાતા નથી. જેથી ઘણું નુકશાન વેઠવું પડે છે. આજના યુવક-યુવતીમાં આત્મસંયમ જોવા મળતો નથી. દેખાદેખીને કારણે ઘણા પ્રશ્નો ઉદ્દ્ભવે છે. પણ આપણી કુટુંબની સ્થિતિ સામાજિક રહેણીકરણી ધ્યાનમાં રાખી જીવવાથી સંઘર્ષ ટળે છે. પ્રશ્નો ઓછા થાય છે. લગ્નજીવનનાં પણ ખૂબ જ વિકટ પ્રશ્નો બનતા જાય છે. છૂટા-છેડાનું પ્રમાણ વધતું જાય છે અને એમ ઘણી વખત જીવન પ્રશ્નોથી ભરેલું લાગે પણ આ બધામાં કેવળ ખ્રિસ્તની પાસે આવવાથી જ તેને સ્વીકારી બધું તેના ચરણોમાં મૂકવાથી માર્ગ સરળ બને છે.

પ્રભુ આવનાર દિવસોનાં આ બધામાં તેની કૃપા-સામર્થ્ય પૂરું પાડે એ જ પ્રાર્થના.

# કુટુંબ - મંડળી - સમાજ

"કુટુંબ એ ઈશ્વરે સંસ્થાપિત કરેલો એકમં છે. દેવે આકાશ તથા પૃથ્વી અને તેમાંનું સર્વસ્વ "શબ્દ" માત્રથી ઉત્પન્ન કર્યું. પણ કુટુંબને ઈશ્વરે તેના પવિત્ર હાથોએ, પવિત્ર હેતુને માટે ઉત્પન્ન કર્યું. જેમ કોઈ મોટી ઈમારત હોય તેમાં પાયો મુખ્ય આધાર છે તેવી જ રીતે મંડળી અથવા સમાજના ઉત્કર્ષ માટે "કુટુંબ" એ ખૂબ જ અગત્યનું માધ્યમ છે. કુટુંબ છે તો જ મંડળી છે. કુટુંબ છે તો જ સમાજ પણ છે. જેમ એકડા વગરનાં મીંડાં નકામાં છે તેમ કુટુંબ વગર મંડળી અથવા સમાજ શક્ય નથી. કુટુંબ જ ઈશ્વરના સર્વ ઈરાદા પુરા કરવા સમર્થ છે. માટે ઉત્પત્તિથી પ્રકટીકરણ સુધી જુદા જુદા સમયે ઈશ્વરે કુટુંબની પસંદગી કરી છે. જ્યારે જ્યારે કુટુંબ તેના કાર્યક્ષેત્રમાં નિષ્ફળ જાય ત્યારે ત્યારે ઈશ્વર બીજા કુટુંબને પસંદ કરી ફરી તક આપે છે દા.ત. સૌ પ્રથમ એદનવાડીમાં આદમ-હવાનું કુટુંબ અનાજ્ઞાંકિતપણાને લીધે નિષ્ફળ ગયા પછી - ઈબ્રાહિમ અને સારાહ, પછી હાન્ના-પનિનાહ, નુહનું કુટુંબ, નવા કરારમાં યૂસફ - મરિયમ, ઝખાર્યા, એલિસાબેત, "લાજરસ માર્થા - મરિયમનું કુટુંબ" આકુલા-પ્રિસ્કીલા, લુઈસ યોહાન, વિગેરેના કુટુંબનો દેવે ઉપયોગ કર્યો. મંડળીની વૃદ્ધિ માટે આ બધાં કુટુંબો સાથે ઈશ્વરે તેનું વિશ્વાસુપણું સાબિત કર્યું છે. આ બધામાં તે સર્વનો અજાયબ રીતે ઉપયોગ કરી તેની પરિપૂર્ણતા સાબિત કરી છે. ક્યારેક કુટુંબને છોડી દીધું નથી. દેવ પણ કુટુંબની સંગત ઝંખે છે. એને વિશ્વાસ અને ભરોસો રાખે છે કે કુટુંબ જ મારી યોજના, મારા ઈરાદા, મારા માર્ગો પરિપૂર્ણ કરવા સમર્થ છે.

**કુટુંબનું કાર્યઃ** ઈશ્વરની સ્તુતિ અને ભજન કરવાનું - તેને આધીન રહેવાનું, તેના ઉત્પન્નકર્તાને માન આપવાનું, સતત તેની સંગતમાં જીવવાનું, તેની યોજના અને ઈરાદા પૂરા કરવાનું જ્યારે કુટુંબ ઈશ્વરને માન આપે છે, ત્યારે ઈશ્વર તે કુટુંબને પણ માન આપે છે.

**મંડળીઃ** એક કરતાં વધારે કુટુંબો ભેગા મળે ત્યારે મંડળી બને છે. મંડળી દેવની કન્યા છે અને દેવ વરરાજા છે. ભજનસંગ્રહમાંનું ગીત, દશ કુમારીકાઓ નીકળી..

ગઈ વરને મળવા બાર મળવા ચાલી સુંદર વરરાજાને એટલે - મંડળી... દેવના લોહીથી ખરીદેલા લોક છે. ૧ પિતર ૨:૯ મુજબ મંડળી પસંદ કરેલી જાતિ, રાજમાન્ય યાજકવર્ગ, પવિત્રપ્રજા તથા પ્રભુના ખાસ લોક છે. ખ્રિસ્તને આધીન શુદ્ધ અને પવિત્ર, ગૌરવી, ન્યાયપણાનાં વસ્ત્રોથી સુશોભિત મંડળી હોવી જોઈએ. કેમ કે ખ્રિસ્ત મંડળીનું શીર છે અને મંડળી તે શરીર છે. ખ્રિસ્ત શરીરનો ત્રાતા છે. માટે મંડળીએ ખ્રિસ્તને આધીન રહેવુ. તેની ફરજ એ છે કે બીજાને ઘરે લાવી પરોણાગત કરવી. સુવાર્તા વિશે જાણકારી આપવી. બલિદાન માટે તૈયાર રહેવું. એકબીજાના પ્રેમમાં બંધાયેલા રહેવું. ઈશ્વરને ઓળખનાર અને બીજાને મદદરૂપ થનાર તેમજ પ્રેમથી ભરપુર મંડળી હોય. પ્રભુ આ વિચાર વિનિમયથી એકબીજાને ઉત્તેજન આપો.

✪✪✪

# નવી ઉત્પત્તિ

માટે જો કોઈ માણસ ખ્રિસ્તમાં છે તો તે નવી ઉત્પત્તિ છે. જે જૂનું હતું તે સર્વ જતું રહ્યું છે. જુઓ તે નવું થયું છે. ૨ કોરંથી ૫:૧૭. ઈશ્વર પોતે કહે છે જુઓ હું સઘળું નવું બનાવું છું - આખું વિશ્વ નવા થઈ મિલેનિયમમાં પ્રવેશવા અને આવકારવા અને તેનો ભરપૂર આનંદ માણવા થનગની રહ્યું છે, ત્યારે માણસ પોતે જે જૂનું છે તે સર્વ ત્યજીને પ્રવેશ કરશે કે પછી એના એ જ જૂના માણસપણા સાથે નવા મિલેનિયમમાં પ્રવેશ કરશે એ સૌથી અગત્યની બાબત છે? ખરેખર તો પ્રેરીત પાઉલ કહે છે તેમ પણ એક કામ હું કરું છું. એટલે જે પછવાડે છે તેને વિસરીને અને જે આગળ છે તેની તરફ ધાઈને ખ્રિસ્ત ઈસુમાં દેવના સ્વર્ગીય આમંત્રણના ઈનામને વાસ્તે નિશાનની ભણી આગળ ધસું છું. ફીલીપી ૩:૧૪. આપણું નિશાન કયું હોઈ શકે? શું "પાઉલના જેવું કે પછી લોતની વહુના જેવું?" ધન, આબરૂ, માનમોભો, જગતનો વૈભવ, સદોમ ગમોરાહનો પાપ અને વૈભવ વિશે ઉત્પત્તિ ૧૮:૨૦માં જણાવ્યા મુજબ સદોમ તથા ગમોરાહનો બુમાટો મોટો છે. અને તેઓનાં પાપ અઘોર છે. ત્યારે યહોવાએ સદોમ તથા ગમોરાહ પર ગંધક તથા આગ આકાશમાંથી વરસાવ્યાં અને તેણે તે જગ્યાનો તથા આખા નિચાણમાં તથા નગરોમાં સર્વ રહેનારાઓનો તથા ભૂમિ પર ઉગેલાં તે નાશ કર્યો પણ લોતની સ્ત્રી જે તેની પછવાડે ચાલતી હતી તેણે પાછળ જોયું ને તે ખારનો થાંભલો થઈ ગઈ, આપણે હંમેશા આગળ દૃષ્ટિ કરવાને બદલે પછવાડે જોવાનું વધું પસંદ કરીએ છીએ અને પરિણામે વિનાશ નોતરીએ છીએ. મનુષ્યની વાતો બહુ મોટી હોવું છે પણ વર્તમાનનાં કોઈ ફેરફાર જોવા મળતો નથી.

વર્ષની શરૂઆતમાં આપણે મોટામોટા આયોજનો નક્કી કરીએ છીએ પણ વર્ષનાં અંતે તેને પૂરા કરવામાં નિષ્ફળ જઈએ છીએ કારણ એ બધામાં આપણે પોતાના હિત પર લક્ષ રાખીએ છીએ. આપણી મહત્તા શોધીએ છી. જેને માટે કરવાનું હોય તે નહિ કરતાં આપણાં પોતાના માટે કરવામાં સફળ થઈએ છીએ. પ્રભુ કહે છે તમે મને બધા પ્રભુ પ્રભુ કહો છો ખરા પણ તમારા મન અને હૃદય મારાથી ખૂબ વેગળાં હોય છે.

ઈશ્વરના કાર્ય માટે ક્યારેય સુસંગતતા ધરાવતા નથી. આપણે આપણાં રોજિંદા જીવનમાં ઈશ્વરને કેન્દ્રસ્થાને રાખ્યા વગર બધાં આયોજનો, કાર્યો, પાર પાડવામાં, મશગૂલ છે તે ક્યારેય કરવા પ્રયત્ન કરતાં નથી. આદમને યહોવા દેવે કહ્યું કે તારે આ ન કરવું, છતાં તેણે કર્યું અને આદમ યહોવા દેવની દૃષ્ટિથી વાડીના વૃક્ષોમાં સંતાઈ ગયો અને ત્યાં દેવે આદમને હાંક મારીને કહ્યું કે "તું ક્યાં છે?" નવા વર્ષની, નવી સદીની અને નવા મિલેનિયમની શરૂઆતમાં પ્રભુ આપણને પણ પ્રશ્ન પૂછે છે "તું ક્યાં છે?" આપણી પાસે શું જવાબ છે. નાના શમૂએલને પ્રભુએ કહ્યું, "શમુએલ - શમુએલ અને શમુએલે કહ્યું કે "હું આ રહ્યો" બોલ કેમ કે તારો સેવક સાંભળે છે. શું આપણે નવા મિલેનિયમમાં ઈશ્વરની વાણી સાંભળવા તૈયાર છીએ ખરા? પણ આપણે તો આપણું કુટુંબ, નોકરી, વધુ પડતી જવાબદારીઓ, જગતનો વૈભવ. મોજશોખ આ બધામાં એવા તો ગળાડૂબ ખૂંપી જઈએ છીએ કે ઈશ્વરપિતાના પ્રેમની વાણી સાંભળવા ઉપલબ્ધ બની શકતા નથી. પ્રભુ કહે છે પૃથ્વીમાં જે બધું છે તે મારું છે? એ બધામાં મારું સ્થાન ક્યાં છે? મેં બધું તમને આપ્યું છે. આજે ઈશ્વરને આપણાં હૃદય, કુટુંબ, જીવનમાં સ્થાન જોઈએ છે. નવા મિલેનિયમમાં ઈશ્વરને કેન્દ્રસ્થાને રાખ્યા વગર પ્રવેશ કરવો એના કરતાં મોટું પાપ અને મૂર્ખામી કઈ હોઈ શકે? "પહાડે આકાશો સાંભળો હે પૃથ્વી કાન દે કેમકે યહોવા બોલ્યો છે કે મેં છોકરાંને ઊછેરીને મોટા કર્યા છે પણ તેઓને તો મારી વિરુધ્ધ ફિતુર કર્યું છે. બળદ પોતાના માલિકને ઓળખે છે ને ગધેડો પોતાના ધણીની ગભાણ જાણે છે પણ ઈસ્ત્રાએલ જાણતો નથી મારા લોક વિચાર કરતાં નથી અરે પાપ કરનારી પ્રજા - અન્યાયથી લદાયેલ લોક પાપ કરનાર સંતાન વંઠી ગયેલાં છોકરાં તેઓએ યહોવાનો ત્યાગ કર્યો છે. તેઓ વિમુખ થઈને પાછા ફરી ફરી ગયા છે. આપણે સર્વ આગળ જવાને બદલે પાછા ફરી ગયા છે. નવાં મિલેનિયમમાં નવા વર્ષમાં આપણે સ્વર્ગીય ઈનામને વાસ્તે આગળ ધાઈને આપણા ઉત્પન્ન કર્તા માટે નવી ઉત્પત્તિ બનીએ.

✪ ✪ ✪

# પુનરુત્થાનમાં મરણના ડંખ ઉપર વિજય

અરે મરણ તારો જય ક્યાં? અરે મરણ તારો ડંખ ક્યાં?

મરણનો ડંખ તો પાપ છે, પાપનું સામર્થ્ય નિયમશાસ્ત્ર છે, પણ દેવ જે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા આપણને જય આપે છે. ૧લો કોરિંથી ૧૫:૫૫. મરણની બીક દરેક મનુષ્યને લાગે છે. મરણ શબ્દ સાંભળતાં જ લોકોનાં હાંજા ગગડી જાય, ગાત્રો શિથિલ થઈ જાય. પણ ઈસુ ખ્રિસ્તે આ મરણના ડંખને વધસ્તંભ ઉપર નાબૂદ કરી કચડી નાખ્યો છે. બાઈબલ કહે છે, જે માણસ જન્મે છે તેનું મરણ નિશ્ચિત છે અને ત્યાર પછી ન્યાય પણ થાય. કોઈ અમર નથી. આત્મા અમર છે પણ શરીર નહિ. માટે જ ઈશ્વર કહે છે જે કોઈ અંત સુધી ટકશે તે તારણ પામશે. ખ્રિસ્તી જીવનના વિશ્વાસમાં મૃત્યુનો કોઈ અંત નથી. મરણ એ તો નવા જીવનમાં પ્રવેશવાનું એક સનાતન દ્વાર છે. રસ્તો છે અને એ રસ્તો કેવળ ઈસુ ખ્રિસ્ત જ છે. ઈસુએ તેમના મરણ પહેલાં યરૂશાલેમના મંદિર વિશે કહ્યું હતું કે આ મંદિરને તોડી પાડો અને ત્રણ દિવસ પછી હું તેને ઊભું કરીશ ત્યારે શિષ્યો, જગતના લોકો અને મંદિરના આગેવાને આ વાત હાસ્યાસ્પદ લાગી, પણ ઈસુખ્રિસ્ત તો શરીરરૂપી મંદિર વિશે વાત કરતાં હતા પણ લોકોએ વિશ્વાસ કર્યો નહિ. ઈસુને વધસ્તંભ ઉપર મારી નાખીને કબરમાં મૂક્યા અને ત્રીજે દહાડે વિશ્રામવારની વહેલી સવારે ત્રણ દિવસ પછી તમામ બંધનો તોડી કબર તોડી સજીવન થયા અને સ્વર્ગમાં ચઢી ગયા પછી સૌ પ્રથમ મરિયમ માગદાલેણ, પિતર અને બીજા શિષ્યોને દર્શન થયું ત્યારે યરૂશાલેમમાં જે મંદિર ત્રણ દિવસમાં ઊભું કરવાની વાત ઈસુએ કહી હતી તે યાદ આવ્યું. પુનરુત્થાન દ્વારા ઈસુ એ મરણના ડંખને વધસ્તંભ ઉપર કચડી નાખી તેના ઉપર વિશ્વાસ કરનારને અનંત જીવન બક્ષે છે.

**પ્રભુ ઈસુખ્રિસ્તઃ** આપણા ઉધ્ધારક તારનાર આ પૃથ્વી ઉપર ૩૩ વર્ષની ભરજુવાનીમાં દેવબાપે તેમને ઉપર લઈ લીધા. શરૂઆતના ૩૦ વર્ષ વિશે કોઈ ખાસ માહિતી નથી પણ ૩ વર્ષ શિષ્યો સાથે રહીને દેવ બાપે જે કામ તેમને સોંપ્યું હતું તે

વિશ્વાસથી પૂરું કરી વધસ્તંભ ઉપર પોતાને ખાલી કર્યા, મરણ પામ્યા, દટાયા, કબરમાં મૂકવામાં આવ્યા. ત્રીજે દહાડે પુનરુત્થાન પામી સીધા સ્વર્ગમાં ઈશ્વર પિતાને જમણે હાથે બિરાજમાન છે. ત્યાંથી તે જીવતાઓનો તથા મૂએલાઓનો બીજા આગમન સમયે સૌનો ન્યાય કરવા આવશે. જે કોઈ અંત સુધી ટકી રહ્યા હશે તે સર્વને પ્રોબેશનમાંથી સીધા પ્રમોશનના રૂપમાં જ્યાં તે રહે છે ત્યાં સદા રહેવા કાયમના સ્થળે લઈ જશે. માટે આપણે મરણની બીક ન રાખતાં પુનરુત્થાન પામેલા ઈસુમાં વિશ્વાસ કરી સદા તેમની સાથે જીવીએ.

✪✪✪

# સાસુ, એ સાચે જ માતાનો પર્યાય છે

તેની સાસુ નાઓમીએ તેને કહ્યું, "મારી પુત્રી તારું ભલું થાય માટે હું તારે વાસ્તે કોઈ સારું ઘર ન શોધું શું?" રૂથનું પુસ્તક ૩:૧.

સમગ્ર વિશ્વના ઈતિહાસમાં વહુને સાચવનાર સાસુ તરીકે અજોડ અને અવર્ણનીય શ્રેષ્ઠ સાસુ તરીકેનો ખિતાબ જો કોઈને મળ્યો હોય તો પવિત્રશાસ્ત્રમાં રૂથના પુસ્તકમાં બેથલેહેમ યહુદીઓના એક માણસ અલીમેલેખની સ્ત્રી 'નાઓમી'ને જ. આ સ્ત્રી જેવી સાસુ સમસ્ત વિશ્વમાં ક્યાંય આજ સુધી જોવા મળી નથી અને તેની વહુ પ્રત્યેની અજોડ લાગણી, પ્રેમ અને સ્ત્રી તરીકેના તમામ ગુણ લક્ષણો આ સ્ત્રી નાઓમીમાં પવિત્રશાસ્ત્ર સાક્ષી પૂરે છે અને હજારો વર્ષોથી તેની 'પ્રેમની વાતો' જગતમાં વાંચ્યા છે. આજની સાસુ-વહુઓએ આ ઉપરથી ધડો લેવાની અનિવાર્ય બાબત છે. આ નાઓમી પોતાની વહુને (દીકરીઓ) પુત્રીઓ તરીકે સંબોધન કરે છે અને આ તો માતૃત્વની પરાકાષ્ટાનું અરોબિંદુ છે. શરૂઆતથી દુઃખી સ્ત્રી નાનાં બાળકોને મૂકીને તેનો ભરથાર અલીમેલેખ ગુજરી ગયો અને નાઓમી વિધવા બની. બે બાળકોનો ઉછેર કર્યો એટલું જ નહિ પુખ્તવયનાં થતાં તેઓનાં લગ્નો મોઆબ દેશની બે સ્ત્રીઓ, ઓર્પાહ અને રૂથ સાથે કર્યાં. તેઓ પણ ફક્ત દશ વર્ષનાં ટૂંકા સમયગાળામાં માહલોન અને કિલ્યોન બંને દીકરાઓ મરણ પામતાં રૂથ અને ઓર્પાહ પણ વિધવા બની. આમ ત્રણે સ્ત્રીઓ વિધવા થતાં માથા ઉપર જાણે આભ તૂટવા જેવું વિશેષ નાઓમી ઉપર બન્યું. અને દુઃખમાં પોકારી ઊઠી, 'યહોવાનો હાથ મારી વિરુધ્ધ થયો છે.' (રૂથઃ ૧:૧૩) છતાં ખૂબ હિંમત અને ઈશ્વરમાં વિશ્વાસ મૂકી ધીરજથી આગળ વધે છે. સાસુ તરીકેનો રોલ ભજવવામાં તે સફળ થાય છે. મોટા દીકરાની વહુ ઓર્પાહ તેની સાસુને ચુંબન કરી પોતાના પિયર પાછી જાય છે, પણ રૂથ તેને વળગી રહે છે. અને કહે છે 'જ્યાં તું જાય છે ત્યાં જ હું જવાની અને જ્યાં તું રહેશે ત્યાં જ હું રહેવાની, તારા લોક તે મારા લોક ને તારો દેવ તે મારો દેવ થશે. જ્યાં તું મરશે ત્યાં જ હું મરીશ ને ત્યાં જ હું દટાઈશ જો મોત સિવાય મને તારાથી બીજું કોઈ જુદું પાડે તો યહોવા

મારું મોત આણે ને એથી પણ વધારે દુઃખ દે' રૂથ ૧:૧૭. કેવો અજાયબ સાસુ-વહુનો સંબંધ! શું આજની આપણી મંડળી અને સમાજમાં આવી સાસુ-વહુ જોવા મળે ?

નાઓમીએ જે રૂથ માટે કહ્યું તે અજાયબ વર્ણન પવિત્ર શાસ્ત્રમાં આપવામાં આવેલું છે અને પરિણામે રૂથ મારફતે ચૌદમી પેઢીમાં જગતનાં તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્તનો જન્મ થયો. કેવું અજાયબ! જે રીતે સાસુ નાઓમીએ રૂથને સાચવી તેની પ્રત્યેક કઠણ પરિસ્થિતિમાં સતત સંભાળ લીધી.

રૂથના પતિ બોઆઝ અને બોઆઝથી ઓબેદ અને ઓબેદથી યશાઈ અને યશાઈથી દાઉદના કુળમાં ઈસુ ખ્રિસ્ત 'ઈમાનુએલ' દેવ આપણી સાથે રહેવા આવ્યા...

જેમ મનુષ્ય જીવનની ત્રણ અવસ્થા છે તેમ સ્ત્રી જીવનની પણ ત્રણ અવસ્થા છે સામાજિક રીતે (૧) વહુ (૨) માતા (૩) સાસુ એમ સ્ત્રીને આ ત્રણેય ભૂમિકામાંથી પસાર થઈ તેના જીવનને ધન્ય બનાવવાનું કામ ખરેખર મુશ્કેલ લાગે છે. જેમ પવિત્ર શાસ્ત્રમાં લખેલું છે. સ્ત્રી નબળું પાત્ર છે સાથે તેના જેવું સહનશીલ અને અજોડ પાત્ર બીજું કોઈ નથી. સ્ત્રી ખરેખર અમૂલ્યરત્ન સમાન છે. દરેક સ્ત્રીને પુરુષ જેટલી સ્વતંત્રતા નહિ હોવાં છતાં ઈશ્વરે સ્ત્રીને બહુ મોટો આશીર્વાદ આપ્યો છે. અને તે એદનવાડીમાં પુરુષની 'સહાયકારી' તરીકેનો. સ્ત્રી પુખ્તવયની થતાં જ પ્રથમ તેને (વહુ) સ્ત્રી તરીકેની ભૂમિકા અદા કરવાની ત્યાર પછી માતા તરીકેની અને છેલ્લે સાસુ તરીકેની ભૂમિકા તેને અદા કરવાની હોય છે. જે પવિત્રશાસ્ત્રમાં અજોડ સાસુ તરીકે નાઓમીએ નિભાવી. માતા દીકરીને માતા તરીકે સંપૂર્ણ પ્રેમ આપી શકે સુખદુઃખમાં તેની પડખે રહે. પણ સાસુ તરીકે વહુ પ્રત્યે ઘણી વખત પ્રેમ કરવામાં નિષ્ફળતા જોવા મળે છે. જે પ્રેમ દીકરી પ્રત્યે હોય એ જ પ્રેમ વહુ તરીકે બજાવવામાં જમીન આસમાન જેટલો ફરક લાગે છે જે રીતે માતા તરીકે દીકરીને સાચવવામાં આવે છે તે રીતે શું સાસુ તરીકે વહુને સાચવવામાં આવે છે? આ એક મોટો પ્રશ્ન આજે આપણા સમાજમાં છે જેને કારણે ઘણા પ્રશ્નો ઊભા થાય છે. કુટુંબ અને મંડળીમાં આશીર્વાદથી વંચિત રહીએ છીએ. પ્રભુ એવું કરે આજના આપણાં સમાજ અને મંડળીમાં નાઓમી જેવી રૂથ વહુને સાચવનાર સાસુ ઊભા થાય.

✪✪✪

# નવીન વર્ષમાં પડકારોને ઝીલી લઈએ

ખ્રિસ્તી જીવન એક મુસાફરી સમાન છે. દોડ સમાન છે. જીવનમાં કશુંક સિદ્ધ કરવાની આશા છે. સાથે અનેકવિધ પડકારો હાંસલ કરી તેમાં વિજયી બનવાનું સાધન છે. આ બધામાં સમય મુખ્ય બાબત છે. તે બળવાન છે. માટે જ પ્રેરિત પાઉલ કહે છે, સમયનો સદ્ઉપયોગ કરો, દહાડા ભૂંડા છે. જીવન અનેકવિધ સંકટો, સમસ્યાઓ, મુશ્કેલીઓથી ઘેરાયેલું છે. તેમ છતાં તેમાંથી ઘણું ખરું સારું પ્રાપ્ત કરી શકાય છે. સમય દિવસો વર્ષો ક્યારે અને કેવી રીતે પસાર થઈ જાય છે તે કોઈને પણ ખબર નથી. આંખનાં પલકારામાં બધું પસાર થઈ જાય છે. ખલાસ થઈ જાય છે. ઈશ્વરકૃપાએ આપણે ૨૦૦૫મી સાલમાં પ્રવેશ કર્યો છે. આ વર્ષ આપણા માટે કેવું હશે તે જાણતા નથી પણ આપણા સરજનહારને તેની બધી ખબર છે. તે ભૂતકાળ-વર્તમાન-ભવિષ્યનો પ્રભુ છે. તેના પર વિશ્વાસ રાખી આગળ વધવાનું ચે.

**નિશાનની ભણી આગળ વધવા પડકાર:** ફિલિપી ૩:૧૩ મુજબ પાઉલ કહે છે તે પ્રમાણે "પણ જેને સારુ ખ્રિસ્ત ઈસુએ મને પકડી લીધો તેને હું પકડી લઉં માટે હું આગળ ધસું છું. એટલે જે પછવાડે છે તેને વિસરીને અને જે આગળ છે તેની તરફ ધાઈને ખ્રિસ્ત ઈસુમાં દેવના સ્વર્ગીય આમંત્રણના ઈનામને વાસ્તે નિશાનની ભણી આગળ ધસું છું. કદાચ આપણે આગળ જોવાને બદલે પાછળ વળીને જોઈએ તો લોતની વહુના જેવું થવાની શક્યતા ખરી.

**ખ્રિસ્તના માર્ગે આગળ વધવા પડકાર:** માર્ગ, સત્ય અને જીવન ઈસુ છે. ભક્ત દાઉદ કહે છે, "હે યહોવા તારો માર્ગ મને જણાવ અને તે પર મને ચલાવ." અને કહે છે કે જે પર્વત પર હું મારી મેળે ચઢી શક્તો નથી તે પર તું મને ચઢાવ. જીવનમાં થાકી જઈએ ત્યારે ઈસુ ઘેટાંને ઊંચકીને ખાંધ પર બેસાડે છે. ભક્ત હનોખ વિશ્વાસથી ત્રણસો વર્ષ દેવની માર્ગે ચાલ્યો. મુસા, એલિયા, ઈબ્રાહિમ, ઈસ્હાક અનેક સેવકો વિશ્વાસથી દેવના માર્ગે ચાલ્યા એમ દાઉદ રાજા અને બીજા ઘણા ભક્તોના માર્ગ દેવે સફળ કર્યા. આપણને પણ દેવના માર્ગે આગળ વધવા નવીન વર્ષમાં મોટો પડકાર

અને કૃપા પ્રભુ તરફથી પ્રાપ્ત થાય.

**સંપૂર્ણતાની પાયરી સુધી આગળ વધવા પડકારઃ** ઈશ્વરપરાયણતા તો સર્વ વાતે ઉપયોગી છે. કેમ કે તેમાં હમણાંની તથા હવે પછીના જીવનનું પણ વચન સમાયેલું છે. એટલે પાઉલ પ્રેરિત તિમોથીને ઈશ્વરપરાયણતાની કસરત કરીને સંપૂર્ણતાની પાયરી સુધી આગળ વધવા સલાહ આપે છે. માટે વચનમાં, વર્તનમાં, પ્રીતિમાં, વિશ્વાસમાં અને પવિત્રતામાં, વિશ્વાસીઓને નમૂનારૂપ બનવા અને શાસ્ત્રવચન પર બોધ કરવા અને શિક્ષણ આપવા જણાવે છે. એમ કરવાથી હું પોતાને અને જેઓ આપણને જુએ છે તેઓ બધાને તારણ પમાડશે, એવી ખાતરી આપે છે.

**નવું માણસપણું પ્રાપ્ત કરવા પડકારઃ** આપણે સર્વ વળગી રહેનાર પાપ અને બીજો નાખી દઈને ધીરજથી આગળ વધીએ આપણામાં જે જૂનું માણસપણું છે દૂર કરીએ. જૂનું સર્વ જતું રહ્યું છે. જુઓ સર્વ નવું થયું છે. "જે માણસ ખ્રિસ્તમાં તે નવી ઉત્પત્તિ છે."

એક માણસ હતો. તેના પગનાં મોજાં ખૂબ જ ગંદા હતાં. તેમાંથી દુર્ગંધ મારતી હતી. જે માણસના ઘરે તે મહેમાનગતિએ ગયો હતો તેમણે તેને બીજા નવાં મોજાં આપ્યાં. આ માણસે નવાં મોજાં પહેર્યા અને પેલા માણસનો આભાર માન્યો. છતાં જે જૂનાં મોજાં હતાં તે તેના કોટના ખિસ્સામાં જ રાખ્યાં. આમ આપણે આપણી જૂની કુટેવો, પાપ, એમાનું કશું છોડ્યા વગર, જેવા છીએ તેવા જ આગલા વર્ષમાં જૂના માણસપણા સાથે આગળ વધવા માગીએ છીએ. ઉપરોક્ત બાબતોમાં જે પડકારો આપણી આગળ છે તેને પહોંચી વળવા કૃપા આપે, આમેન..

સર્વને નાતાલ તથા નવા વર્ષની પ્રેમી સલામ.

✪ ✪ ✪

# દેવનું રાજ્ય પાસે આવ્યું છે

પૃથ્વી પર વસનાર આપણે બે રાજ્યોની નાગરિકતાના હકદાર બની શકીએ છીએ. પૃથ્વી પરનું (રાજ્ય) અને આકાશનું રાજ્ય. યોહાન (બાપ્તિસ્મા) રાનમાં ઉપદેશ કરતાં જણાવે છે, કે પસ્તાવો કરો દેવનું રાજ્ય પાસે આવ્યું છે. તાજેતરમાં માનવજાત માટે પ્રભુ ઈસુ ખ્રિસ્તે વેઠેલા ક્રૂસ પરના દુઃખો, મરણ, પુનરુત્થાન વિશે, દુઃખસહન પર્વમાં ઘણું બધું શીખ્યાં અને સાંભળ્યું અને અનુભવ્યું. ભલા શુક્રવારના દિવસો મરતો ચોર વધસ્તંભ ઉપર ઈસુના રાજ્યનો વારસદાર બન્યો. તેણે કહ્યું, "હે ઈસુ તું તમારા રાજ્યમાં આવે ત્યારે મને સંભારજે. અને ઈસુએ તરત જ કહ્યું, "હું તને ખચીત કહું છું કે આજ તું મારી સાથે પારાદેશમાં એટલે કે આકાશના રાજ્યમાં હોઈશ." જે કોઈ ખરા હૃદયથી પસ્તાવા સાથે દેવનું રાજ્ય સ્વીકારે છે તે ખચીત બે રાજ્યોના નાગરિકતાનો હક પ્રાપ્ત કરે છે.

**નિકોદેમસઃ** યોહાન ૩ઃ૩ મુજબ ઈસુએ તેને ઉત્તર આપ્યો કે હું તને ખચીત ખચીત કહું છું જો કોઈ માણસ નવો જન્મ પામ્યું ન હોય તો તે દેવનું રાજ્ય જોઈ શકતું નથી.

**જાખી દાણીઃ** લુક ૧૯ઃ૮ મુજબ જાખીએ ઊભા રહીને પ્રભુને કહ્યું કે પ્રભુ હું મારી સંપત્તિનો અર્ધો ભાગ દરિદ્રીઓને આપું છું. જો અન્યાયથી મેં કોઈનું કંઈ પડાવી લીધું હોય તો હું તેને ચાર ગણું પાછું આપીશ. ઈસુએ તેને કહ્યું કે, "આજ આ ઘેર તારણ આવ્યું છે." કારણ કે તે પણ ઇબ્રાહીમનો દીકરો છે. અને જાખી દેવના રાજ્યનો ભાગીદાર બન્યો.

**સમરૂની સ્ત્રીઃ** યોહાન ૪ઃ૨૪ દેવ આત્મા છે. અને જેઓ તેને ભજે છે તેઓએ આત્માથી તથા સત્યતાથી તેનું ભજન કરવું જોઈએ. સ્ત્રી તેને કહે છે કે મસીહ (જે ખ્રિસ્ત કહેવાય છે તે) આવે છે એ હું જાણું છું તે આવશે ત્યારે તે આપણને બધું કહી બતાવશે. ઈસુ તેને કહે છે કે તારી સાથે જે બોલે છે તે હું તે છું. ત્યારે તે સ્ત્રી પોતાની ગાગર ત્યાં મૂકીને શહેરમાં ગઈ અને લોકોને કહે છે કે આવો જેટલું મેં કર્યું તે બધું જેણે

મને કહી દેખાડ્યું તે માણસને જુઓ તે જ ખ્રિસ્ત છે કે શું? ત્યારે તે સ્ત્રીની સાથે ઘણા બધા લોકો દેવના રાજયના ભાગીદાર બન્યા.

**હબસી ખોજો:** પ્રે.કૃ. ૮:૨૭ એક હબશી ખોજો જે હબશીઓની રાણી કંદિકાના હાથ નીચે મોટો અમલદાર તથા સઘળા ભંડારનો કારભારી હતો તે ભજન કરવા સારું યરૂશાલેમ આવ્યો હતો તે પાછો જતાં પોતાના રથમાં બેસીને યશાયા પ્રબોધકનું પુસ્તક વાંચતો હતો પણ સમજી શક્તો ન હતો, ત્યારે ફિલિપ મારફતે "તેની દીનાવસ્થામાં તેનો ન્યાય ડૂબી ગયો" અને તેનો જીવન પૃથ્વી પરથી લઈ લેવામાં આવ્યો, એ આખી વાત આરંભથી ઈસુ વિશેની સુવાર્તા પ્રગટ કરી અને દેવના રાજયનો મર્મ તેને અથથી તે ઈતિ સુધી કહી સંભળાવ્યું અને હબસી ખોજો આ સાંભળી ઈસુ પર વિશ્વાસ કરી બાપ્તિસ્મા પામ્યો અને કાઈસારીઆ પહોંચતા સુધી માર્ગમાનાં બધાં શહેરોમાં સુવાર્તા પ્રગટ કરી દેવના રાજયનો ભાગીદાર બન્યો. દેવનું રાજય બી સમાન છે. દેવનું રાજય ખમીર જેવું છે. દેવનું રાજય બાળકના જેવું છે. "છેલ્લે ઈસુએ કહ્યું, કેમ કે હું તમને કહું છું કે શાસ્ત્રીઓના તથા ફરોશીઓના ન્યાયીપણા કરતાં જો તમારું ન્યાયીપણું વધારે ન હોય તો આકાશના રાજયમાં તમે નહિ જ પેસશો. માત્થી ૫:૨૦ પ્રભુપિતા આ બનાવો દ્વારા તેના રાજયમાં ભાગીદાર બનવા કૃપા આપો.

# ઈ.સ. ૨૦૦૧ થી ૨૦૪૦ સુધીનાં વર્ષોમાં આવતી ઈસ્ટરની તારીખો

મેળવનારઃ સ્વ.રેવ.ડૉ. જયાનંદ આઈ. ચૌહાન (સૌજન્ય)

શિકાગો - યુ.એસ.એ.માં વસતા રેવ. જે.બી. સીંગ સાહેબ પર પત્ર લખીને તેઓશ્રીની અમૂલ્ય મદદ દ્વારા આ તારીખો મેળવવામાં આવી છે.

| **વર્ષ** | **ઈસ્ટરની તારીખ** | **વર્ષ** | **ઈસ્ટરની તારીખ** |
|---|---|---|---|
| ૨૦૦૧ | ૧૫/૪ | ૦૧૪ | ૨૦/૪ |
| ૨૦૦૨ | ૩૧/૩ | ૨૦૧૫ | ૫/૪ |
| ૨૦૦૩ | ૨૦/૪ | ૨૦૧૬ | ૨૭/૩ |
| ૨૦૦૪ | ૧૧/૪ | ૨૦૧૭ | ૧૬/૪ |
| ૨૦૦૫ | ૨૭/૩ | ૨૦૧૮ | ૧/૪ |
| ૨૦૦૬ | ૧૬/૪ | ૨૦૧૯ | ૨૧/૪ |
| ૨૦૦૭ | ૮/૪ | ૨૦૨૦ | ૧૨/૪ |
| ૨૦૦૮ | ૨૩/૩ | ૨૦૨૧ | ૪/૪ |
| ૨૦૦૯ | ૧૨/૪ | ૨૦૨૨ | ૧૭/૪ |
| ૨૦૧૦ | ૪/૪ | ૨૦૨૩ | ૯/૪ |
| ૨૦૧૧ | ૨૪/૪ | ૨૦૨૪ | ૩૧/૩ |
| ૨૦૧૨ | ૮/૪ | ૨૦૨૫ | ૨૦/૪ |
| ૨૦૧૩ | ૩૧/૩ | ૨૦૨૬ | ૫/૪ |

| વર્ષ | ઈસ્ટરની તારીખ |
|---|---|
| ૨૦૨૭ | ૨૮/૩ |
| ૨૦૨૮ | ૧૬/૪ |
| ૨૦૨૯ | ૧/૪ |
| ૨૦૩૦ | ૨૧/૪ |
| ૨૦૩૧ | ૧૩/૪ |
| ૨૦૩૨ | ૨૮/૩ |
| ૨૦૩૩ | ૧૭/૪ |
| ૨૦૩૪ | ૯/૪ |
| ૨૦૩૫ | ૨૫/૩ |
| ૨૦૩૬ | ૧૩/૪ |
| ૨૦૩૭ | ૫/૪ |
| ૨૦૩૮ | ૨૫/૪ |
| ૨૦૩૯ | ૧૦/૪ |
| ૨૦૪૦ | ૧/૪ |

# સાહિત્ય સદનની ગરીમા

'જ્ઞાન મેળવ, બુદ્ધિસંપાદન કર, તેનું સન્માન કર, એમ કરવાથી તે તારું રક્ષણ કરશે. લખેલું છે કે જે માણસ જ્ઞાન મેળવે છે અને બુદ્ધિસંપાદન કરે છે. તેને ધન્ય છે. નીતિ. ૩ઃ૧૩. વળી આપણા તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્તે પણ સભાસ્થાનમાં જઈને યશાયાના પુસ્તકમાંથી નીચે પ્રમાણેનો લેખ વાંચ્યો કે પ્રભુનો આત્મા મારા પર છે. કેમ કે દરિદ્રીઓ આગળ સુવાર્તા પ્રગટ કરવા સારું તેણે મારો અભિષેક કર્યો છે. બંદીવાનોને છૂટકો તથા આંધળાઓને દૃષ્ટિ પામવાનું જાહેર કરવા, ઘાયલ થયેલાઓને છોડાવવા તેણે મને મોકલ્યો છે.'

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી સાહિત્ય સેવા સદનની ૧૫૦મી જયંતી જ્યુબીલીનું પર્વ ઊજવે છે ત્યારે સાહિત્યનો મહિમા અને તેની અસરકારતા અનેક ગણી વધી જાય છે. શરૂઆતમાં નાના દેખાતા કામને કોણે તુચ્છકાર્યું. આજે આ સાહિત્ય સંસ્થા મોટા વટવૃક્ષ સમાન ગુજરાતભરમાં અને પરદેશમાં પણ તેની સેવાની મૂલ્યવાન ખ્યાતિ પામી રહ્યું છે. આજથી ૧૫૦ વર્ષ પહેલાં આયર્લેન્ડના મિશનેરી પ્રભુના સેવક રેવ.ડૉ. જેમ્સ ગ્લાસ્ગો સાહેબની દીર્ઘ દૃષ્ટિ સાથે પરસેવો, આંસુ અને લોહીની સાથે અજોડ સાહિત્ય સદનના સેવાનું નાનું 'બીજ' રોપવામાં આવ્યું. બીજા અનેક પ્રભુના સેવકોએ તેમાં પાણીનું સિંચન કર્યું અને આજે ટ્રાક્ટ સોસાયટી ફૂલફળ સાથે ખીલી ઊઠી છે ત્યારે આજની પેઢીના ખ્રિસ્તી સમાજને કદાચ કલ્પના નહિ હોય પણ પ્રભુના સેવકને તો ચોક્કસ ખાતરી અને વિશ્વાસ હશે કે આ નાનું 'બી' એક દિવસ મોટા વટવૃક્ષ સમાન તેની આગવી પ્રતિભા હાંસલ કરી સાહિત્ય ક્ષેત્રે દેશ અને પરદેશમાં કીર્તિ ગજાવશે. ભૂતકાળનું સ્વપ્ન આજે આપણે પુરવાર થયેલું જોઈએ છીએ. એક નાની ટ્રાક્ટમાંથી ૧૭૦ જેટલાં પ્રકાશનો અને ત્રણ ત્રણ મેગેઝિનો જેવા કે ખ્રિસ્તીબંધુ, ઉપલીમેડી અને બાલવાડી અને તેની દસ દસ હજાર પ્રતો દર મહિને આપણે લોકો સુધી પહોંચાડી શકીએ છીએ. એ નાનીસૂની વાત નથી. બાઈબલ કૉમેન્ટરી અને ખ્રિસ્તી જીવનને લગતા બધા પાસામાં આગળ વધવા જરૂરી સાહિત્ય

આ બધામાં મહરુમ રેવ.ડૉ. જેમ્સ ગ્લાસ્ગો સાહેબનો ફાળો અતિ મહત્ત્વનો અને અવિસ્મરણીય છે. તેની સાથે ૧૫૦ વર્ષના સમયગાળામાં બીજા અનેક પ્રભુના સેવકોનો આ સાહિત્ય સંસ્થામાં જે યોગદાન તે બધાને યાદ કરતાં તેમની સેવાની કદર કરતાં આપણાં સર્વના હૃદયો આજે આનંદવિભોરની લાગણી અનુભવી રહ્યાં છે.

જગત આજે ટેકનોલોજીની દૃષ્ટિએ કૉમ્પ્યુટર યુગમાં માનવી ક્યાંથી ક્યાં પહોંચી ગયો છે તેની કલ્પના કરવી મુશ્કેલી છે. હજારો માઈલ દૂર એક જ સેકન્ડમાં વાત કરી શકાય છે. રૂબરૂ મળી શકાય છે. રેડિયો, ટી.વી., કૉમ્પ્યુટર સી.ડી., એમ.પી.૩ જેવા અતિ આધુનિક માધ્યમોએ માણસને ગાંડો બનાવી દીધો છે. વિશાળ જગતને માનવી બુદ્ધિની પરાકાષ્ઠાનું અવલોકન સ્વપ્ન જેવું લાગે છે. આ બધું ખૂબ જ પ્રશંસનીય છે તેમ છતાં તેનો ઉપયોગ ઘણી વખત ખૂબ ખર્ચાળ લાગે છે. અમુક જ ટકા માનવીઓ તેનો ઉપભોગ અને ઉપયોગ કરી આનંદ માણી તેનો લાભ લઈ શકે છે. જ્યારે સાહિત્ય અને ટ્રાક્ટનો એક નાનો ટુકડો માનવી સહેલાઈથી તેનો ઉપયોગ કરી તેના જીવનને ધન્ય બનાવી શકે છે. જ્યારે ટેકનોલોજીની દૃષ્ટિએ જે માધ્યમો આપણી આસપાસ છે. તેનો ઉપયોગ સામાન્ય માનવી તો ના જ કરી શકે. દા.ત. ઈન્ટરનેટ પર આપણા સમાચારો આપી શકાય, ઝીલી શકાય, વાંચી શકાય, અરે હાં સીડીમાં આખેઆખું બાઇબલ ભલે રેકોર્ડ કરી શકાય પણ તેને નરી આંખે વાંચવું હોય તો શું? એટલે આ એકવીસમી સદીમાં વિજ્ઞાને ભલે કલ્પી ન શકાય તેવી પ્રગતિ કરી હોય. પણ સાહિત્ય છાપકામનું મુદ્રણ કામ અને તેનો ઉપયોગ અને તેની અસરકારતા અને ગરીમા કોઈ રીતે ઓછાં આંકી શકાય તેમ નથી. આ સાહિત્ય સામાન્યમાં સામાન્ય માનવી તેને પોતાનાં જેબમાં અથવા બેગમાં લઈ હરીફરી શકે છે. જ્યારે ઈચ્છે ત્યારે પોતાને તેનો પૂરતો લાભ અને આનંદ સાથે આશીર્વાદ પ્રાપ્ત કરી શકે છે. ટ્રા.સો.ની ૧૫૦માં જ્યુબીલી ટાણે સાહિત્યની સેવાને કોટી કોટી વંદન!

✪✪✪

# સ્વતંત્રતા

દેશના આગેવાનો સ્વતંત્ર ભારતના મોટા મોટાં બણગા ફૂંકતા ભાષણો કરશે. પણ સ્વતંત્રતાના નામે જ્યાં જુઓ ત્યાં અસાલમતી, ભય, ભ્રષ્ટાચાર, અત્યાચાર, રોજબરોજ સ્ત્રી અને બાળકોના વધતા જતા છેડતી અને બળાત્કારના પ્રશ્નો, સરકારી ક્ષેત્રે અધિકારીઓના સત્તાનો દુરઉપયોગ, ખાનગી ક્ષેત્રે બોસની વધુ પડતી જોહુકમી, મૂડીવાદીઓની માફીયા ટોળકી દ્વારા બીનસલામતી, હેરાનગતિ, ચારક-શેઠનો ગુલામ, આ બધુ જોતાં સ્વતંત્રતા એક માત્ર બોદી ઔપચારિકતા બની ગઈ છે. ત્યારે આ બધામાં પ્રશ્ન થાય સ્વતંત્રતા ક્યાં? ત્યારે જવાબ છે એકમાત્ર આશા 'ઈસુખ્રિસ્ત'. ૧ લો કોરંથી ૩:૧૬ પ્રમાણે પણ જ્યારે તે લોક પ્રભુની ભણી ફરશો ત્યારે તે મુખપટ દૂર કરવામાં આવશે. અને લખવામાં આવ્યું છે કે અને તમે સત્યને જાણશો અને સત્ય(ઈસુ) તમને સ્વતંત્ર કરશે. યોહાન ૮:૩૨ વળી આપણે જાણીએ છીએ કે અત્યાર સુધી આખી સૃષ્ટિ તમામ નિસાસા નાખીએ પ્રસૂતિની વેદનાથી વળી તે એકલી નહિ પણ આપણે પોતે જેઓને આત્માનું પ્રથમફળ મળ્યું છે, તે જોઈને પણ દત્તકપુત્રપણાની એટલે આપણા શરીરની ઉધ્ધારની વાટ જોતાં આપણે પોતાના મનમાં સ્વતંત્રતા માટે નિસાસા નાખીએ છીએ. પણ લખવામાં આવ્યું છે કે દીકરો તમને સ્વતંત્ર કરશે તો તમે સ્વતંત્ર થશો.

કેમ કે જે દાસને પ્રભુએ તેડ્યો તે પ્રભુનો સ્વતંત્ર છે અને એમ જ જે સ્વતંત્રને તેડવામાં આવ્યો તે ખ્રિસ્તનો દાસ છે. તમને મૂલ્ય આપીને ખરીદવામાં આવ્યા હતા માટે માણસોના દાસ ન થાઓ. આપણા ભારત દેશની સ્વતંત્રતા માટે ઘણા સૈનિકોએ પોતાના જાનની કુરબાની આપી છે. એ સાચું છે પણ એથી વિશેષ માણસ પાપની ગુલામીમાંથી સંપૂર્ણ સ્વતંત્ર બને એ માટે આપણા પ્રભુઈસુ ખ્રિસ્તે આજથી બે હજાર વર્ષ પૂર્વે કાલવારીના વધસ્તંભ ઉપર અતિ મૂલ્યવાન બલિદાન આપીને આખા જગત -વિશ્વની સ્વતંત્રતા માટે મુક્ત કર્યાં છે માટે પ્રેરિત પાઉલ પણ કહે છે શું હું સ્વતંત્ર નથી? ૧લો કોરંથી ૧:૯ તો હવે આપણ સર્વને ઈસુખ્રિસ્તના લોહીથી ન્યાયીપણાથી

સ્વતંત્ર કરવામાં આવ્યા છે તો પાપની ગુલામીમાંથી સ્વતંત્ર થઈ દેવના દાસ થઈને રહેવાથી તમને એ ફળ મળે છે કે તમે પવિત્ર અને સ્વતંત્ર થયા છો એ વાત કેટલી ખાતરીદાયક છે. પ્રભુ આ વાતો સમજવા કૃપા આપે, એ જ પ્રાર્થના!

✪✪✪

# સ્ત્રી અજોડ પાત્ર

"જે માણસને સ્ત્રી મળી તેને સારી ચીજ મળી જાણવી." તે અજોડ અને ઘણાં રત્નો કરતાં પણ અતિ મૂલ્યવાન ચીજ છે. નીતિ. ૩૧:૧૦. એટલું જ નહિ પણ તે પુરુષની પૂરક છે, સમોવડી છે. ઉત્પત્તિ ૨:૨૩ મુજબ અને તે માણસે કહ્યું, આ મારા હાડકામાંનું હાડકું અને મારા માંસમાંનું માંસ છે. તે નારી કહેવાશે. કેમ કે તે નરમાંથી લીધેલી છે. જ્યારે યહોવા દેવે આદમને એદનવાડીમાં ભર ઊંઘમાં નાંખ્યો અને તેની પાંસળીમાંથી એક લઈ તેની સ્ત્રી બનાવી. આદમને ઉત્તમ ચીજ સ્ત્રીના રૂપમાં આપી અને તે તેની સહાયકારી થઈ. ત્યારે તે પુરુષ માટે અજોડ ચીજ બની ગઈ. ઈશ્વરે સદગુણીથી પોતાના ભરથારને મુગટરૂપ છે. નીતિ ૧૨:૪ દરેક ડાહી સ્ત્રી પોતાના ઘરની આબાદી વધારે છે. ઈશ્વરે સ્ત્રીને મનની સુંદરતા પણ આપી છે. તેનું મન પ્રેમ અને દયાથી ભરપૂર હોય છે. તે અતિ પ્રેમાળ હોય છે. તે તેના પતિ અને બાળકો પ્રત્યે ખૂબ જ પ્રેમથી વર્તે છે. તે નિખાલસ પણ હોય છે. તે તેના પતિના કાર્યમાં સહકાર રાખે છે અને તેને સંપતિની ખોટ પડતી નથી. તેના આવરદાના સર્વ દિવસો પર્યંત તે તેનું ભલું જ કરે છે. ભૂંડું કદી નહિ.

નીતિ ૩૧:૧૨ તેનું મન નિર્મળ હોય છે. કુટુંબના સર્વાંગી વિકાસમાં તે મન લગાડીને મહેનત અને પરિશ્રમ કરે છે. વળી હજી તો રાત હોય છે એટલામાં તો તે ઊઠે છે અને પોતાનાં ઘરનાંને ખાવાનું આપે છે. આ તેના મનની સુંદરતા છે. સાથે તેને આત્માની સુંદરતા અને અનુકંપા પણ ઈશ્વરે આપી છે. તે ભક્તિભાવમાં પણ એટલી જ સુંદર હોય છે.

બાઈબલમાં વર્ણવેલી સ્ત્રીઓ જુઓ મરિયમે ઈસુના મરણ અગાઉ ત્રણસો દિનારનું અતિ મૂલ્યવાન અત્તર ઈસુના શરીરે ચોળ્યું સાથે બીજી અનેક સ્ત્રીઓ જેવી કે અબીગાઈલ, એસ્તર, હાન્ના, લોઈસ, રૂથ, સારાહ, આ બધી સ્ત્રીઓ ભક્તિભાવમાં સુંદર હતી. તેથી તેઓનાં નામો જીવનના પુસ્તકમાં છે. સ્ત્રીનું હૃદય

દયાથી ભરપુર હોય છે. તે પોતાનાં બાળકો પ્રત્યે, કુટુંબ પ્રત્યે, ઈશ્વર પ્રત્યે તેનાથી બની શકે તેટલો ભોગ આપી ભલું કરવા હંમેશા પ્રયત્નશીલ હોય છે. મેથોડિસ્ટ મંડળીના સ્થાપક જોન વેસ્લીના માતા સુસાન્ના વેસ્લી અઢાર બાળકોનાં માતા હોવા છતાં ભક્તિભાવ અને પ્રાર્થના પરાયણતામાં આત્માની સુંદરતાને લીધે મેથોડિસ્ટ મંડળીના સ્થાપક જોન વેસ્લી એ ભજન સંગ્રહમાં ખ્રિસ્તી આસ્તિક ગીતોના રચનાર ચાર્લ્સ વેસ્લી જેવા અજાયબ પ્રભુના સેવકો આપ્યા.. આ છે સ્ત્રીના અજોડ ગુણો. શરૂઆતની મંડળીના બાંધકામમાં સ્ત્રીએ અગત્યનો ફાળો આપ્યો છે. પ્રભુની સેવિકા યુનેકા અને લોઈસ જેવી સ્ત્રીએ તિમોથીને પ્રભુના માર્ગનું શિક્ષણ આપ્યું, જે મંડળીના બાંધકામમાં ઉપયોગી પુરવાર થયો. પ્રભુ એવું કરે આજની મંડળીઓમાં પણ પ્રભુ આવી સ્ત્રીઓ ઊભી કરે અને તેના રાજ્યના બાંધકામ માટે તેઓનો ભરપૂર ઉપયોગ કરે.

✪✪✪

# ત્રણ સમરૂની પાત્રો

- **દયા દર્શાવનાર સમરૂનીઃ** દયાળુઓને ધન્ય છે, કેમ કે તેઓ દયા પામશે. માત્થી ૫ઃ૭. યરૂશાલેમથી યેરેખો જતા એક વ્યક્તિ લૂંટારાઓના હાથમાં પડે છે. તેઓ તેના લૂગડાં ઉતારી તથા મારીને અધમૂઓ મૂકીને ચાલ્યા જાય છે. ત્યાર પછી એ જ માર્ગે એક યાજક ત્યાંથી પસાર થાય છે. તે તેને જોઈને બીજી બાજુથી ચાલ્યો ગયો. એમ જ એક લેવી પણ તે ઠેકાણે આવી તેને જોઈને બીજી બાજુ ચાલ્યો ગયો, 'પણ એક સમરૂની' માર્ગે ચાલતાં ચાલતાં જ્યાં તે પડ્યો હતો ત્યાં આવે છે અને તેને જોઈને તેના પર કરુણા આવી. તે તેની પાસે જઈને તેના ઘા પર કરુણા આવી. તે તેની પાસે જઈને તેના ઘા પર તેલ તથા દ્રાક્ષારસ રેડી પાટા બાંધી, પોતાના જાનવર બેસાડી ઉતારામાં લઈ જઈ તેની પ્રેમથી માવજત કરી, પોતાનાં નાણાં, સમયનો ભોગ આપી આ અજાણ્યા માણસને ઈસુના વચન પ્રમાણે મદદ કરે છે. દયા દર્શાવે છે. ત્યાર પછી 'ઈસુ' આ શાણા પંડિતને પ્રશ્ન પૂછે છે ત્રણમાંથી ખરો પડોશી કોણ? તેણે તેને જવાબ આપી કહ્યું, જેણે તેના પર દયા કરી તે ઈસુએ તેને કહ્યું, તું પણ જઈને એ પ્રમાણે કર - આજની મંડળીઓમાં આવા દયા દર્શાવનાર માણસો ક્યાં છે? ઊલટાનું ઘા ઉપર મીઠું ભભરાવનાર મળશે પણ ઘા પર પાટા બાંધનાર ભલા સમરૂની જેવા દયાળુ માણસોની મંડળીમાં જરૂર છે.

- **આભાર વ્યક્ત કરનાર સમરૂનીઃ** 'જેઓ નમ્ર છે તેઓને ધન્ય છે કેમ કે તેઓ પૃથ્વીનું વતન પામશે' માત્થી ૫ઃ૫. ઈસુ યરૂશાલેમથી જતાં તેઓ સમરૂન તથા ગાલીલમાં એક ગામમાં જાય છે. એટલે દશ રક્તપિત્તિયા તેમને સામા મળે છે. તેઓએ વેગળા ઊભા રહીને મોટે ઘાંટે બૂમ પાડીને કહ્યું કે 'ઓ સ્વામી અમારા ઉપર દયા કર.' તેઓની સ્થિતિ જોઈને તેણે કહ્યું, તમારા શરીર યાજકોને દેખાડો કેમ કે તેઓને રસ્તે ચાલતાં ચાલતાં શુદ્ધ કરવામાં આવ્યાં હતાં. ત્યાર પછી, તેઓમાંનો એક પોતે સાજો થયો છે. એ જોઈને મોટે મોટે દેવની સ્તુતિ કરતો પાછો ફરે છે અને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી નમ્રતાથી આભાર માને છે, કેમ કે તે 'સમરૂની' હતો. ઈસુએ તેને પૂછ્યું,

બીજા નવ ક્યાં છે? કે દેવને પ્રગટ કરવા પાછો ફરે એવો એક પરદેશી વિના બીજો કોઈ મળ્યો નહિ. આપણે સર્વ આ પૃથ્વી ઉપર પરદેશી અને પ્રવાસી છીએ. ઈશ્વરે આપણા જીવનમાં કેટકેટલા ઉપકારો કર્યા છતાં આપણે આભાર વ્યક્ત કરવાનું શીખ્યાં છીએ?"

- **સુવાર્તા પ્રગટ કરનાર સમરૂની સ્ત્રીઃ** પાઉલ પ્રેરિત કહે છે, જો હું સુવાર્તા પ્રગટ ન કરું તો મને અફસોસ - યોહાન ૪માં સમરૂની સ્ત્રી વિશે ખૂબ જાણીએ છીએ. ઈસુ કૂવા કાંઠે તેની વાત કરે છે અને જીવન બદલાઈ જાય છે અને તેની ગાગર મૂકીને આખા સમરૂન શહેરમાં જઈને ઈસુ વિશે વાત પ્રગટ કરે છે. 'આવીને જુઓ' અને લોકોનું ટોળું કૂવા કાંઠે ધસી આવે છે. આમાં ઘણાં સમરૂનીઓએ તે સમયે તેના ઉપર વિશ્વાસ કર્યો. - એક સમરૂની સ્ત્રી દ્વારા અજાયબ સુવાર્તાનું કામ જોવા મળે છે. પ્રભુ ઈસુ આ જગતમાં પાપીઓને તારવા માટે આવ્યા. એ વાત લોકોને પ્રગટ કરવી દરેક વિશ્વાસીની ફરજ છે.

✪✪✪

# પુસ્તક લેખક છોટુભાઈ પરમારના જીવનનાં અગત્યના બનાવો

૨૮/૧૧/૧૯૫૫ - જન્મ મહુધા, તા.નડિયાદ, જિ.ખેડા.

૨૫/૧૨/૧૯૫[illegible] - બાપ્તિસ્મા મેથોડિસ્ટ ચર્ચ, મહુધા.

૧/૬/૧૯૬૨ - મિશન સ્કૂલમાં દાખલ.

૧/૧/૧૯૭૦ - પૂર્ણ સભાસદ મેથોડિસ્ટ ચર્ચ, મહુધા.

૧/૬/૧૯૭૦ - એમ.કે.એમ. હાઈસ્કૂલમાં મહુધા.

૨૮/૧૦/૧૯૭૬ - એસ.એસ.સી. પાસ કુટુંબમાં પ્રથમ વ્યક્તિ.

૫/૧૧/૧૯૭૬ - તારણની ખાતરી.

૧/૧/૧૯૭૭ - કારભારી મેથો. ચર્ચ, મહુધા.

૧/૧/૧૯૭૯ - ખજાનચી મેથો. ચર્ચ, મહુધા.

[illegible]/૮/૧૯૮૦ - ડિસ્ટ્રીબ્યુટર પ્રમોટર તરીકે ઈન્ટરવ્યું ટ્રા. સોસાયટી

૭/[illegible]/૧૯૮૦ - ડિસ્ટ્રીબ્યુટર પ્રમોટર તરીકે નિમણૂંક ટ્રા.. એન્ડ બુક સોસા.

૧૯[illegible]૧થી ૧૯૮૪ - પ્રગતિ મંડળ મહુધા, ખજાનચી - મહુધા.

૧૯૮૧ થી ૧૯૮૪ - ઈવેન્જલિકલ યુનિયનના ખજાનચી, મહુધા.

૧૯૮[illegible] થી ૧૯૮૬ - ઈ.જી.એફ. પ્રમુખ, મહુધા.

૧૯૮૬ થી ૧૯૮૬ - ફેલોશીપ ક્રેડીટ સોસાયટી, ખજાનચી.

૨૮/૫/૧૯૮૪ - મિલ્કાહ સાથે લગ્ન - (સારી સલાહકાર) કેરીપુર સી.એન.આઈ.

૫/૮/૧૯૮૪ - પત્નીને પી.ટી.સી.માં એડમીશન મળ્યું ગોધરામાં.

૨૬/૬/૧૯૮૫ - ઈલેક્ટ્રિક શોકથી બચાવ.

| | | |
|---|---|---|
| ૧/૪/૧૯૮૬ | - | પ્રથમ આર્ટિકલ પ્રસિદ્ધ - અર્પણ. |
| ૬/૧૨/૧૯૮૬ | - | દીકરા અર્પણનું કૃપાદાન. |
| ૧/૯/૧૯૮૭ | - | મહુધાથી નડીયાદ સ્થાયી. |
| ૩૧/૮/૧૯૮૮ | - | બીજા દીકરા આશિષનું કૃપાદાન |
| ૬/૧૨/૧૯૮૮ | - | સ્કૂટર અકસ્માત, નડીયાદ. |
| ૯/૧૦/૧૯૮૯ | - | પત્નીને શિક્ષિકા તરીકે નોકરી મળી. |
| ૨/૧૦/૧૯૯૧ | - | મકાન પ્રાપ્તિ ઉદ્દ્ઘાટન. |
| ૨૫/૪/૧૯૯૨ | - | મકાન પ્રાપ્તિ ઉદ્દ્ઘાટન |
| ૨૮/૫/૧૯૯૪ | - | લગ્ન જીવનની દશાબ્દી |
| ૨૮/૫/૧૯૯૬ | - | મકાનના બીજા માળનું ઉદ્દ્ઘાટન |
| ૨૮/૫/૧૯૯૬ | - | લગ્ન જીવનની બાર વર્ષની આભારસ્તુતિ. |
| ૧૬/૩/૧૯૯૭ | - | "પરિશ્રમની કેડીએ" પુસ્તકનો વિમોચન વિધિ. |
| ૧૮/૭/૨૦૦૦ | - | સતત છઠ્ઠીવાર વધુ ગ્રાહકો બદલ ત્રણેય શિલ્ડ એનાયત. |
| ૭/૮/૨૦૦૦ | - | ટ્રા.સો.માં ૨૦ વર્ષની સેવા અર્થે આભારસ્તુતિ અને પરિશ્રમની કેડીએ ભાગ-૨નું વિમોચન |
| ૧૭/૪/૨૦૦૨ થી ૩/૫/૨૦૦૨ સુધી | - | નૈરોબી, પાસ્ટર્સ અને લીડર કોન્ફ.માં ભાગ લેવાની તક મળી. |
| ૧૯/૬/૨૦૦૨ | - | પ્રથમ વખત ઈઝરાયેલ જવાની તક મળી |
| ૨૦/૩/૨૦૦૪ | - | બીજી વખત ઈશ્વરપિતા ઈઝરાયેલ લઈ ગયા. |
| ૧૮/૭/૨૦૦૫ | - | સતત અગિયારમી વખત ખ્રિસ્તીબંધુ ઉપરાંત વાડી, બાલવાડી, સૌથી વધુ ગ્રાહક કરવા બદલ ત્રણેય શિલ્ડ એનાયત કરવામાં આવ્યા છે. |
| ૭/૮/૨૦૦૫ | - | ગુ.ટ્રા. એન્ડ બુક સોસાયટીમાં ડીસ્ટ્રીબ્યુશન પ્રમોટર તરીકે ૨૫ વર્ષની આશીર્વાદિત સેવા નિમિત્તે આ. સ્તુતિ મીટીંગ અને પરિશ્રમની કેડીએ ભાગ-૩નું વિમોચન વિધિ. |

5BGP2